પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૭-૦૪-૨૦૨૫- ગુરુવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૧૧૧ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11

# રાજસ્થાન, મધ્યપ્રદેશ તેલંગાણામાં ભીષણ ગરમી

## જેસલમેરમાં રેકોર્ડ બ્રેક ૪૬, રતલામમાં ૪૨.૬ ડીગ્રી તાપમાન :તેલંગાણા સરકારે ગરમીની લુને આપતી જાહેર કરી

**નવી દિલ્હી, તા. ૧૭**

રાજસ્થાનમાં ભીષણ ગરમી અને લુ ફુંકાવાનું ચાલુ છે. હવામાન વિભાગે આજે ગુરુવારે જયપુર અને જોધપુર સહિત ૧૭ જિલ્લાઓમાં હીટવેવની ચેતવણી આપી છે. આમાંથી ૪ જિલ્લાઓ માટે રેડ એલર્ટ છે. બુધવારે, જેસલમેરમાં દિવસનું મહત્તમ તાપમાન ૪૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું, જે છેલ્લા ૬ વર્ષમાં એપ્રિલમાં સૌથી વધુ તાપમાન હતું.

મધ્યપ્રદેશમાં પણ વરસાદ બાદ ગરમીની અસર વધી છે. બુધવારે રાજ્યના ૯ શહેરોમાં દિવસનું તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું હતું. રતલામ સૌથી ગરમ હતું. જ્યાં તાપમાન ૪૨.૬ ડિગ્રી નોંધાયું હતું. આજે ભોપાલ, ઈન્દોર, ઉજ્જૈન, ગ્વાલિયર અને જબલપુરમાં પણ તાપમાન વધી શકે છે.બીજી તરફ, તેલંગાણાના ૨૮ જિલ્લાઓમાં ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી લુ ફુંકાવાની શક્યતા છે. આને ધ્યાનમાં રાખીને, સરકારે લુને આપત્તિ જાહેર કરી છે. ગરમીના કારણે મૃત્યુ પામેલા લોકોના પરિવારને સરકારે ૪ લાખ રૂપિયાની સહાયની જાહેરાત કરવામાં આવી છે. તેલંગાણા કદાચ આવું કરનાર દેશનું પ્રથમ રાજ્ય હશે.ગરમી વચ્ચે હવામાન વિભાગે યુપી અને બિહાર સહિત દેશના ૨૪ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદની આગાહી કરી છે. ઝારખંડ, પશ્ચિમ બંગાળ, આસામ અને બિહારમાં ભારે વરસાદની શક્યતા છે. તેમજ, છત્તીસગઢમાં કરા પડવાની અને બિહાર અને પશ્ચિમ બંગાળના કેટલાક વિસ્તારોમાં વીજળી પડવાની ચેતવણી આપવામાં આવી છે.બુધવારે સાંજે જમ્મુમાં અચાનક હવામાન પલટાયું હતું. ભારે પવન અને વરસાદને કારણે સિવિલ સચિવાલયની બાઉન્ડ્રી વોલનો એક ભાગ પડી ગયો હતો. દિવાલ પડતા ઘણા વાહનો ઝપેટમાં આવી ગયા હતા. જો કે, કોઈને ઈજા થઈ ન હતી.

અનુસંધાન પાના ૭ પર



# ગંગા નદીનું ઉદ્‌ગમ સ્થાન ગોમુખ લુપ્ત થવાના આરે હોવાનો દાવો

### વૈજ્ઞાનિકોએ કહ્યું- પુરાણો મુજબ ગંગા સ્વર્ગમાં પાછી ફરશે

નવી દિલ્હી, તા. ૧૭

માતા ગંગા વિશે અત્યાર સુધીમાં ઘણી આગાહીઓ જાહેર થઈ છે. ઘણામાં આધ્યાત્મિકતા અને વિજ્ઞાનને જોડીને એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, માતા ગંગાના પૃથ્વી પરથી પાછા ફરવાનો સમય નજીક આવી ગયો છે.

વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે, ગોમુખ ગ્લેશિયર, જેમાંથી માતા ગંગાનો અવિરત પ્રવાહ વહે છે, તે લુપ્ત થવાના આરે છે. જો આપણે પુરાણોમાં લખેલી વાત પર ધ્યાન આપીએ તો આ સમય ગંગાના સ્વર્ગમાં પાછા ફરવાનો છે.

જો ભવિષ્યવાણી પર વિશ્વાસ કરવામાં આવે તો આ ઘટનાને પૃથ્વી પરથી ગંગાના અદ્રશ્ય થવાનો સૂચક માનવામાં આવી રહ્યો છે. આ વાતનું વર્ણન શ્રીમદ્ દેવીભાગવત પુરાણમાં કરવામાં આવ્યું છે. આમાં ભગવાન વિષ્ણુએ નારદજીને કહ્યું છે કે, ગંગા ક્યારે સ્વર્ગમાં પાછી ફરશે.ભગવાન વિષ્ણુએ નારદજીને કહ્યું છે કે, કળયુગના જ્યારે ૫૦૦૦ વર્ષ પસાર થશે અને પૃથ્વી પર પાપ વધશે અને ધર્મનો નાશ થવા લાગશે. શ્રદ્ધા અને ભક્તિને બદલે માણસના મન હૃદય પર લોભ અને વાસના કબજો કરશે.અહીં ભક્તિના નામે ફક્ત દંભ જ ચાલશે. પછી માતા ગંગા પણ પૃથ્વીવાસીઓ પર ક્રોધિત થઈને સ્વર્ગમાં પરત ફરશે. પછી માણસ ગંગામાં પોતાના પાપ ધોવાને લાયક હોવા છતાં પણ બચી શકશે નહી.આ પહેલા સરસ્વતી અને પદ્મ નદીઓ પણ કળિયુગના વધતા પ્રભાવને કારણે પૃથ્વી છોડી ગઈ હતી. તે ગાયબ થઈ ગઈ છે અને સ્વર્ગમાં પાછી ફરી છે.

# કોંગોમાં આગ લાગતા હોડી ડૂબી જતા ૫૦ લોકોનાં મોત

### નૌકા દુર્ઘટનામાં સેંકડો લોકો કોંગો નદીમાં ગુમ

મ્બાંદકા, તા. ૧૭

કોંગોમાં નાવમાં આગ લાગતા અને પલટી જતા સર્જાયેલી કરૂણાંતિકામાં ૫૦ લોકોના મોત નિપજયા હતા. જયારે સેંકડો લોકો લાપતા બન્યા છે. આ અંગેની વિગત મુજબ કોંગોમાં એક નાવ અકસ્માત મ્બાંદાકા શહેર પાસે કોંગો નદીમાં થયો હતો.

નાવમાં લગભગ ૪૦૦ જેટલા યાત્રીઓ સવાર હતા, જે મટાંકુમુથી બોલોંબા ક્ષેત્ર તરફ જઈ રહ્યા હતા. સ્થાનિક અધિકારીઓના જણાવ્યા મુજબ અકસ્માત તે સમયે સર્જાયો હતો જયારે એક મહિલા નાવ પર ભોજન બનાવી રહી હતી.

આ દરમિયાન નાવમાં આગ લાગી હતી. અને પલટી ગઈ હતી. યાત્રીઓ ડૂબતી નાવથી બચવા નદીમાં કુદી ગયા હતા પરંતુ કેટલાક લોકો ડૂબી ગયા હતા કારણ કે તેઓને તરતા ન્હોતું આવડતું.

૧૦૦થી વધુ લોકોને બચાવી લેવાયા હતા. જેમાંથી અનેક લોકો દાઝી જવાથી ગંભીર ઘાયલ થયા હતા. રાહત કાર્ય ચાલુ છે, જેમાં રેડક્રોસ અને સ્થાનિક પ્રશાસનની ટીમ સામેલ છે.

# રાધનપુરમાં બસ અડફેટમાં ઓટો રિક્ષાનો કચ્ચરઘાણ : છ નાં મોત

### ભયાનક અકસ્માતમાં રિક્ષામાં સવાર મુસાફરોના દર્દનાક મોત

રાધણપુર, તા. ૧૭

સમી-રાધનપુર હાઈવે પર ગંભીર અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. એસટી બસ અને રીક્ષા વચ્ચે અકસ્માત થયો છે. જેમાં ૫થી વધુ લોકોના મોત થયાનું સામે આવ્યું છે.આ અંગે મળતી માહિતી મુજબ હિંમતનગરથી માતાના મઢ જતી બસે રીક્ષાને અડફેટે લીધી હતી. જેથી રિક્ષાનો કચ્ચરઘાણ થયો છે. જ્યારે રીક્ષામા સવાર ૬ થી પણ વધુ લોકોના મોત થયા છે. સમીના ગોચનાદ નજીક અકસ્માત સર્જાયો છે. આ અકસ્માતમાં રીક્ષામાં સવાર લોકો બસના આગળના ભાગમાં દબાઈ ગયા હતા. જ્યારે બસ રોડ નીચે ઉતરી ગઈ હતી.આજે રાધનપુર હાઈવે મોતની ચિચિયારીઓથી ગુંજી ઊઠ્યો હતો. એસટી અને રીક્ષા વચ્ચે ગંભીર અકસ્માત થયો હતો. એસટીની અડફેટે આવેલી રિક્ષાનો ભુક્કો બોલી ગયો હતો. તેમજ મૃતકોનાં શરીર એકબીજાને ચોંટી ગયાં હતા. રુવાંટાં ઊભાં કરી દેતાં દૃશ્યો જોવા મળ્યાં હતા. બીજી તરફ અકસ્માતને પગલે હાઈવે પર લોકોના ટોળેટોળા એકત્ર થયા છે. તેમજ રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોર પણ ઘટના સ્થળે પહોંચ્યા છે.

# ટેરીફની આવકથી અમેરિકનોએ ઈન્કમટેક્સ ભરવો પડશે નહીં

### ૧૯૩૧-૩૨માં ટેરીફ લાગુ કરવાનો પ્રયાસ કરાયો હતો : ટ્રમ્પ

નવી દિલ્હી, તા. ૧૭

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક ઈન્ટરવ્યુમાં દાવો કર્યો હતો કે, અમેરિકાને તેમની નવી ટેરિફ નીતિથી એટલી બધી આવક થશે કે પછી અમેરિકાના લોકોએ આવકવેરો ભિરવાની જરૂર જ નહી રહે.

ડોનાલ્ડ ટ્રમ્પે ૧૮૦૦ ના દાયકાના અંતના સમયનો હવાલો આપતા કહ્યું કે, તે સમયે અમેરિકા ફક્ત ટેરિફ દ્વારા પૈસા કમાતું હતું અને ત્યારે આપણો દેશ વિશ્વનો સૌથી ધનિક રાષ્ટ્ર હતો. જોકે હવે હાલના સમયમાં આ એક એવી તક છે કે, આપણે એટલા બધા પૈસા કમાઈ શકીએ છીએ કે તેના બાદ આવકવેરો ચૂકવવાની જરૂર જ નહી રહે. ઉલ્લેખનીય છે કે, આવકવેરામાં કોઈપણ ફેરફાર ફક્ત અમેરિકન કોંગ્રેસ દ્વારા જ કરી શકાય છે, કારણ કે તેને કર નીતિ બનાવવાનો અધિકાર છે. ટ્રમ્પે કહ્યું કે, અમે ટેરિફમાંથી એકત્ર થયેલા નાણાંનો ઉપયોગ ટિપ્સ અને સામાજિક સુરક્ષા પરના કરને નાબૂદ કરવા અને તેમના અન્ય ચૂંટણી વચનોને પૂર્ણ કરવા માટે કરી રહ્યા છે.

ટ્રમ્પે દાવો કર્યો કે, ૧૮૮૦ના દાયકામાં એક સમિતિ બનાવાઈ હતી જેનું કામ એ હતું કે, નક્કી કરે કે ટેરિફથી ભેગા કરેલા પૈસાનું શું કરીએ, કોને આપીએ. ૧૯૧૩માં

અનુસંધાન પાના ૭ પર

# ભાજપના રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી માટે દિલ્હીમાં ચૂંટણી પ્રક્રિયા યોજાશે

## જે.પી.નડ્ડા, અમિત શાહ , રાજનાથની મિટિંગ બાદ બી.એલ.સંતોષ, વડાપ્રધાન મોદીને મળ્યાં

**નવી દિલ્હી, તા. ૧૭**

લાંબા સમયથી વિલંબમાં પડેલા ભાજપના સંગઠનમાં હવે નવી નિયુક્તિની તૈયારીઓ તથા પક્ષના રાષ્ટ્રીય નેતાઓ વચ્ચે બેઠકોનો દૌર શરૂ થયા છે. મંગળવારે કેન્દ્રીય મંત્રી શ્રી અમિત શાહ તથા સંરક્ષણ મંત્રી શ્રી રાજનાથ સિંઘ રાત્રીના પક્ષના વર્તમાન રાષ્ટ્રીય પ્રમુખ શ્રી જે.પી.નડ્ડાને મળ્યા હતા.

તો બીજી તરફ સંગઠન મહામંત્રી શ્રી બી.એલ.સંતોષ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી મળવા પહોચ્યા હતા. ભાજપને ગુજરાત તથા ઉતરપ્રદેશ જેવા મોટા સહિત ૭ રાજયોના નવા પ્રદેશ પ્રમુખ પણ નિશ્ચિત કરવાના છે અને તેની જાહેરાત શનિવારે તા.૧૯ના થઈ શકે છે અને તા.૨૦થી રાષ્ટ્રીય પ્રમુખની ‘ચુંટણી’ની પ્રક્રિયા દિલ્હીમાં શરૂ થઈ શકે છે.આ ઉપરાંત ભાજપ એક વખત નવા રાષ્ટ્રીય પ્રમુખની પસંદગી થયા બાદ રાષ્ટ્રીય સંગઠનમાં પણ મોટા ફેરફાર નિશ્ચિત છે અને છેલ્લે એજન્ડા પક્ષની નિર્ણય લેનારી સર્વોચ્ચ સંસ્થા પાર્લીયામેન્ટ્રી બોર્ડમાં પણ હવે ફેરફાર થશે. ભાજપ રાષ્ટ્રીય પ્રમુખની પસંદગીમાં પ્રથમ વખત આ પ્રકારે વિલંબ કરી રહ્યા છે.એવુ જ ગુજરાત સહિતના રાજયોમાં નવા પ્રદેશ પ્રમુખની પસંદગીનું છે. રાષ્ટ્રીય પ્રમુખમાં ‘દક્ષિણ’નો ચહેરો એક વખત ચર્ચામાં હતો પણ તે કેટલો કારગર નિવડી શકે તે પણ પ્રશ્ન છે. પક્ષના વર્તમાન મહામંત્રીઓ હવે નવા પડકારને ઉપાડી શકે તેમ નથી તેથી તેમાં પણ નવા ચહેરા લવાશે. પક્ષને એ નિશ્ચિત જવાબ મળતો નથી કે ઉતર-દક્ષિણનો સંદેશો આપવો. જ્ઞાતિ-જાતિનો સંદેશો આપવો કે પછી લોકપ્રિય ચહેરો મુકવો તે ભાજપને આખરી કડી મળતી નથી.

ભાજપના ૧૫ રાજયમાં ચુંટણીઓ થઈ છે પણ ગુજરાત,

અનુસંધાન પાના ૭ પર

# આંતરાષ્ટ્રીય પ્રેસ એજન્સીઓને વ્હાઈટ હાઉસમાં પ્રવેશ મળશે નહીં

### અમેરિકાના પ્રમુખ ટ્રમ્પને પસંદગીના પ્રશ્નોજ પૂછી શકાશે

નવી દિલ્હી, તા. ૧૭

વ્હાઈટ હાઉસે તેની મીડિયા પોલિસી બદલી નાખી છે. નવી નીતિ હેઠળ આંતરરાષ્ટ્રીય સમાચાર એજન્સીઓને વ્હાઈટ હાઉસ પ્રેસ પૂલમાંથી હવેથી બાકાત રાખવામાં આવી છે. આ સમાચાર એજન્સીઓને હવે પ્રેસ પૂલમાં કાયમી સ્થાન નહી મળે.

વ્હાઈટ હાઉસ પ્રેસ પૂલ લગભગ ૧૦ મીડિયા સંગઠનોનું જૂથ છે. તેમાં પત્રકારો અને ફોટોગ્રાફરોનો પણ સમાવેશ થાય છે. આ લોકો અમેરિકન પ્રમુખની દરેક નાની-મોટી પ્રવૃત્તિને કવર કરે છે. અન્ય મીડિયા સંસ્થાઓ પ્રમુખ સંબંધિત કવરેજ માટે પ્રેસ પૂલમાં સમાવિષ્ટ મીડિયા સંસ્થાઓ પર આધાર રાખે છે.

જોકે હવે નીતિમાં ફેરફાર પછી આંતરરાષ્ટ્રીય મીડિયા સંગઠનો માટે અમેરિકન પ્રમુખ સુધી પહોંચવું ખૂબ મુશ્કેલ બનશે. વ્હાઈટ હાઉસના આ નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, આંતરરાષ્ટ્રીય મીડિયા સંગઠનોએ તેને પ્રેસ કવરેજને નિયંત્રિત કરવાનો પ્રયાસ ગણાવ્યો, જે સ્વતંત્ર પત્રકારત્વ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાને અસર કરી શકે છે.

નવી નીતિ હેઠળ, વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન

અનુસંધાન પાના ૭ પર

# ભારતીય વિદ્યાર્થીના ડિપોર્ટેશન પર રોક લગાવતી અમેરિકી કોર્ટ

### ટ્રમ્પ પ્રશાસનની કાર્યવાહીને અન્યાયી ગણાવતી કોર્ટ

**નવી દિલ્હી, તા. ૧૭**

અમેરિકામાં પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શરૂ કરેલી ડિપોર્ટેશન કાર્યવાહી સામે હવે અમેરિકી અદાલતો તેમના ચુકાદાથી ટ્રમ્પ શાસનને આંચકા આપી રહી છે તે સમયે એક ભારતીય વિદ્યાર્થીને ડિપોર્ટ કરવાના પ્રયાસ પર અદાલતે ‘સ્ટે’ આપી દીધો છે.અમેરિકાના વિસ્કોનિન્સન-મેડીસીન યુનિ.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીના વિસા રદ કરીને તેને અમેરિકા છોડવા આદેશ આપ્યો હતો પણ એક ફેડરલ જજે આ વિદ્યાર્થીના વિસા શા માટે રદ કરાયા તેનુ કારણ આપ્યા વગર જ જે કાર્યવાહી કરી છે તેને અન્યાયી ગણાવી હતી.આ



જ પ્રકારના કેસ હવે ન્યુ હેમ્પશાયર, કેલિફોર્નિયા અને ઈન્ડીયામાં દાખલ કરાયા છે. અમેરિકામાં અભ્યાસ કરતા ભારતીય વિદ્યાર્થીના વિસા રદ કરવાની સ્થિતિ ગંભીર બની રહી છે.ટ્રમ્પ તંત્ર ‘ખરાબ-આચરણ’નો આરોપ લગાવી રહી છે પણ અદાલતે તેમાં શું ખરાબ આચરણ તેનો કોઈ ઉલ્લેખ નહી હોય અને યોગ્ય પ્રક્રિયા થઈ નહી હોવાની ડિપોર્ટેશન રદ કર્યુ છે.હોમલોન સિક્યોરિટી સામેના આદેશમાં ફેડરલ જજે સ્પષ્ટ આદેશ આપ્યો કે કૃષ ઈસ્વરદાની નામના આ વિદ્યાર્થીની ધરપકડ કરી શકાશે નહી કે ડિપોર્ટ પણ કરી શકાશે નહી.

### મહારાષ્ટ્રની લાડલી બહેન યોજના

# કિસાન લાભાર્થી મહિલાઓને દર મહીને માત્ર રૂ. ૫૦૦ મળશે

### સહાય ઘટી જતા સરકારને મહિને રૂ. ૮૦ કરોડની બચત

નવી દિલ્હી, તા. ૧૭

મહારાષ્ટ્રમાં, PM rકસાન સન્માન નિધિ યોજનાનો લાભ લઈ રહેલી ૮ લાખ મહિલાઓને હવે લાડલી બહેન યોજના હેઠળ ૧૫૦૦ને બદલે માત્ર ૫૦૦ રૂપિયા દર મહિને મળશે. રાજયના મહારાષ્ટ્ર સરકારે તિજોરી પર વધતા ભારણને ઘટાડવા માટે આ નિર્ણય લીધો છે.

હવે, બે સરકારી યોજનાઓનો લાભ લેતી લાડલી બહેનોની રકમમાંથી ૧૦૦૦- ૧૦૦૦ રૂપિયા કાપવામાં આવશે. આ નિર્ણયથી સરકારને દર મહિને ૮૦ કરોડ રૂપિયાની બચત થશે. આમાંથી અગાઉ, યોજનાના માપદંડોને પૂર્ણ ન કરવા બદલ લગભગ ૧૧ લાખ લાડલી બહેનોને અયોગ્ય જાહેર કરવામાં આવી હતી.

મહાયુતિ સરકારે વિધાનસભા ચૂંટણી પહેલા આ યોજના શરૂ કરી હતી. ત્યારે ૨.૫ કરોડ મહિલાઓને દર મહિને ૧૫૦૦ રૂપિયા મળતા હતા. ચૂંટણીમાં મહાયુતિ સરકારનું સ્પષ્ટ પરિણામ આવશે બહુમતી સાથે સત્તામાં પાછા આવવાનો શ્રેય પણ લાડલી બહેન યોજનાને ગયો હતો. ૬ મહિનામાં ૧૧ લાખ લાભાર્થીઓમાં ઘટાડો થયો છે.

લાડલી બહેના યોજનામાં શરૂઆતથી જ કેટલીક શરતો

અનુસંધાન પાના ૭ પર

# ટાઈમની ૧૦૦ પ્રભાવશાલી હસ્તીમાં મોહંમદ યુનુસનો સમાવેશ થયો

### ટાઈમની યાદીમાં ભારતના એક પણ વ્યક્તિને સ્થાન મળ્યું નથી

ઢાંકા, તા. ૧૭

અમેરિકાનાં પ્રતિષ્ઠિત મેગેઝીન ‘ટાઈમ’એ દુનિયાની ૧૦ પ્રભાવશાળી હસ્તિઓની યાદી જાહેર કરી છે. જેમાં બાંગ્લાદેશમાં તખ્તાપલટ કરાવનાર ઝેરિલા મોહમ્મદ યુનુસને જગ્યા મળી છે. પરંતુ એકપણ ભારતીય વ્યકિતને સ્થાન નથી અપાયું. એટલુ જ નહિં અમેરિકાનાં પૂર્વ વિદેશમંત્રી હિલેરી કલીન્ટને મોહમ્મદ યુનુસની જોરદાર પ્રસંસા કરી છે.

‘ટાઈમ’ મેગેઝીનમાં ૧૦૦ પ્રભાવશાળી હસ્તિયોની યાદીમાં મોહમ્મદ યુનુસને ગત વર્ષ છાત્રોના વિદ્રોહને લઈને શેખ હસીનાનાં તખ્તાપલટ બાદ સ્થાન અપાયું છે. ‘ટાઈમ’માં પ્રકાશિત લેખમાં અમેરિકાના પૂર્વ વિદેશમંત્રી હિલેરી કલિન્ટને મોહમ્મદ યુનુસનાં જોરદાર વખાણ કર્યા છે. તેમણે હિંસક છાત્ર પ્રદર્શન બાદ બાંગ્લાદેશને લોકશાહીની તરફ લઈ જવામાં મોહમ્મદ યુનુસની ભુમિકાની પ્રસંસા કરી છે.જોકે, બાંગ્લાદેશનાં જ રાજનીતિક દળો હવે દેશમાં લોકશાહીની બહાલીનાં મોહમ્મદ યુનુસનાં પ્રયાસોને શંકાની નજરે જોઈ રહ્યા છે. કિલન્ટને લખ્યુ-ગત વર્ષે છાત્ર નેતૃત્વવાળા વિદ્રોહે બાંગ્લાદેશની સતાવાદી વડાપ્રધાનને ઉખાડી ફેંકી હતી.ત્યારબાદ એક જાણીતા નેતાએ દેશને લોકશાહી તરફ લઈ જવામાં પગલા ઉઠાવેલા. હિલેરી કલીન્ટને નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા મોહમ્મદ યુનુસને બાંગ્લાદેશ ગ્રામીણ બેન્કની સ્થાપનામાં કામને લઈને પણ યાદ કરી તેની પ્રસંસા

અનુસંધાન પાના ૭ પર

# એએમ-એનએસ ઈન્ડિયા ગ્રીન સ્ટીલ ટેક્સોનોમીનો અમલ કરવા સુસજ્જ

## કંપનીનું મોટાભાગનું ઉત્પાદન 'ગ્રીન સ્ટીલ'ના માપદંડો આધારિત

સુરત, તા.૧૭

આર્સેલરમિત્તલ નિપ્પોન સ્ટીલ ઈન્ડિયા (AM/NS India)ના હાલના અને આગામી ઉત્પાદન ધોરણો તથા સુસ્થિરતા માટેના પ્રયાસો એ દર્શાવે છે કે, કંપની ભારત સરકારની નવી જાહેર કરાયેલી ગ્રીન સ્ટીલ ટેક્સોનૉમી અનુસાર ઉત્પાદનનો નોંધપાત્ર હિસ્સો 'ગ્રીન સ્ટીલ' તરીકે પૂરો પાડી શકે છે. આ ટેક્સોનૉમી વર્ષ ૨૦૨૬–૨૭માં લાગુ થવાની સંભાવના છે. AM/NS India હવે ૩ સ્ટાર રેટિંગ મેળવવા માટે પણ તૈયાર છે, અને ભારતની પ્રથમ ઈન્ટિગ્રેટેડ સ્ટીલ કંપની તરીકે આગળ આવી શકે છે.

ભારત સરકારના સ્ટીલ મંત્રાલયે ડિસેમ્બર ૨૦૨૪માં 'ગ્રીન સ્ટીલ ટેક્સોનૉમી' રજૂ કરી હતી, જે ડિકાર્બનાઈઝેશન અને ઘરેલું તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે વધતી ગ્રીન સ્ટીલની માંગને ધ્યાનમાં રાખી તૈયાર કરવામાં આવી છે. આ ટેક્સોનૉમી મુજબ, કોઈ સ્ટીલ ઉત્પાદન પ્લાન્ટ દ્વારા પ્રતિ ટન પૂર્ણ થયેલ સ્ટીલ માટે ૨.૨ ટનથી ઓછું CO2 સમકક્ષ ઉત્સર્જન (Emission Intensity) હોય, તો તે સ્ટીલ 'ગ્રીન સ્ટીલ' તરીકે માન્ય ગણાશે. જે પ્લાન્ટ આ માપદંડ કરતા વધુ ઉત્સર્જન કરે છે, તે ગ્રીન રેટિંગ માટે પાત્ર રહેશે નહીં. જ્યારે ઓછું ઉત્સર્જન ધરાવતા પ્લાન્ટને ત્રણ, ચાર અથવા પાંચ સ્ટારની ગ્રીન રેટિંગ આપવામાં આવશે. AM/NS India છેલ્લા ઘણા વર્ષોથી ઉત્સર્જનમાં ઘટાડો કરવા સતત પ્રયત્નશીલ છે. વર્ષ ૨૦૨૨–૨૩માં કંપનીએ ૨.૧૭ CO2/tcs ઉત્સર્જન તીવ્રતા હાંસલ કરી હતી, જે રાષ્ટ્રીય સરેરાશ કરતા ૧૪% ઓછી છે. હવે કંપનીનું લક્ષ્ય ૨૦૩૦ સુધીમાં ૧.૮ tCO2/tcs સુધી ઉત્સર્જન તીવ્રતા લાવવાનો છે — જે વર્ષ ૨૦૨૧ના ધોરણોની સરખામણીએ ૨૦% ઘટાડો છે. વર્ષ ૨૦૧૫ પછીથી કંપનીએ પોતાના કાર્બન ઉત્સર્જનમાં ૩૫%થી વધુનો ઘટાડો કર્યો છે. હાલમાં AM/NS Indiaની કુલ ઉત્પાદન ક્ષમતા પૈકી ૬૫% Direct Reduced Iron (DRI) પદ્ધતિથી છે, જેમાં કુદરતી વાયુનો ઉપયોગ થાય છે અને જે તુલનાત્મક રીતે ઓછી કાર્બન ઉત્સર્જન ધરાવે છે. કંપનીના હાલમાં ચાલી રહેલા વિસ્તરણમાં પણ ઉચ્ચ ટેકનિકોનો સમાવેશ થાય છે, જે એનર્જી ક્ષમતા વધારવા અને ઉત્સર્જન ઘટાડવા માટે રચાયેલ છે.



# બોડીદ્રા ગામમાં મકાન બળી જતા સ્વામિનારાયણ ગાદીના સંતોની મદદ

સુરત, તા.૧૭

તારીખઃ- ૧૦-૪-૨૦૨૫ ના રોજ બોડીદ્રાના વતની હિંમતસિંહ અંદરસિંહ પટેલ નું મકાન બળીને ખાખ થઈ જતા તેના સમાચાર પૂજનીય સંતોને મળ્યા જેથી તારીખ ૧૬-૪-૨૦૨૫ ના રોજ પંચમહાલ જિલ્લાના મહંત સંત શિરોમણી શ્રી યોગપ્રિય દાસજી સ્વામી અને સંત શિરોમણી શ્રી નિર્દોષ સ્વરૂપ દાસજી સ્વામી તથા મુક્તજીવન ડીજાસ્ટર મેનેજમેન્ટના મનજીત વિશ્વકર્મા સાહેબ પંચમહાલ જિલ્લાના વડિલ હરીભક્તો સરદારભાઈ, સાલમસિંહ, કિરણસિંહ, રણજીતસિંહ અને ગામના ગ્રામજનોની હાજરીમાં અસર ગ્રસ્તને દાળ - ચોખા, તેલ ,કાપળ ,ઘરવખરી, સીધા સામનની સાથે વાસણ તેમજ રોકડા પાચ હજાર રૂપિયા અને ૨૦,૦૦૦ હજાર જેટલી મદદ શ્રી સ્વામિનારાયણ મંદિર મણિનગર ના પૂજનીય સંતો તરફથી કરવામાં આવી. આવી રીતે જ્યાં જ્યાં કુદરતી આફતથાય ત્યાં અસર ગ્રસ્તની મદદ કરવા પૂજનીય સંતો પહોંચી જાય છે.

# પ્રોગ્રેસ એલાઈન્સના યુવા મિત્રોનું સૈનિકોના પરિવાર માટે દાન

સુરત, તા.૧૭

પ્રોગ્રેસ એલાઈન્સના યુવા મિત્રો તરફથી શહીદ જવાનોના પરિવારોને આપવા માટે રૂ. ૧,૬૬,૫૦૦/- નું દાન આપવામાં આવ્યું છે. યુવા ઉદ્યોગ સાહસીકોને બીઝનેસ ગ્રોથ માટે અને વિકાસની દ્રષ્ટી આપવાનો પ્રયાસ કરતી સંસ્થા પ્રોગ્રેસ એલાઈન્સના ગ્રોથ પાર્ટનર મિત્રાએ આપેલ સહયોગમાંથી આ રકમ આપવામાં આવી છે. સૈનિકોના પરિવારોને સન્માન સાથે સહાય અર્પણ કરતી સંસ્થા જય જવાન નાગરિક સમિતિ સુરતને પ્રોગ્રેસ એલાઈન્સ ફાઉનડેશને રૂ. ૧,૬૬,૫૦૦/- નો ચેક અર્પણ કરેલ છે. પ્રોગ્રેસ એલાઈન્સના શ્રી જયદિપભાઈ સોજીત્રા તથા દિલીપભાઈ કુકડીયા એ જય જવાન નાગરિક સમિતિ સુરતના ટ્રસ્ટીશ્રી હરીભાઈ કથીરીયાને દાનનો ચેક અર્પણ કરે છે. ઉદ્યોગ વેપાર કરતા યુવા સાહસિકોમાં રાષ્ટ્ર ભાવના જોવા મળે ત્યારે



આનંદ અને ગૌરવ અનુભવીએ છીએ. રાષ્ટ્રહિતવાળા પ્રગતિશીલ યુવાનો રાષ્ટ્રની મૂડી છે. જય જવાન નાગરિક સમિતિ તરફથી પ્રોગ્રેસ એલાઈન્સના મિત્રોને અભિનંદન પાઠવ્યા છે.

# કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં કેન્દ્રના ધોરણે વધારો જાહેર કરતી રાજ્ય સરકાર

## મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષ સ્થાને રાજ્યની મળેલી કેબિનેટ બેઠકમાં કર્મયોગી હિતકારી નિર્ણય લેવાયો

ગાંધીનગર, તા.૧૭

મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાપક હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને છઠ્ઠા તેમજ સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં વધારાનો લાભ તા.૧ જાન્યુઆરી, ૨૦૨૫ થી આપવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો.

રાજ્ય સરકારના પ્રવક્તા આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં લેવામાં આવેલા આ કર્મયોગી હિતકારી નિર્ણયની જાહેરાત કરતાં કહ્યું કે, સાતમા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૨ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારના જે કર્મયોગીઓ છઠ્ઠા પગાર પંચનો લાભ મેળવતા કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં ૬ ટકાનો વધારો કરવામાં આવેલ છે. પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યુ કે, આ મોંઘવારી ભથ્થાની ૩ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૫ થી ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની તફાવતની રકમ

અનુસંધાન પાના ૭ પર

# ગાંજા સાથે પકડાયેલા બે આરોપીના શરતી જામીન મંજૂર

## એડવોકેટ દિવ્યેશ બથવારની દલીલો ગ્રહ્ય રાખતી કોર્ટ

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૬

શહેરના ઈચ્છાપોર કવાસગામ હજરત ગરીબ શાહ દરગાહની પાસેથી પોલીસે મૂળ યૂપીના શુભનેશ કુમાર ભારતીય અને કર્ણાટક ના હુસૈન શેખને ૧ કિલો ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. આ કેસમાં આરોપીને રિમાન્ડ બાદ કોર્ટમાં રજૂ કરતા આરોપીઓ તરફે એડવોકેટ દિવ્યેશ બથવારે દલીલો કરી હતી. કોર્ટે દલીલો બાદ બંને આરોપીને શરતી જામીન પર મુક્ત કરવા હુકમ કર્યો હતો.

આ કેસની વિગત અનુસાર ગઈ તા. ૧૨ એપ્રિલના રોજ ઈચ્છાપોર પોલીસ ને બાતમી મળતા ક્વાસ ગામ પાસે મોપેડ સાથે ઉભેલા શુભનેશ કુમાર ભારતીય અને હુસૈન શેખ ને ગાંજાના જથ્થા સાથે ઝડપી પાડ્યા હતા. પોલીસે બંને આરોપીને કોર્ટમાં રજૂ કરી ૧૫ એપ્રિલ સુધીના રિમાન્ડ મેળવ્યા બાદ ફરી કોર્ટમાં રજૂ કરતા આરોપી તરફે એડવોકેટ દિવ્યેશ બથવારે દલીલો રજૂ કરી હતી. કોર્ટે બંને પક્ષની દલીલો બાદ આરોપીને ૨૫- ૨૫ હજારના બોન્ડ ઉપર શરતોને આધિન જામીન મંજૂર કર્યા હતા.

# અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ મથકમાં લોક દરબાર યોજાયો

## ભરૂચ જિલ્લા પોલીસ વડા મયુર ચાવડા રહ્યા ઉપસ્થિત

અંકલેશ્વર, તા.૧૭

અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથક ખાતે ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડાની અધ્યક્ષતામાં વાર્ષિક ઈન્સ્પેક્શન તેમજ લોક દરબારનો કાર્યક્રમ યોજાયો હતો. ભરૂચ જિલ્લા પોલીસવડા મયુર ચાવડા દ્વારા જિલ્લામાં આવેલ વિવિધ પોલીસ મથક ખાતે વાર્ષિક ઈન્સ્પેક્શન કરવામાં આવી રહ્યું છે જેના ભાગરૂપે અંકલેશ્વર શહેર બી ડિવિઝન પોલીસ મથક ખાતે વાર્ષિક ઈન્સ્પેક્શન તેમજ લોક દરબારનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં વિભાગીય પોલીસવડા ડો. કુશલ ઓઝા, બી ડિવિઝન પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેક્ટર વી. કે.ભુતિયા સહિતના અધિકારીઓ તેમજ સ્થાનિકો ઉપસ્થિત રહ્યા હતા. લોક દરબારમાં સ્થાનિકોએ ટ્રાફિક સહિતના મુદ્દે પોલીસને રજૂઆત કરી હતી. આ સાથે જ પોલીસ દ્વારા અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે નંબર ૪૮ પર આવેલ ભંગારના ગોડાઉનના માલિકો સાથે પણ વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.જેમાં સ્ક્રેપ માર્કેટમાં કોઈ

અનુસંધાન પાના ૭ પર




# ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ડો. આંબેડકર જયંતિની ઉજવણી

ભરૂચ, તા.૧૭

ભારત રત્ન મહાન અર્થશાસ્ત્રી તત્વચિંતક ઈતિહાસકાર અને દેશના પ્રથમ કાયદા પ્રધાન તેમજ આઝાદ ભારતનું બંધારણ ઘડવામાં જેમનો સિંહ ફાળો હતો તેવા ડોક્ટર ભીમરાવ આંબેડકરજીની જન્મ જયંતી નિમિત્તે ઉત્થાન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ભરૂચ રેલ્વે સ્ટેશન ખાતે બાબા સાહેબના સ્ટેચ્યુને ફુલહાર વિધિ અર્પણ કરી શ્રદ્ધા સુમન અર્પણ કર્યા હતા સંસ્થાની બહેનોને પ્રમુખશ્રી પરેશ મેવાડાએ ભારત દેશની મહિલાઓ માટે બાબાસાહેબે પાર્લામેન્ટમાં હિન્દુ કોડ બીલ લાવી દેશની મહિલાઓને પુરુષ સમાન અધિકારો અપાવ્યા હતા જેની જાણકારી આપી હતી આ કાર્યક્રમમાં વૈશાલી ચંદેલ , અમિતા રાણા, પ્રજ્ઞા ગડરિયા ,શ્રદ્ધા ગડરિયા, નાજેરા શેખ ,સોનલ રાણા શીતલ વસાવા વગેરે બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી બાબાસાહેબને શ્રદ્ધાંજલિ અર્પી હતી.

# ભુતપૂર્વ નગરસેવક છોટુભાઈ પાટીલના જન્મ દિવસની નવી સિવિલમા સેવાસભર ઉજવણી

## સગર્ભા, ધાત્રી માતાઓને સાડી, બેબી પોષણ કીટ, સફાઈ કામદાર બહેનોને સાડી અર્પણ કરાઈ

સુરત, તા.૧૭

સમાજના કેટલાક શ્રેષ્ઠીઓ પોતાની ખુશી અન્યો સાથે વહેંચવામાં અનોખો સંતોષ અને ખુશી અનુભવતા હોય છે, પૂર્વ રેલવે છઝ સભ્ય અને પૂર્વ નગરસેવક છોટુભાઈ પાટીલ એક એવા સેવાભાવી શ્રેષ્ઠી છે, જેમણે તેમના ૬૧મા જન્મદિવસની ખુશીઓ નવી સિવિલ હોસ્પિટલના દર્દીઓને મદદ કરીને વહેંચી હતી. છોટુભાઈ અને પાટીલ પરિવારે સિવિલના દર્દીઓની સુવિધા માટે ૫ વ્હીલચેર અને ૩ ટ્રાઈસિકલ, ૫ બગલઘોડી, ૫ વોકર, ૧૭૧ બાળકોને રમકડા, થાળી-વાટકાનો સેટ, સગર્ભા, ધાત્રી માતાઓને સાડી, બેબી કીટ જેમાં એક-એક કિલો ગોળ, ખજૂર અને ચણા, સફાઈ કામદાર બહેનોને સાડીઓ તેમજ સિવિલના ૧૧૦૦ દર્દીઓને ફ્રૂટ વિતરણ કરીને જન્મદિનની સેવાસભર ઉજવણી કરી હતી. સિવિલમાં ફુગ્ગાઓ ઉડાડી સેવા અને સદ્દભાવનો સંદેશ આપ્યો હતો. 'સેવા પરમો ધર્મ'ના સૂત્રને સાર્થક બનાવતા સમાજસેવી છોટુભાઈ પાટીલ દર વર્ષે જન્મદિવસની ઉજવણી સિવિલ હોસ્પિટલમાં કરે છે, તેમના ૬૧મા જન્મદિનની છેલ્લા ત્રણ દિવસથી સેવાકાર્યો સાથે ઉજવણી થઈ રહી છે. આ પ્રસંગે ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલાએ છોટુભાઈને જન્મદિનની શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે, છેલ્લા ૩૫ વર્ષથી નવી સિવિલમાં સેવાકીય પ્રવૃતિઓ સાથે જોડાયેલા છે. કોરોનાકાળ, કુદરતી હોનારત, પૂર જેવી આપત્તિઓમાં તેઓ ૨૪ કલાક માટે લોકોની સેવા માટે ખડેપગે રહ્યા છે.

અનુસંધાન પાના ૭ પર



# શૂટીંગ બોલ રાજ્ય કક્ષા સ્પર્ધામાં ગજેરા વિદ્યાભવન સ્કૂલની સિદ્ધિ

## સબ જુનિયરમાં ભાઈઓ અને બહેનોએ પ્રથમ ક્રમાંક મેળવ્યો

સુરત, તા.૧૭

તા. ૧૩/૦૪/૨૦૨૫ નાં રોજ શૂટિંગ બોલ એસોસિયેશન રાજ્ય કક્ષાએ સબ જુનિયર ભાઈઓ અને સબ જુનિયર બહેનોની તેમજ જુનિયર ભાઈઓ અને જુનિયર બહેનોની સ્પર્ધાનું આયોજન એમ.પી.શાહ કોમર્સ કોલેજ સુરેન્દ્રનગરમાં યોજાઇ હતી, જેમાં ગજેરા વિદ્યાભવન કતારગામનાં વિદ્યાર્થીઓ.એ ભાગ લઈ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. જેમાં સબ જુનિયર ભાઈઓ અને સબ જુનિયર બહેનોએ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરેલ છે તેમજ જુનિયર બહેનોએ પણ પ્રથમ ક્રમ પ્રાપ્ત કરી વિદ્યાર્થીઓએ શાળા પરિવારનું નામ રોશન કરેલ છે. જેબદલ ખેલાડીઓ અને પ્રશિક્ષણ પૂરું પાડનાર કોચશ્રીઓ નિલેશ ગામીત, વિશાલ પરમાર, પરિમલ કંથારિયા, નીલાબેન ગામીત ને શાળા ના ટ્રસ્ટીશ્રી ચુનીભાઈ ગજેરા તથા તમામ વિભાગના આચાર્યશ્રીઓ તેમજ શાળા પરિવારે ખૂબ-ખૂબ અભિનંદન પાઠવેલ છે.



## સચિન-કનકપુર કનસાડ તથા પીપલોદ ખાતે

# રૂા.૧૦ કરોડથી વધુના વિકાસ કામોનું ખાતમુહૂર્ત કરતા ધારાસભ્ય સંદિપ દેસાઈ

## પીપલોદમાં રૂા.૫૨ લાખના ખર્ચે સીસી રોડનું નિર્માણ થશે

સુરત, તા.૧૭

સુરત મહાનગરપાલિકા વિસ્તારમાં રૂા.૧૦ કરોડથી વધુના વિવિધ વિકાસકામોનું ચોર્યાસીના ધારાસભ્યશ્રી સદિપ દેસાઈના હસ્તે ખાતમુહૂર્ત કરાયું હતું. જેમાં સાઉથ ઝોન-બી (કનકપુર)માં સમાવિષ્ટ વોર્ડ નં. ૩૦ (કનસાડ-સચિન-ઉન-આભવા) વિસ્તારમાં અંદાજિત રૂા.૯.૨૮ કરોડથી વધુના ખર્ચે સાકારિત થનાર વિવિધ પ્રકલ્પોના સામૂહિક ખાતમુહૂર્ત થયું હતું. જેમાં આરોગ્ય કેન્દ્ર, ૧૪ નવી આંગણવાડીઓ, કનસાડ ગામમાં આહિરવાસથી કનસાડ પ્રા.શાળા થઈ મિંઢોળા નદીના આઉટલેટ સુધી ૬૦૦ મી.મી. વ્યાસની આરસીસી બોક્ષ સ્ટ્રકચર દ્વારા સ્ટ્રોમ ડ્રેનેજ લાઈન નાખવાના કામોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સાઉથ વેસ્ટ ઝોન (અઠવા) વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ-૨૨, (ભટાર-વેસુ -ડુમસ)ની રોયલ બંગ્લોઝ, પીપલોદ ખાતે રૂા.૫૨ લાખથી વધુના ખર્ચે સી.સી. રોડના કામનું ખાતમુહૂર્ત કર્યું

અનુસંધાન પાના ૭ પર

## કોઝવે રોડ પરથી રામરાજ અગ્રહરી ગુમ

સુરત, તા.૧૭

ચોકબજાર પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૪/૦૩/૨૦૨૫ ના રોજ ઘર નં-૮૨, નવનાથ સોસાયટી, ચંદન ગેસ ગોડાઉનની પાસે, કોઝ-વે રોડ, (મુળ રહે. ગામ-ભૈયા, તા-મેજા, જી-પ્રયાગરાજ, (ઉત્તરપ્રદેશ), ખાતે રહેતા ૩૩ વર્ષીય રામરાજ લાલબહાદુર અગ્રહરી ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે સફેદ શર્ટ, કથ્થઇ પેન્ટ અને પગમા ચપ્પલ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા ચોકબજાર પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## લિંબાયતથી પુજા ચુતર્વેદી ગુમ થયા

સુરત, તા.૧૭

લિંબાયત પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૬/૦૩/૨૦૨૫ ના રોજ ઘર નં-૧૪૬, સહજાનંદ સોસાયટી, લિંબાયત, (મુળ રહે. કરનપુર, તા-બદલાપુર, જી-જૌનપુર, ઉત્તરપ્રદેશ), ખાતે રહેતી ૩૦ વર્ષીય પુજા મનિષ ચતુર્વેદી ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, રંગે ઘઉંવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે બ્લ્યુ શૂટ પહેર્યો છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા લિંબાયત પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## કાપોદ્રાથી અશ્વીની નીકાળજે ગુમ

સુરત, તા.૧૭

કાપોદ્રા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૫/૦૩/૨૦૨૫ ના રોજ રામકૃષ્ના કોલોની, કાપોદ્રા ચાર રસ્તા, (મુળ રહે. તા.ચિખલી, જી.મુલઢાણાના), ખાતે રહેતી ૧૫ વર્ષીય અશ્વીની ગણેશ નીકાળજે ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૪.૯ ફૂટ છે. તેમણે કોફી ટોપ, સફેદ લેગીસ અને કોફી દુપટ્ટો પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા કાપોદ્રા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## હજીરાથી ઉમેશ કુશવાહા ગુમ

સુરત, તા.૧૭

હજીરા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૫/૦૧/૨૦૨૫ ના રોજ ઘર નં.-૪, લાઈટ હાઉસ પાસે, હજીરાગામ, તા.ચોર્યાસી, (મુળ રહે. ગામ ટીકર, બરહા ટોલા, ફળીયુ-હુજુર, જી-રીવા, એમ.પી), ખાતે રહેતા ૩૯ વર્ષીય ઉમેશ રામબહોર કુશવાહા ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, રંગે ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૫ ફૂટ છે. તેમણે બ્લ્યુ અને સફેદ ટી- શર્ટ, સ્કાય બ્લ્યુ પેન્ટ અને પગમા કાળા સેંડલ પહેર્યા છે. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા હજીરા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.

## વરાછાથી માનસા કાનુ લાપતા

સુરત, તા.૧૭

વરાછા પોલીસ સ્ટેશનના જણાવ્યા અનુસાર, તા.૨૭/૦૩/૨૦૨૫ ના રોજ રૂમ નં-૮૩, ચોથો માળ, હરીઓમ ઈન્ડસ્ટ્રીઝ, સારોલી (મુળ રહે. ગામ-ઉમેદપુર, તા-બરમપુર, જી-બક્સર, બિહાર), ખાતે રહેતા નંદજી કાનુ ની ૧૭ વર્ષીય પુત્રી, માનસા ગુમ થયા છે. તેઓ મધ્યમ બાંધાના, ઘઉવર્ણ અને ઊંચાઈ ૫.૦ ફૂટ છે. તેમણે મરૂન ડ્રેસ પહેર્યો હતો. કોઈને ભાળ મળે તો તેમણે નજીકના પોલીસ સ્ટેશન અથવા વરાછા પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વિનંતી છે.


# મચ્છરોના ઉપદ્રવ નાથવા ડ્રોન વડે જંતુનાશક દવાનો છંટકાવ

## મનપાના આરોગ્ય વિભાગ દ્વારા આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ

સુરત, તા.૧૭

સુરત મહાનગરપાલિકાનાં વી.બી.ડી.સી વિભાગ દ્વારા ડ્રોન ટેકનોલોજીની મદદથી તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૧૪/૦૪/૨૦૨૫ દરમ્યાન મચ્છરનાં નિયંત્રણ માટે તમામ ઝોન ખાતે ખાડી, ખેતર, ખુલ્લા પ્લોટો, નહેરમાં માનવબળ પહોચી ન શકે તેવા વિસ્તારોમાં ડ્રોન દ્વારા જંતુનાશક દવાના છંટકાવની કામગીરી કરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકાનાં વી.બી.ડી.સી વિભાગ દ્વારા મચ્છરો તેમજ મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ ઝોનમાં ડ્રોન ટેકનોલોજીનો ઉપયોગ કરવાનો શુભારંભ કરેલ છે તમામ ઝોનમાં આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ(AI), મશીન લર્નિંગ(ML)નાં સોફ્ટવેર આધારીત પ્રોગામ મુજબ મચ્છરનાં ઉત્પતિ સ્થાનો શોધી તેની ઈમેજ કલાઉડ-બેઝ પ્લેટફોર્મ પર મોકલે છે અને તેના આધારે ગ્રાઉન્ડ ટીમો જે તે સ્થળે પહોંચી મચ્છરોનાં ઉત્પત્તિ સ્થાનો નાબુદ કરવાની કામગીરી કરે છે. સુરત મહાનગરપાલિકા દ્વારા તમામ ઝોનમાં તા.૦૧/૦૪/૨૦૨૫ થી તા.૧૪/૦૪/૨૦૨૫ દરમ્યાન ખાડી, ખેતર, ખુલ્લા પ્લોટો, નહેર વિસ્તારોમાં અંદાજીત ૯૧ કલાક ૧૦ મિનીટનાં સમયગાળા દરમ્યાન, ૭૪.૭૫ Kg બેકટીસાઈડ પાવડર અને ૫.૦૦ લીટર બેકટીસાઈડ તથા ૨.૨૩૫ ml અબેટ પોરાનાશક દવાનો ઉપયોગ કરી અંદાજીત ૭૬,૧૭,૧૭૪ ચો.મીટર વિસ્તારમાં માનવબળ પહોચી ન શકે તેવા સ્થળોએ ડ્રોન દ્વારા જંતુનાશક દવાના છંટકાવની કામગીરી કરવામાં આવેલ છે.



# સુભાષચંદ્ર બોઝનો સેંકડો કરોડોનો ખજાનો ગયો કયાં?

સુભાષચંદ્ર બૉઝ. પ્રભાવતી દત્ત અને જાનકીનાથ બૉઝના આ સુપુત્ર નેતાજી જેવા વિશેષણથી ઓળખાયા, માન-સન્માન પામ્યા. ઓરિસાના કટકમાં ૧૮૯૭ની ૨૩મી જાન્યુઆરીએ પૃથ્વી પર અવતરણ થયું એ નિશ્ર્ચિત. સત્તાવાર રીતે ૧૯૪૫ની ૧૮મી ઑગસ્ટે જાપાનના ફોર્મોસા (હાલના તાઈવાન)માં વિમાન દુર્ઘટનામાં અવસાન થયું, પરંતુ ખરેખર એ દિવસે, એ સ્થળે તેઓ મૃત્યુ પામ્યા હતા? વિમાન અકસ્માતે જીવ લીધો હતો? દાવા ખૂબ થયા કે તેઓ ભારતમાં અલગ અલગ સ્થળે વેશપલ્ટો કરીને ૧૯૪૫ બાદ જીવ્યા હતા.

ખૂદ ભારત સરકારે આ વિમાન અકસ્માત અને એમાં નેતાજીના આકસ્મિક નિધનને સમર્થન આપ્યું હતું. સાથોસાથ એ પણ ઉમેર્યું હતું કે અકસ્માતમાં ખૂબ દાઝી ગયા બાદ હાલના તાઈપેઈની હૉસ્પિટલમાં થોડા કલાકમાં તેમણે આખરી શ્ર્વાસ લીધા હતા. તેમની અંતિમવિધિ તાઈવાનમાં કરાઈ હતી. આના સમર્થનમાં અનેક પુરાવા-સાક્ષી ય હાજર કરાયા હતા.

પરંતુ આના વિરોધાભાસમાં દાવો કરાયો કે સુભાષબાબુ વિમાન-અકસ્માતમાં બચી ગયા હતા. આ કથિત મોત બાદ પણ તેઓ ભારતના કલકત્તા, અલાહાબાદ અને ઔરંગાબાદમાં દેખાયાના દાવા કરાયા હતા. અમુક લોકોએ તેમને રશિયામાં જોયેલા અને ત્યાં રાજયાશ્રય મેળવ્યાના દાવા કર્યા હતા. કોઈએ એમને ચીનમાં જોયા હતા, તો કેટલાંકે એમને સાઉથ ઈસ્ટ એશિયાના મલેશિયા, સિંગાપોર અને ઈન્ડોનેશિયામાં જોયાની રજૂઆત કરી હતી. થિયરી તો એવી ય ચર્ચાઈ કે બ્રિટિશ કે ભારત સરકારે જ સુભાષચંદ્ર બૉઝની હત્યા કરાવી હતી, પરંતુ એમના ફરી દેખાવા કે હત્યા અંગે કોઈ નક્કર પુરાવા-સાક્ષી નહોતા.

અંતે નેતાજીના મોત અંગે વિવાદ વધતા ભારત સરકારે ૧૯૫૬માં શાહ નવાઝ સમિતિની સ્થાપના કરી હતી. આ શાહનવાઝ ખાન અગ્રણી કૉંગ્રેસી હોવા અગાઉ બૉઝની ઈન્ડિયન નેશનલ આર્મીના સભ્ય પણ હતા. આ સમિતિએ બે વર્ષ તપાસ-પૂછપરછ બાદ અહેવાલ સુપરત કર્યો કે નેતાજી વિમાન દુર્ઘટનામાં જ માર્યા ગયા હતા અને તેમના અન્ય સ્થળે જીવતા દેખાવા અંગે એકેય નક્કર પુરાવા નથી. છતાં વિવાદે શાંત પડવાનું નામ ન લીધું. ૧૯૭૦માં ખોસલા પંચે તપાસ કરી. ચાર વર્ષ સુધી દુર્ઘટનાગ્રસ્ત પ્લેનના જાપાની પાઈલોટ અને તેમની સારવાર કરનારા જાપાની ડૉક્ટર સહિતના ઈન્ટરવ્યુ બાદ શાહનવાઝ પંચ જેવો જ ચુકાદો આપ્યો. અગાઉના પંચમાં બૉઝ પરિવારના કોઈને સામેલ ન કરવાનો વિરોધ થયો હતો. સાથોસાથ બન્ને પંચને નેતાજી અંગેની કલાસિફાઈડ અર્થાત ગુપ્ત સરકારી ફાઈલ ન જોવા દેવાનો વિરોધ થયો હતો.

આ વિવાદને શાંત પાડવા ૧૯૯૯માં મુખર્જી પંચને જવાબદારી સોંપાઈ. સર્વોચ્ચ અદાલતના નિવૃત્ત ન્યાયાધીશ હેઠળના પંચે ધડાકો કર્યો કે નેતાજી વિમાન દુર્ઘટનામાં માર્યા નહોતા ગયા અને ટોકિયોના રેનકોજી મંદિરમાં નેતાજીના ગણાવીને રખાયેલા અસ્થિ પણ એમના નથી. એટલું જ નહીં, વિમાન અકસ્માતમાં નેતાજીનુ મોત તો માત્ર 'કવર અપ' એટલે ઢાંકપિછોડો હતો. કેન્દ્ર સરકારે આ વિવાદાસ્પદ અહેવાલનો સ્વીકાર ન કર્યો. આ અહેવાલને અટકળ-ધારણા આધારિત બતાવાયો. એટલું જ નહીં, અત્યાર સુધીની ભારત સરકારોએ નેતાજી સુભાષચંદ્ર બૉઝ અંગેની કલાસિફાઈડ ફાઈલ્સ હજી જાહેર કરી નથી અને એ માટે ગળે ઊતરે એવાં કારણો પણ આપી શકી નથી. સરકારે આ બધી ફાઈલ નેશનલ આર્કાઈવ્ઝ ઓફ ઈન્ડિયાને સોંપી છે, પરંતુ તેની પાછળનો ઈરાદો ફાઈલની જાળવણી અને ડિજિટાઈઝેશનનો જ છે. આ બન્ને કામગીરી પૂરી ન થાય ત્યાં સુધી તેને જાહેર જનતા સમક્ષ કે પબ્લિક ડોમેઈનમાં નહીં મુકાય? પછી ૨૦૧૬માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નેતાજી પરની એકસો ફાઈલ જાહેર કરી હતી, જેમાં નેતાજી વિમાન અકસ્માતમાં બચી ગયાના કોઈ પુરાવા નહોતા. આનાથી સૌને સંતોષ થયો એમ માની ન શકાય.

નેતાજી સુભાષચંદ્ર બૉઝના અવસાન અંગેના જોરદાર વિવાદ વચ્ચે એક બાબત દબાઈ ગઈ કે ભૂલાવી દેવાઈ જેના પર અહીં ફોક્સ કરીશું. ૨૦૧૬માં નેતાજી પરની અમુક ડિકલાસિફાઈડ ફાઈલમાં અમુક ચોંકાવનારી બાબતો બહાર આવી હતી. ઓફિશિયલ સિક્રેટ એક્ટ હેઠળ રક્ષિત અને સાઉથ બ્લૉકમાં બંધ તાળામાં રહ્યાં, પીળા પડી ગયેલા અમુક પાનાંમાં નેતાજીએ ભારતની સ્વંતત્રતા માટે સશસ્ત્ર લડાઈ કાજે આમ જનતા પાસેથી દાનમાં મેળવેલા રોકડ, સોના અને અલંકારોને પગ આવી ગયા હતાં તેનો ઘટસ્ફોટ થયો હતો.

હા, નેતાજીના અવસાન બાદ ઈન્ડિયન નેશનલ આર્મી માટે એકઠા કરાયેલા મોટા ભંડોળનું થયું શું? એ કોણ ઓહિયા કરી ગયું? પ્રાઈમ મિનિસ્ટર્સ ઓફિસ (પી એમ ઓ)અને વિદેશ મંત્રાલયમાંની નેતાજી ફાઈલ્સમાં છુપાયેલા ઘણાં રહસ્યોમાંનું એક આ ખજાના બાબતનું છે. શક્યતા છે કે ૧૯૪૫માં નેતાજીના મોત કે મોતની જાહેરાત બાદ આ લૂંટ ચલાવાઈ હોવી જોઈએ. ડિકલાસિફાઈડ ફાઈલના દસ્તાવેજો મુજબ ઈન્ડિયન નેશનલ આર્મીના મોટા ભંડોળ-જે આજે સેંકડો કરોડોનું થાય. એ અંગે ત્યારની સરકાર જાણતી હતી પણ તેણે કંઈ કરતા કંઈ ન કર્યું. નહેરુ સરકારને માહિતી અને ચેતવણી મળી હતી. ત્રણ-ત્રણ વાર ચેતવણી મળી હતી કે નેતાજી પોતાની પાછળ વિયેતનામના સાયગોન (હાલના હો મિંચ શહેર)માં મોટો ખજાનો-સોનું, કિંમતી રત્નો-મૂકી ગયા છે. સરકારે કંઈ ન કર્યું અને શંકાસ્પદ ષડયંત્રકારીઓએ એ ખજાનો પચાવી પાડ્યો. આનાથી ય બદતર બાબત એ બની કે આ ખજાનાની ઉચાપતના એક શકમંદ અને આઈ.એન.એ.ના ભૂતપૂર્વ સભ્યનું સરકારે સન્માન કર્યું હતું. દેશની આઝાદી માટે અલગ, હિંમતભર્યો અને હિંસક માર્ગ પસંદ કરનારા નેતાજી સુભાષચંદ્ર બૉઝના અમૂલ્ય ખજાનાનું શું થયું એની ઘણી ચોંકાવનારી વાતો છે. એ ઘટસ્ફોટમાં જલ્દી ડોકિયું કરીશું.

# હવે ડિજિટલ ગુનેગારોનો ખાતમો બોલાવશે સાયબર કમાન્ડો

દેશમાં સાયબર ગુનેગારોનો આતંક અન્ય આતંકવાદીઓની જેમ દિવસેને દિવસે વધી રહ્યો છે. ન્યાયાધીશો, આઈએએસ, એન્જિનિયરો, ડોક્ટરો, પત્રકારો અને રાજકારણીઓ જેવા પ્રબુદ્ધ લોકો પણ સરળતાથી તેનો શિકાર બની રહ્યા છે. તેમના આતંકનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેઓ ખુલ્લેઆમ ગુનાઓ આચરી રહ્યા છે અને દેશના દરેક રાજ્યમાં સાયબર ગુનાઓને રોકવા માટે પોલીસના સાયબર સેલ લાખો પ્રયાસો પછી પણ તેમને રોકવામાં સક્ષમ નથી. માનવતાનો નાશ કરનારા આતંકવાદીઓ હજુ પણ કેટલીક જગ્યાએ, ખાસ કરીને રાજ્યની રાજધાનીઓમાં અથવા દેશની સરહદો સુધી અને અમુક અંશે જંગલની હદમાં પોતાનું કામ કરે છે, પરંતુ ડિજિટલ ગુનેગારોના મૂળ ગામડાઓ સુધી પહોંચ્યાં છે. આ આતંકવાદીઓના આતંકને ખતમ કરવા માટે કેન્દ્ર સરકારે જે સાયબર કમાન્ડો ફોર્સને તૈયાર કરવાની રણનીતિ બનાવી છે, તે હવે કાર્યરત થઈ રહી છે. આઈઆઈટી કાનપુર દ્વારા ૩૬ કમાન્ડોની બેચની તાલીમ પૂર્ણ થયા બાદ તેઓ દેશના વિવિધ ભાગોમાં સાયબર કમાન્ડો તરીકે સેવા આપશે. અહીં ઉત્તરાખંડ અને હિમાચલમાં સાયબર કમાન્ડો તેમની સેવાઓ આપવા માટે તૈયાર છે અને અન્ય રાજ્યોમાં પણ તેમની હાજરી ટૂંક સમયમાં પણ જોવા મળશે. ઉત્તરાખંડમાં, પોલીસ સબ-ઈન્સ્પેક્ટર વિનોદ વિષ્ટ અને કોન્સ્ટેબલ સુધિશ ખત્રી રાજ્યના પ્રથમ સાયબર કમાન્ડો બન્યા છે, જ્યારે હિમાચલ પ્રદેશમાં, મહિલા પોલીસ મનુ, મધુ શર્મા અને આકાશ ઠાકુર અને રામ શર્મા સાયબર કમાન્ડો તરીકે આગળ આવ્યા છે. આ તમામે સાયબર ક્રાઈમ એટલે કે ડિજિટલ આતંકવાદને ખતમ કરવા માટે દેશની આઈઆઈટી જેવી પ્રતિષ્ઠિત ઈન્સ્ટિટ્યૂટમાંથી ૬ મહિનાની ટ્રેનિંગ મેળવી છે. આ સાથે, સાયબર કૌભાંડોને રોકવા માટે કમાન્ડો તરીકે કુશળ પોલીસ કર્મચારીઓને લાવવાની પ્રક્રિયા શરૂ થઈ છે. આતંકવાદીઓના આતંકને ખતમ કરવામાં જોડાયેલા નિષ્ણાતો આ કમાન્ડોને દેશમાં પોતાની આગવી ઓળખ ધરાવતા અન્ય કમાન્ડોની જેમ ગણી રહ્યા છે. ભારતમાં એનએસજી જેને બ્લેક કેટ કમાન્ડો કહેવામાં આવે છે તે સૌથી મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. વર્ષ ૧૯૮૪માં રચાયેલી આ ટુકડીને તેના કામ માટે ઓળખવામાં આવે છે. તેના મુખ્ય કાર્યોમાં મુંબઈ હુમલાનો જડબાતોડ જવાબ આપવાનો સમાવેશ થાય છે. આ સિવાય મરીન કમાન્ડો, પેરા એસએફ, કોબરા કમાન્ડો ભારતનાં હિતોની રક્ષા માટે વિશ્વભરમાં પ્રખ્યાત છે એટલું જ નહીં આતંકવાદીઓ માટે પણ ખતરા સમાન છે. હવે તેમની જેમ જ સાયબર કમાન્ડો પણ સમગ્ર વિશ્વમાં ચાલી રહેલા સાયબર આતંકવાદને ખતમ કરવામાં તેમની ભૂમિકા ભજવશે. આ કમાન્ડો અને અન્ય કમાન્ડો વચ્ચે માત્ર એટલો જ તફાવત છે કે તેઓ ડિજિટલ માધ્યમથી આતંકવાદીઓને પકડશે અને અન્ય કમાન્ડો આ કામ વિવિધ હથિયારો દ્વારા કરે છે. વર્ષ ૨૦૨૪ માં, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટરના પ્રથમ સ્થાપના દિવસે કહ્યું હતું કે દેશભરમાં સાયબર ગુનેગારોને પકડવા માટે સાયબર કમાન્ડોની ફોજ તૈયાર કરવામાં આવશે. આગામી પાંચ વર્ષમાં પાંચ હજાર કમાન્ડો બનાવવાનું લક્ષ્ય છે. વાસ્તવમાં, કેન્દ્ર સરકાર સાયબર દુનિયામાં દરરોજ નવા સ્કેમ સ્ટાઈલ સાથે વ્યવહાર કરવા માગે છે અને તેના માટે તેને એક સંસ્થાની જરૂર છે જે સાયબર સિક્યોર ઈન્ડિયાના માપદંડોને પૂર્ણ કરી શકે. આ હેતુ માટે પોલીસ, સીબીઆઈ, સેન્ટ્રલ પોલીસ ફોર્સ વગેરેના એસટીએફ જેવા વિશેષ કર્મચારીઓ અને અધિકારીઓને તાલીમ આપવાનું શરૂ કરવામાં આવ્યું છે.



**આ આતંકવાદીઓના આતંકને ખતમ કરવા માટે કેન્દ્ર સરકારે જે સાયબર કમાન્ડો ફોર્સને તૈયાર કરવાની રણનીતિ બનાવી છે, તે હવે કાર્યરત થઈ રહી છે. આઈઆઈટી કાનપુર દ્વારા ૩૬ કમાન્ડોની બેચની તાલીમ પૂર્ણ થયા બાદ તેઓ દેશના વિવિધ ભાગોમાં સાયબર કમાન્ડો તરીકે સેવા આપશે. અહીં ઉત્તરાખંડ અને હિમાચલમાં સાયબર કમાન્ડો તેમની સેવાઓ આપવા માટે તૈયાર છે અને અન્ય રાજ્યોમાં પણ તેમની હાજરી ટૂંક સમયમાં પણ જોવા મળશે. ઉત્તરાખંડમાં, પોલીસ સબ-ઇન્સ્પેક્ટર વિનોદ વિષ્ટ અને કોન્સ્ટેબલ સુધિશ**



# જીવનમાં એ જ્ઞાનનું મહત્ત્વ બતાવે છે

ચોવક છેઃ 'સિજ છાબડે ઢકયો ન રે' એવા જ અર્થવાળી ગુજરાતીમાં પણ કહેવત છેઃ સૂરજ છાબડે ઢાંક્યો ન રહે! ચોવકમાં પહેલો શબ્દ છેઃ 'સિજ'. જેનો અર્થ થાય છેઃ સૂરજ અને 'છાબડે' એટલે છાબડીએ. 'ઢકયો'નો અર્થ થાય છેઃ

ઢાંકયો અને 'ન રે' એ બે એકાક્ષરી શબ્દનો અર્થ છેઃ ન રહે. જેમ સૂરજ છાબડીએ ઢાંકયો ન રહે તેમ ઘણી બાબતો એવી હોય છે જે છુપાવી શકાતી નથી! એવો શબ્દાર્થ છે આ ચોવકનો પણ ગર્ભિત અર્થ ઘણા થઈ શકે છે. જેમ કેઃ શૂરવીર પુરુષ, જ્ઞાની વ્યક્તિ કે સુંદર નારી ઓળખાયા વગર ન રહે!

એક બહુ સરસ ચોવક છેઃ 'સિકલ ચૂડેલજી, મિજાજ પરી જો' સિકલ શબ્દનો અર્થ છેઃ દેખાવ કે ચહેરો અને 'ચૂડેલજી' એટલે ચૂડેલની. મિજાજનો અર્થ થાય છેઃ મિજાજ, સ્વભાવ કે વર્તણુક! શબ્દાર્થ સ્પષ્ટ છે કે, દેખાવ ચૂડેલ જેવો અને મિજાજ પરી જેવો! પણ હકીકતમાં ઘણો ફેર હોવો! જેમ કે દેખાવે તો રૂપાળાં 'ત્રુ' (એક કડવું ફળ) પણ હોય પરંતુ સ્વાદ તેનો ખૂબ જ કડવો હોય છે. ગુજરાતીમાં આપણે ઘણીવાર કોઈને કહેતાં હોઈએ કે, રૂપાળુ તો ગધેડાનું બચ્ચું પણ હોયપ મતલબ કે રૂપાળા હોવું એ દેખાવ જરૂર છે, પરંતુ સ્વભાવે ગધેડા જેવા ડફોળ હોઈએ તો, એ રૂપની કિંમત શું? ખરું ને?

આજે સારપનો જમાનો નથી આવું આપણે બોલતાં કે સાંભળતાં હોઈએ છીએ. કચ્છીમાં ચોવક પણ એવો જ અર્થ બતાવે છે કે, 'સાર માંસાઈ જો જયાનું નાંય.' અહીં 'સાર' શબ્દો અર્થ છેઃ સારાપણું કે સારપ 'માંસાઈ'નો અર્થ થાય છેઃ માણસાઈ.

'જો' એટલે 'નો' 'જમાનૂં'નો અર્થ થાય છે જમાનો અને 'નાંય' એટલે નથી. મતલબ કે, સારમાણસાઈનો જમાનો નથી, પરંતુ આટલો જ અર્થ ચોવકનો નથી થતો. જ્યારે કોઈના ગુણ ધ્યાનમાં ન લેવાય ત્યારે આવો નિરાશાવાદી સૂર સાંભળવા મળે છે.

સારપને સમાવી લેતી બીજી પણ એવી ચોવક પ્રચલિત છેઃ 'સારો સૂડીયેં ચડે' 'સારો' શબ્દનો અર્થ થાય છેઃ સજજન. 'સૂડીયેં' એટલે ફાંસીએ અને 'ચડે'નો અર્થ છેઃ ચડે. શબ્દાર્થ છેઃ સજજન વ્યક્તિ જ ફાંસીએ ચડે અને ભાવાર્થ છેઃ સારપનો બદલો ખરાબપ મતલબ કે સજજનતા દાખવવા જતાં બદનામ થવું પડે તેવી સ્થિતિ.

ગુણ, જ્ઞાન અને સાધનાને પ્રમાણિત કરતી એક ચોવક છેઃ 'સાધે સે વાધે' 'સાધે' એટલે કે જે સાધના કરે તે અને 'વાધે' એટલે આગળ વધે.

ભણતરને મહત્ત્વ આપતી આ ચોવકનો સ્પષ્ટ અર્થ છેઃ જે સાધના કરે તે આગળ વધે. સાધવુંનો અર્થ જ એ છે કે, લક્ષ્યને વેધવું! એટલે જ તે અર્થની બીજી ચોવકમાં કહ્યું છેઃ 'સામી વે સે સિધિ વે' 'સામી' એટલે સ્વામી કે ગુરુ, 'વે સે' આ પણ એકાક્ષરી બે શબ્દ છે, જેનો અર્થ થાય છેઃ હોય તે. 'સિધ' એટલે જ્ઞાની. અને જો કોઈ વ્યક્તિ માટે તેનો ઉપયોગ થતો હોય તો તેનો અર્થ થાય છેઃ જાણકાર. શબ્દાર્થ છેઃ જે સ્વામી હોય તે જ્ઞાન સાધક જ હોય. ચોવક જે કહેવા માગે છે તે એટલું જ છે કે, જ્ઞાનનું ખૂબ જ મહત્ત્વ હોય છે.

એક કહેવત છેઃ સમજને માર હોય. એ જ વાત ચોવક પણ કહે છેઃ 'સમજ કે માર આય' અર્થ સ્પષ્ટ છે એટલે શબ્દાર્થ ન કરતાં ભાવાર્થ માણીએ. 'સમજ' હોવી એ ગુણ છે, જે સફળતા અપાવે છે અને 'સમજ' હોવી એ ઘણીવાર, દુઃખ પણ પેદા કરાવે છે!

# પાંચ વર્ષ સુધીના બાળકને અનુશાસનમાંથી મુકત રાખો

ભારતની શિક્ષણ પરંપરા વિશ્વમાં સૌથી પ્રાચીન છે. ન માત્ર પ્રાચીન, તે વિશ્વમાં સૌથી શ્રેષ્ઠ પણ છે. આટલી પ્રાચીન શિક્ષણ પરંપરામાં બાલ શિક્ષણના સંદર્ભમાં એક વાત ખાસ ધ્યાન દેવા જેવી છે. એ છે બાળકને શાળામાં બેસાડવાની ઉંમર. ભૂતકાળમાં વિદ્યાલયમાં વિદ્યાભ્યાસ માટે પ્રવેશની ઉંમર ક્યાંક સાત વર્ષની હતી, તો ક્યાંક છ વર્ષની હતી. કોઈપણ પરિસ્થિતિમાં પાંચ વર્ષ કે તેથી ઓછી ઉંમરના બાળકોનો વિદ્યાલયમાં પ્રવેશ થતો ન હતો. કોઈપણ પરિસ્થિતિમાં બાળકને પાંચ વર્ષની ઉંમર સુધી માતા-પિતા કે ઘરથી દૂર કરવું જોઈએ નહીં. પાંચ વર્ષ સુધીના બાળકને કોઈ અનુશાસનમાં બાંધવું જોઈએ નહીં. જ્યારે આપણે અઢી ત્રણ વર્ષના બાળકને મોન્ટેસરી, નર્સરી કે કે.જી.ના નામે વિદ્યાલયમાં મોકલીએ છીએ. ત્યાં તો પાઠ્યક્રમ લાગુ કરી દેવામાં આવે છે. સ્કૂલ બેગ, પુસ્તકો, ગૃહકાર્ય, પરીક્ષા વગેરે લાગુ પડી જાય છે. એનો સીધો અર્થ એ થાય કે આપણે બાળકને સમયથી બે ત્રણ વર્ષ વહેલું ભણાવવાનું શરૂ કરાવીને એને એક પ્રકારના બંધનમાં 'કેદ' કરી લઈએ છીએ.

જો કે નવી શિક્ષણ નીતિ – ૨૦૨૦ મુજબ હવે છ વર્ષની ઉંમરનું બાળક જ પહેલાં ધોરણમાં પ્રવેશ પાત્ર બનવાનું ફરજિયાત કરવામાં આવ્યું છે. ઉંમરના ત્રણ તબક્કા છે. ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધીનો પહેલો તબક્કો, છ થી પંદર વર્ષ સુધીનો બીજો તબક્કો અને સોળ વર્ષથી જીવનના અંત સુધીનો ત્રીજો તબક્કો. આ ત્રણેય તબક્કા જીવન વિકાસની મનોવૈજ્ઞાનિક પ્રક્રિયાના આધાર પર નક્કી કરવામાં આવ્યા છે. ગર્ભાવસ્થાથી પાંચ વર્ષની ઉંમર સુધીમાં સંસ્કાર ગ્રહણ ક્ષમતા સૌથી વધુ હોય છે. આ વાત સાથે ભારતીય અને પાશ્ર્ચાત્ય તમામ મનોવૈજ્ઞાનિકો સંમત છે. ક્યાંક ક્યાંક આ ઉંમર છ વર્ષની પણ બતાવવામાં આવે છે. પાંચ વર્ષ પૂરાં થયા પછી બુદ્ધિનો વિકાસ શરૂ થાય છે અને પંદર વર્ષ પૂરાં થતાં થતાં બુદ્ધિની ક્ષમતા પણ પૂરી થઈ જાય છે. એનાથી આગળ બુદ્ધિ વિકાસ થતો નથી. તેના પછી જે પણ બુદ્ધિ વધે છે તે અનુભવ અને કાર્યના માધ્યમથી જ વધે છે.

પાંચ વર્ષની ઉંમર સુધી વિકાસનું માધ્યમ સંસ્કાર છે. પંદર વર્ષની ઉંમર સુધી વિકાસનું માધ્યમ શિક્ષણ છે અને સોળ વર્ષની ઉંમરથી આગળ વિકાસનું માધ્યમ સ્વાધ્યાય છે. યોગની ભાષામાં જો કહેવામાં આવે તો પાંચ વર્ષની ઉંમર સુધી વિકાસ પ્રક્રિયાનું અધિષ્ઠાન 'ચિત્ત' છે, પંદર વર્ષની ઉંમર સુધી 'મન' અને સોળ વર્ષથી આગળ વિકાસની પ્રક્રિયાનું અધિષ્ઠાન 'બુદ્ધિ' છે. આપણે સંપૂર્ણ શિક્ષણ વ્યવસ્થાને આ મૂળભૂત વાતો સાથે જોડવી જોઈએ. આ સંદર્ભમાં આપણે શિક્ષણ વ્યવસ્થાનું વિભાજન કરવું જોઈએ. પાંચ વર્ષની ઉંમર સુધી ઘરમાં માતા-પિતા દ્વારા સંસ્કાર મેળવે, છથી પંદર વર્ષ સુધી આચાર્ય દ્વારા વિદ્યાલયમાં શિક્ષણ મેળવે અને સોળ વર્ષથી આગળ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરી સ્વતંત્ર શિક્ષણ મેળવે.



આપણા પૂર્વજો અને મહાપુરુષો આપણા પ્રેરણા સ્ત્રોત છે, એ પણ શિશુ અવસ્થાના શિક્ષણનો એક ભાગ છે. આ જ નૈતિક શિક્ષણ છે. એનાથી ચરિત્ર નિર્માણ થશે. બાળકને જે જે માધ્યમથી પ્રેરણા આપીએ, અનુભવ કરાવીએ છીએ એ આનંદદાયક હોવા જોઈએ. આ દૃષ્ટિએ ખેલ, ગીત, વાતો વગેરે ખૂબ જરૂરી છે. બાળકોને રમવામાં, ગાવામાં, નાચવા – કૂદવામાં, પાણીમાં પલળવામાં, ઘાસ કે રેતીમાં આળોટવામાં, વાતો સાંભળવામાં, સંગીત સાંભળવામાં અને મોટાઓનું અનુકરણ કરવામાં ખૂબ જ આનંદ આવે છે. અલબત્ત, આ બધાં સંસ્કારનાં આડકતરાં પણ જરૂરી માધ્યમ છે.

સંસ્કાર પ્રક્રિયામાં સૌથી વધુ અનુભવ અને પ્રેરણાનું મહત્ત્વ છે. બાળકને રંગના નામ યાદ ન રહે તો ચિંતાની વાત નથી. આંખોને વિવિધ પ્રકારના રંગ, રંગની રચના, રંગનું સમાયોજન વગેરે દેખાવું જોઈએ. ગીતના શબ્દો યાદ ના રહે તો ચિંતા નથી. તથ્ય યાદ ન રહે તો પણ ચિંતા નથી, પરંતુ ગીતનો ભાવ અને સ્વર અંદર ઊતરવા જોઈએ. પાણીમાં લાકડાં તરે છે અને લોખંડ ડૂબી જાય છે, એ જોવું જરૂરી છે. અર્થાત પોતાની ચારે બાજુની સૃષ્ટિનો અનુભવ કરવો,

તેમની સાથે તાદાત્મ્ય સાધવું, આનંદથી પુલકિત થઈ જવું, બધા તરફથી પ્રેમની વર્ષા થઈ રહી છે, એનો અનુભવ કરવો એ જ તેના અંતઃકરણને સમૃદ્ધ કરવાનો એક માત્ર સચોટ ઉપાય છે.

તંત્રી લેખ...

ગુરૂવાર, તા.૧૭ એપ્રિલ ૨૦૨૫

# સ્ટાલિનનું રાજકારણ

કેન્દ્ર અને તમિલનાડુ સરકાર વચ્ચેની તનાતની વધી જ રહી છે. મુખ્યમંત્રી એમકે સ્ટાલિને રાજ્યના હિતોના સંરક્ષણ માટે સલાહ આપવાના બહાને સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ કુરિયન જોસેફની અધ્યક્ષતામાં એક ઉચ્ચ સ્તરીય સમિતિની રચનાનું જે એલાન કર્યું છે, તેનાથી કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ટકરાવ વધવાની આશંકા વધી ગઈ છે. કેન્દ્ર સરકાર પર પોતાના બંધારણીય દાયરાના વારંવાર ઉલ્લંઘનનો આરોપ લગાવતાં સ્ટાલિને જે રીતે સ્વાયત્તાતા માટે અવાજ ઉઠાવ્યો છે, તે બિલકુલ ગેરબંધારણીય અને એક અતિવાદી પગલું છે. વિધાનસભામાં સ્ટાલિને જે કંઈ કહ્યું તેનો સાર એટલો જ છે કે તેઓ તમિલનાડુને એક સ્વાયત્ત રાજ્ય બનાવી દેવા માગે છે, જેમાં કેન્દ્ર સરકારનો હસ્તક્ષેપ ન હોય! જે સમયે કેન્દ્ર અને તમિલનાડુ સરકારના સંબંધો નિમ્નતમ સ્તર પર છે, એવા સમયે આવી અલગતાવાદી કોશિશ પાછળના બદઈરાદા સમજી શકાય તેમ છે. અસલમાં તમિલનાડુમાં આગામી વર્ષે વિધાનસભા ચૂંટણી થવાની છે અને આ વખતે ભાજપે તમિલનાડુનો કિલ્લો ભેદવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે. એટલે સ્ટાલિને પોતાની સરકાર બચાવવા માટે રાજ્યના નાગરિકોને ભરમાવવા માટે આ નવો ખેલ ખેલ્યો છે.

પહેલાં તેમણે ત્રિભાષા ફોર્મ્યૂલા અંતર્ગત હિંદી વિરોધનો એ જ જૂનો દાવ ચાલીને તમિલ અસ્મિતાનો ઝંડો ઉઠાવ્યો, પછી સંસદીય પરિસીમનમાં તમિલનાડુની સીટો ઓછી થવાની ખોટી આશંકા વ્યક્ત કરીને રાજ્યના લોકોને ઉશ્કેરવાની કોશિશ કરી. સ્ટાલિન જાણતા હશે કે કોઈપણ કેન્દ્રીય કાયદો રાષ્ટ્રીય જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે, કોઈ રાજકીય અદાવતને વશીભૂત થઈને નહીં. તેમનામાં એટલી સમજ પણ હશે કે બંધારણમાં કેન્દ્ર અને રાજયના વિષયો પૂરતી સ્પષ્ટતાથી નોંધાયેલા છે, સમવર્તી યાદીમાં બંનેના સહિયારા અધિકારો પણ સાફ લખેલા છે, એવામાં જોસેફ સમિતિની રચના પાછળ તેમનો મલીન ઈરાદો શો હશે? નવાઈની વાત એ છે કે સુપ્રીમમાં જજ રહી ચૂકેલા જોસેફ પણ આવી ભાગલાવાદી સમિતિના અધ્યક્ષ બનવા તૈયાર થઈ ગયા? જોસેફને બંધારણના નીતિ-નિયમોનું અર્થઘટન નહીં ખબર હોય? દિક્ષણનાં રાજ્યોએ પોતાની વાત મનાવવા માટે ટકરાવનો રસ્તો અપનાવવાને બદલે સૌહાર્દનો રસ્તો અપનાવવો જોઈે. રાજકીય દાવપેચમાં તેમણે એવો માહોલ ન બનાવવો જોઈએ, જેનાથી દેશના સંઘીય માળખાને કોઈ આંચ આવે. સ્ટાલિનના પગલે જો વિપક્ષ શાસિત અન્ય રાજ્યોના મુખ્યમંત્રીઓ પણ સ્વાયત્તતાનો રાગડો તાણવા માંડે તો આ દેશને તૂટતાં કોઈ નહીં બચાવી શકે. દિક્ષણનાં રાજ્યોએ એ પણ સમજી લેવું જોઈએ કે માત્ર તેમની સંપન્નતાના જોરે જ ભારત કંઈ વિકસિત દેશ નથી બની જવાનો, તેના માટે સર્વાંગી વિકાસની જ જરૂર પડશે.

# ન્યાયતંત્રમાં માળખાગત સુધારની જરૂર

ભારતીય ન્યાયતંત્રા કેટલાય પ્રકારની માળખાગત સમસ્યાઓ સામે ઝઝૂમી રહ્યું છે. તાજેતરમાં ન્યાયતંત્રમાં વ્યાપ્ત ભ્રષ્ટાચારને લઈને સુપ્રીમે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી. દિલ્હી હાઈકોર્ટના જજના આવાસ પરિસર પર મળેલી અધબળેલી નોટોએ ન્યાયાધીશ સ્તર પર વ્યાપ્ત ભ્રષ્ટાચાર તરફ ધ્યાન ખેંચ્યું હતું. ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર નવી વાત નથી. જોકે ભ્રષ્ટાચાર દૂર કરવા માટે માળખાગત સુધારાની જરૂર છે. ઈન્ડિયા જસ્ટિસ સિસ્ટમના તાજા રિપોર્ટ અનુસાર દેશમાં પ્રતિ દસ લાખ આબાદી પર માત્ર ૧૫ ન્યાયાધીશ છે, જે વર્ષ ૧૯૮૭ના કાયદા પંચની પ્રતિ દસ લાખની આબાદી પર ૫૦ ન્યાયાધીશોની ભલામણથી બહુ દૂર છે. આ દષ્ટિએ જોઈએ તો પ્રતિ દસ લાખ લોકો પર દેશમાં ૩૫ જજો ઓછા છે, જે ઘણું ચિંતાજનક છે. ભારતીય અદાલતોમાં જજોની અછત, ભવનો અને ચેમ્બરોની અછત, પ્રશિક્ષિત કર્મીઓની અછત અને ટેક્નલોજી અપનાવવામાં વિલંબ જેવી અનેક સમસ્યાઓ છે, જેને કારણે વિભિન્ન અદાલતોમાં પેન્ડિંગ કેસોની સંખ્યા સાડા ચાર કરોડને પાર ચાલી ગઈ છે. એમાં ૮૭.૬ ટકા કેસો અધીનસ્થ ન્યાયાલયો અને ૧૨.૩ ટકા ઉચ્ચ ન્યાયાલયોમાં પડતર છે.

ન્યાય મેળવવાનીસમય સીમા એટલી લાંબી થતી જાય છે કે લોકોની આશા જ મરી જાય છે. અદાલતોમાં ભ્રષ્ટાચાર આ સ્થિતિને કારણે પણ છે. હાઈકર્ટોમાં ખાલી કુલ સ્વીકૃત પદોના ૩૩ ટકા હતા. રિપોર્ટમાં ૨૦૨૫માં ૨૧ ટકા ખાલી પદોનો દાવો કરવાાં આવ્યો, જે હાલના ન્યાયાધીશો માટે ેક વધુ કાર્યભારને દર્શાવે છે. રાષ્ટ્રીય સ્તર પર જિલ્લા ન્યાયાલયોમાં પ્રતિ ન્યાયાધીશ સરેરાશ કાર્યભાર ૨૨૦૦ કેસો છે. અલ્હાબાદ અને મધ્ય પ્રદેશ હાઈકોર્ટોમાં પ્રતિ ન્યાયાધીશ કેસોનો બોજ ૧૫૦૦૦ છે. ઈન્ડિયા જસ્ટિસ સિસ્ટમનો રિપોર્ટ આપણી ન્યાય વ્યવસ્થાની ગંભીર તસવીર ઉજાગર કરે છે. કાનૂની સહાયતા પર રાષ્ટ્રીય પ્રતિ વ્યક્તિ ખર્ચ ૬.૪૬ રૂપિયા પ્રતિ વર્ષ છે, જયારે ન્યાયપાલિકા પર રાષ્ટ્રીય પ્રતિ વ્યક્તિ ખર્ચ ૧૮૨ રૂપિયા છે. કોઈપણ રાજ્ય ન્યાયપાલિકા પર પોતાના કુલ વાર્ષિક ખર્ચના એક ટકાથી વધારે ખર્ચ નથી કરતું. ઈન્ડિયા જસ્ટિસ રિપોર્ટ સેન્ટર ફોર સોશ્યલ જસ્ટિસ, કોમન કોઝ, કોમનવેલ્થ હ્યુમન રાઈટ્સ ઈનિશિએટિવ અને વિધિ સેન્ટર ફોર લીગલ પોલિસી જેવી કેટલીય સંસ્થાઓ સાથે મળીને તૈયાર કરવામાં આવી છે. પહેલ ૨૦૧૯માં ટાટા સન્સે કરી હતી, ત્યારથી આ ચોથો રિપોર્ટ છે. તેની પાછળ મકસદ ભારતમાં ન્યાયની સ્થિતિનું આકલન છે. અદાલતોમાં મહિલાઓની સંખ્યા જરૂર વધી છે, પરંતુ એસસી, એસટી અને ઓબીસી સમુદાયથી જજોનું પ્રતિનિધિત્વ અપેક્ષાકૃત ઓછું છે. હાલમાં વિભિન્ન અદાલતોમાં સ્વીકૃત પદોમાંથી છ હજારતી વધુ ન્યાયાધીશોનાં પદ ખાલી છે. નીચલી અદાલતોમાં ૫૭૪૮ જજોનાં પદ ખાલી છે જે કુલ સ્વીકૃત પદોના લગભગ ૨૧ ટકા છે. આજે જરૂરિયાત ન્યાયપાલિકામાં માળખાગત સુધારની છે, ખાલી પદો ભરવાની છે, જનસંખ્યા અને જજોના અનુપાતને આદર્શ બનાવવાની છે.

**સૂત્રો અનુસાર, ઇડીને ડિસેમ્ર ૨૦૧૭ના આવકવેરા વિભાગના મૂલ્યાંકન આદેશમાં તથ્ય મળ્યું છે**

# નેશનલ હેરાલ્ડ કેસ : શું આખી દાળ કાળી છે?

નેશનલ હેરાલ્ડ કૌભાંડ મામલે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી વિરુદ્ધ ઈડીનો સકંજો કાસતાં જ રાજનીતિમાં ગરમી આવી ગઈ છે. કોંગ્રેસ જ્યાં ભાજપ પર રાજકીય બદલાનો આરોપ લગાવીને ઈડીની કાર્યવાહીના વિરોધમાં દેશભરમાં સડકો પર ઉતરીને વિરોધ પ્રદર્શન કરી રહી છે, ત્યાં જ ભાજપે કહ્યું છે કે ઈડીની ચાર્જશીટ કોંગ્રેસના ભ્રષ્ટાચારનું જીવતું-જાગતું ઉદાહરણ છે. માનવામાં આવે છે કે આવનાર દિવસોમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીની મુશ્કેલીઓ વધી શકે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પહેલાં જ કહી ચૂક્યા છે કે જેણે દેશને લૂંટ્યો છે તેને લૂંટનો માલ પરત કરવો જ પડશે. આ મુદ્દે ભાજપ અને કોંગ્રેસના આરોપ-પ્રત્યારોપથી ઈતર જો ઈડીના આરોપપત્ર (ચાર્જશીટ)ને જોઈએ તો એવું લાગે છે કે દાળમાં કશું કાળું નહીં, પરંતુ આખી દાળ જ કાળી છે!

ઈડીએ નેશનલ હેરાલ્ડ કેસમાં પોતાની ચાર્જશીટમાં કહ્યું છે કે કોંગ્રેસી નેતાઓએ તેની મૂળ કંપની એજેએલ (એસોસિએટેડ જર્નલ લિ.)ની ૨૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ 'હડપવા' માટે 'અપરાધિક ષડયંત્ર' રચ્યું હતું અને તેના માટે તેમણે ૯૯ ટકા શેર માત્ર ૫૦ લાખ રૂપિયામાં પોતાની એ ખાનગી કંપની 'યંગ ઈન્ડિયન'ને ટ્રાન્સફર કરી દીધા, જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી સૌથી મોટા શેરધારકો છે. વિશેષ ન્યાયાધીશ વિશાલ ગોગનેની અદાલતમાં ધનશોધન નિવારણ અધિનિયમ (પીએમએલએ)ની વિભિન્ન કલમો અંતર્ગત દાખલ ફરિયાદમાં સંઘીય તપાસ એજન્સીએ કોંગ્રેસનાં પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને આરોપી નંબર-૧ અને તેમના પુત્ર અને લોકસભામાં નેતા પ્રતિપક્ષ રાહુલ ગાંધીને આરોપી નં-૨ ગણાવ્યા છે. ૯ એપ્રિલે દાખલ ઈડીની ચાર્જશીટમાં અન્ય આરોપીઓમાં કોંગ્રેસી નેતા સુમન દુબે અને સામ પિત્રોડા, બે કંપનીઓ યંગ ઈન્ડિયન (વાયઆઈ) અને ડોટેક્સ મર્ચેન્ડાઈઝ પ્રાઈવેટ લિમિટેડ અને તેના સુનિલ ભંડારી સામેલ છે. ઈડીએ પીએમએલએની કલમો ૪૪ અને ૪૫ અંતર્ગત 'ધનશોધનના અપરાધને અંજામ આપવા'ની સાથે સાથે જ કલમ ૭૦ (કંપનીઓ દ્વારા અપરાધ) અંતર્ગત ચાર્જશીટ દાખલ કરવામાં આવી છે. ઈડીએ પીએમએલએની કલમ-૪ અંતર્ગત આરોપીઓ માટે સજાની માંગ કરી છે. આ કલમ અંતર્ગત સાત વર્ષ સુધી જેલ થઈ શકે છે. અદાલતે આ કેસની સુનાવણી ૨૫ એપ્રિલે નક્કી કરી છે.

જોકે આ સંભવતઃ પહેલી વાર છે કે જ્યારે ઈડીનો ધનશોધન કેસ અધીનસ્થ અદાલત દ્વારા એક ખાનગી ફરિયાદની નોંધ લેવા અને ત્યારબાદ કેસ શરૂ કરવા માટે આરોપીઓને સમન્સ જારી કરવાથી ઉપજેલો છે. એજન્સી સામાન્ય રીતે પીએમએલએ અંતર્ગત, અધિનિયમની અનુસૂચિ-એ અને બીમાં સૂચિબદ્ધ અપરાધની નોંધ લે છે. કહેવાય છે કે ઈડીએ આ મામલે ૯૮૮ કરોડ રૂપિયા 'અપરાધથી કમાયેલી આવક' અને સંબદ્ધ સંપત્તિઓનું હાલનું બજારમૂલ્ય ૫૦૦૦ કરોડ રૂપિયા ગણાવ્યું છે. ઈડીએ ગત શનિવારે કહ્યું હતું કે તેણે ૬૬૧ કરોડ રૂપિયાની અચલ સંપત્તિઓને કબ્જામાં લેવા માટે નોટિસ જારી કરી છે, જેને તેણે આ તપાસ અંતર્ગત કુર્ક કરી છે. ઉલ્લેખનીય છે કે એજેએલ 'નેશનલ હેરાલ્ડ' સમાચાર પ્લેટફોર્મ (અખબાર અને વેબ પોર્ટલ)નું પ્રકાશક છે અન તેની માલિકી યંગ ઈન્ડિયન પ્રાઈવેટ લિમિટેડ પાસે છે. એજન્સીએ ચાર્જશીટમાં કહ્યું છે કે દિવંગત કોંગ્રેસ નેતા મોતીલાલ વોરા અને ઓસ્કર ફર્નાન્ડિસ વિરુદ્ધ કાર્યવાહી સ્થગિત થઈ ગઈ છે અને તે આગામી દિવસોમાં એક પૂરક ચાર્જશીટ પણ દાખલ કરી શકે છે.

સૂત્રો અનુસાર, ઈડીને ડિસેમ્ર ૨૦૧૭ના આવકવેરા વિભાગના મૂલ્યાંકન આદેશમાં તથ્ય મળ્યું છે. ચાર્જશીટમાં કહેવાયું છે કે એજેએલ, યંગ ઈન્ડિયનના 'મુખ્ય અધિકારીઓ' અને અખિલ ભારતીય કોંગ્રેસ કમિટી (એઆઈસીસી)ના મુખ્ય પદાધિકારીઓએ એક અનલિસ્ટેડ જાહેર કંપની એજેએલની ૨૦૦૦ કરોડ રૂપિયાની સંપત્તિ હડપવા માટે એક 'અપરાધિક ષડયંત્ર' રચ્યું, જેમાં 'મામૂલી રકમ' ૫૦ લાખ રૂપિયામાં ૯૯ ટકા શેરો યંગ ઈન્ડિયન નામની એક ખાનગી કંપનીના પક્ષમાં ટ્રાન્સફર કરી દેવામાં આવ્યા. સોનિયા ગાંધી અને રાહુલ ગાંધી પાસે યંગ ઈન્ડિયનના ૩૮-૩૮ ટકા શેર છે, જેનાથી તેઓ કંપનીના બહુમતી શેરધારક બની ગયા. બાકી ૨૪ ટકા શેર મોતીલાલ વોરા અને ફર્નાન્ડિસ પાસે સંયુક્ત રૂપે હતા, જેઓ ઈડી અનુસાર ગાંધી પરિવારના 'નજીકના સહયોગી' હતા. માનવામાં આવે છે કે ઈડીએ પોતાની તપાસ દરમ્યાન જોયું કે આરોપીઓએ 'અપરાધિક કાવતરું રચ્યં અને એઆઈસીસી દ્વારા એજેએલને આપવામાં આવેલ ૯૦.૨૧ કરોડ રૂપિયાની બાકી લોનને ૯.૦૨ કરોડ રૂપિયાના ઈક્વિટી શેરમાં બદલી નાખી અને એ તમામ શેરને માત્ર ૫૦ લાખ રૂપિયામાં યંગ ઈન્ડિયનના પક્ષમાં ટ્રાન્સફર કરી દેવાયા.' આ તપાસ દરમ્યાન ઈડીએ સોનિયા અને રાહુલની પૂછપરછ કરી હતી.

સૂત્રોએ દાવો કર્યો કે આ હસ્તાંતરણના માધ્યમથી આરોપીઓએ હજારો કરોડ રૂપિયાના ભાવની એજેએલની તમામ સંપત્તિઓની 'લાભકારી' માલિકી પ્રભાવી રૂપે સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને હસ્તાંતરિત કરી દીધી. તેમણે દાવો કર્યો કે યંગ ઈન્ડિયનને કંપની અધિનિયમની કલમ-૨૫ અંતર્ગત 'બિનલાભકારી' કે ધર્માર્થ કંપની રૂપે શરૂ કરવામાં આવી હતી, જે આ મામલે કોંગ્રેસ પાર્ટી દ્વારા વારંવાર એ રેખાંકિત કરવા માટે કરાયેલો બચાવ હતો કે તેમાં કોઈ ખોટું કામ નથી થયું. ઈડીએ દાવો કર્યો કે તેની તપાસમાં ખબર પડી કે 'કંપનીએ એવી કોઈ ધર્માર્થ ગતિવિધિ નથી કરી.' એજન્સીએ ચાર્જશીટમાં એ કહેવા માટે ૨૦૧૭ના આવકવેરા વિભાગના મૂલ્યાંકન આદેશનો ઉપયોગ કર્યો છે કે યંગ ઈન્ડિયને ૪૧૪ કરોડ રૂપિયાથી વધારેની કરચોરી કરી છે, કારણ કે તેણે એજેએલની સંપત્તિઓને ગેરકાયદે રૂપે મેળવી છે.યાદ રહે કે આ કેસમાં ઈડીની તપાસ ૨૦૨૧માં શરૂ થઈ, જ્યારે દિલ્હીના પટિયાલા હાઉસ કોર્ટમાં મેટ્રોપોલિટન મેજિસ્ટ્રેટે ૨૬ જૂન ૨૦૧૪ના રોજ ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામી દ્વારા દાખલ એક ખાનગી ફરિયાદની નોંધ લીધી હતી. આ આદેશને આરોપીઓએ દિલ્હી હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. જોકે બંને અદાલતોએ સુનાવણી પ્રક્રિયામાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કરી દીધો હતો.

**બીજા કોઈ પણ સંજોગોમાં પણ ન્યાયતંત્રને બિલની સમીક્ષા કરવાનો અધિકાર છે**

# રાજ્યપાલ આર. એન. રવિ નવા વિવાદમાં ફસાયા

## રવિએ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ ભરવા માટે 'જય શ્રી રામ' ના નારા લગાવડાવ્યા એવી દલીલ થાય છે

તમિલનાડુ વિધાનસભાએ પસાર કરેલાં બિલોને અટકાવી રાખવા બદલ સુપ્રીમ કોર્ટની અડફેટે ચડી ગયેલા તમિલનાડુના રાજ્યપાલ આર. એન. રવિ નવા વિવાદમાં ફસાયા છે. રવિ શનિવારે મદુરાઈની એક ખાનગી એન્જિનિયરિંગ કૉલેજના કાર્યક્રમમાં મુખ્ય મહેમાન બન્યા હતા. કાર્યક્રમમાં રવિએ વિદ્યાર્થીઓને તેમના ભાષણના અંતે ઉત્સાહિત થવા કહ્યું અને વિદ્યાર્થીઓને 'જય શ્રી રામ' ના નારા લગાવવાનું કહ્યું તેમાં બખેડો ઊભો થઈ ગયો છે. રવિ વિદ્યાર્થીઓને 'જય શ્રી રામ' ના નારા લગાવવાનું કહેતા હોય એવો વીડિયો બહાર આવ્યો પછી ભાજપ સહિતના તમામ પક્ષોએ રવિને ઝાટકી કાઢ્યા છે.

તમિલનાડુમાં ડીએમકે-કૉંગ્રેસ સહિતના કહેવાતા સેક્યુલર પક્ષોની સરકાર છે ને રવિ સાથે તેમને પહેલેથી છત્રીસનો આંકડો છે એટલે તક મળતાં જ બધા તૂટી પડ્યા છે. કૉંગ્રેસ સહિતના પક્ષોનું કહેવું છે કે આર.એન. રવિ બંધારણીય હોદ્દા પર બેઠા છે ત્યારે 'જય શ્રી રામ' ના નારા લગાવવાનું વિદ્યાર્થીઓને કહેવા જેવાં કૃત્ય તેમને શોભતાં નથી. રવિ એક ધાર્મિક નેતાની જેમ બોલી રહ્યા છે અને રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અને ભાજપના પ્રચાર માસ્ટર બની ગયા છે.

તમિલનાડુના કહેવાતા શિક્ષણ વિશેની બનેલી સંસ્થા તમિલનાડુ સ્ટેટ કોમન સ્કૂલ સિસ્ટમ ફોરમ (એસપીસીએસએસ) એ પણ રવિ સામે વાંધો લીધો છે. ફોરમે રવિ સામે બંધારણીય શપથનું ઉલ્લંઘન કરવાનો આક્ષેપ કરીને તેમને તાત્કાલિક રાજ્યપાલપદ પરથી દૂર કરવાની માગ કરી છે. તમિલનાડુ સ્ટેટ યુનિફોર્મ સ્કૂલ સિસ્ટમ ફોરમનું કહેવું છે કે, રાજ્યપાલ રવિ તમિલનાડુના શૈક્ષણિક માળખા અને સાંસ્કૃતિક બાબતોથી અજાણ છે અને તમિલનાડુની શાળાઓ અને કૉલેજોમાં અનુસરવામાં આવતા અભ્યાસક્રમથી પણ અજાણ છે. અજ્ઞાન અને ઘમંડને કારણે રાજ્યપાલ શાંતિમાં ખલેલ પહોંચાડી રહ્યા છે.

ફોરમનો મત છે કે રાજ્યપાલ એક સમુદાયને બીજા સમુદાય સામે ઉશ્કેરવાના ઉદ્દેશ્યથી ખોટા વિચારો ફેલાવી રહ્યા છે. ફોરમે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂને પત્ર લખીને ભારતીય બંધારણની કલમ ૧૫૯નું ઉલ્લંઘન કરવા બદલ રવિને પદ પરથી દૂર કરવા વિનંતી કરી છે. બંધારણની કલમ ૧૫૯ રાજ્યપાલો દ્વારા લેવામાં આવતા શપથ સાથે સંબંધિત છે. આ કલમ હેઠળ રાજ્યપાલે બિનસાંપ્રદાયિક બનીને વર્તવું ફરજિયાત છે અને રાજ્યપાલ કોઈ ચોક્કસ ધર્મનો પ્રચાર નથી કરી શકતા. બીજાં ઘણાંએ પણ રવિની ટીકા કરી છે અને તેમનો મત પણ એ જ છે કે, રાજ્યપાલે 'જય શ્રી રામ' નારા બોલાવડાવીને પોતાના બંધારણીય હોદ્દાને લાંછન લગાડ્યું છે.

રાજ્યપાલ રવિએ 'જય શ્રી રામ'ના નારા લગાવડાવીને બંધારણીય ગરિમાનું ઉલ્લંઘન કર્યું છે કે નહીં એ રાષ્ટ્રપતિ નક્કી કરશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ પણ ભાજપનાં છે એ જોતાં એ કદાચ રવિની તરફદારી કરે તો મામલો સુપ્રીમ કોર્ટમાં પણ જઈ શકે છે. મામલો સુપ્રીમ કોર્ટમાં જાય એ સંજોગોમાં સુપ્રીમ કોર્ટ શું કરશે એ ખબર નથી પણ રાજ્યપાલ રવિએ પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે તેમાં શંકા નથી. ભારતમાં હિંદુઓની બહુમતી છે તેથી રાજ્યપાલે 'જય શ્રી રામ' ના નારા લગાવડાવ્યા તેમાં શું આભ તૂટી પડ્યું એવો પણ ઘણાંનો મત હોઈ શકે. બલકે બહુમતી લોકોને મત એવો હોઈ શકે પણ આ મત બંધારણની જોગવાઈઓને અનુરૂપ નથી. રાજ્યપાલ તરીકે કોઈ ધર્મના નારા લગાવડાવવા એ ખોટું જ છે.

જેમને લાગતું હોય કે, રાજ્યપાલે કોલેજના વિદ્યાર્થીઓને 'જય શ્રી રામ'ના નારા લગાવડાવ્યા તેમાં કશું ખોટું નથી તેમણે એક વાતનો વિચાર કરવો જોઈએ કે કોઈ મુસ્લિમ રાજ્યપાલ હોત ને તેણે અલ્લાહુ અકબર કે બીજો કોઈ નારો વિદ્યાર્થીઓ પાસે લગાવડાવ્યો હોત તો હિંદુઓ એ સહન કરી શકે? બિલકુલ ના કરી શકે. એ હરકત બંધારણીય જોગવાઈની વિરુદ્ધ જ કહેવાય અને આવી હરકતને બિલકુલ ના પોષાય.

મિશનરી સ્કૂલોમાં આપણાં બાળકોને ખ્રિસ્તી પ્રાર્થના કરાવાય તેની સામે આપણને વાંધો હોય જ છે તો આ ઘટના સામે વાંધો લેવાય તેમાં કશું ખોટું નથી. વ્યક્તિગત રીતે પણ રાજ્યપાલ રવિની ધાર્મિક માન્યતા ગમે તે હોય, વિદ્યાર્થીઓને એ નારા લગાવવાની ફરજ બિલકુલ ના પાડી શકાય. રવિને આ દેશના નાગરિક તરીકે પોતાની ધાર્મિક માન્યતાઓ રાખવાનો અધિકાર છે પણ બંધારણીય હોદ્દા પર બેઠા પછી તેમણે આ માન્યતાઓને બાજુ પર મૂકવી જ પડે, એક હિંદુ તરીકે નહીં પણ એક સેક્યુલર તરીકે જ વર્તવું પડે કેમ કે આ દેશનું બંધારણ ભારતને સેક્યુલર માને છે. ભારત હિંદુ રાષ્ટ્ર બને ત્યારે જે નારા લગાવવા હોય એ લગાવજો, એ વખતે કોઈ નહીં રોકે. રવિએ વિદ્યાર્થીઓમાં ઉત્સાહ ભરવા માટે 'જય શ્રી રામ' ના નારા લગાવડાવ્યા એવી દલીલ થાય છે. રાજ્યપાલ વિદ્યાર્થીઓને ઉત્સાહિત કરવા જ માગતા હતા તો દેશનો જયજયકાર કરતા નારા પણ લગાવડાવી શક્યા હોત પણ તેના બદલે તેમણે ધર્મના નારા લગાવડાવ્યા. રાષ્ટ્ર ધર્મ કરતાં મહાન છે અને તેનાથી ઉપર કશું ના આવે એવું આપણે કહીએ છીએ. ધર્મને રાષ્ટ્રથી ઉપર ગણનારાંને આપણે ઝાટકીએ છીએ ત્યારે બંધારણીય હોદ્દા પર બેઠેલાં લોકોની તો એ ફરજ બને છે.

જો કે આ ઘટનાને ભાજપ અને સંઘ સાથે જોડી દેવાય છે એ રાજકીય ફાયદા માટેની હલકી હરકત છે. રાજ્યપાલે 'જય શ્રી રામ' ના નારા લગાવડાવ્યા એ તેમની અંગત પસંદગી છે ને તેને ભાજપ સાથે કંઈ લેવાદેવા નથી. નરેન્દ્ર મોદી હોય, અમિત શાહ હોય કે ભાજપના બંધારણીય હોદ્દા પર બેઠેલા બીજા કોઈ નેતા હોય, કોઈએ પોતે હોદ્દાની રૂએ હાજર રહ્યા હોય એવા કાર્યક્રમમાં હજુ સુધી આ રીતે ધર્મના નારા લગાવડાવ્યા હોય એવું નથી બન્યું. તો પછી આ ભાજપની વિચારધારા હોવાનું કઈ રીતે કહી શકાય?

આર.એન. રવિ સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઇ)માં સેવા આપી ચૂકેલા પૂર્વ આઈપીએસ અધિકારી છે. આરએન રવિએ ૨૦૨૧માં તમિલનાડુના રાજ્યપાલ તરીકેનો કાર્યભાર સંભાળ્યો એ પહેલાં કે પછી તેમને ભાજપ સાથે કંઈ લેવાદેવા નથી. આ સંજોગોમાં તેમની હરકતને ભાજપની હરકત કે વિચારધારા ના ગણાવી શકાય.

જે લોકો આ ઘટનાને ભાજપ કે સંઘ સાથે જોડી રહ્યા છે તેમના પોતાના રાજકીય સ્વાર્થ છે. ભાજપ હિંદુત્વને થોપીને આ દેશને હિંદુ રાષ્ટ્ર બનાવવા માગે છે એવો ડર પેદા કરવાની મલિન માનસિકતા સાથે એ લોકો વર્તી રહ્યા છે. આ ડર પેદા કરીને ચોક્કસ સમુદાયની મતબેંકને પોતાની તરફ વાળવાના તેમના બદઈરાદા છે.

**આર્થિક બાબતે ઘણી અસમતુલા જોવા મળે, ધન આગમન ઓછું અને ધન વ્યય વધારે થાય**

# શનિ રાશિ પરિવર્તન-૨ કઈ રાશિને આ ગોચર પ્રભાવી

## શનિદેવનું મીન રાશિમાં ગોચર પ્રભાવ વિશે આજે બીજા ભાગમાં ચાર રાશિના જાતકો અંગે ચર્ચા કરીશું.

શનિદેવનું મીન રાશિમાં ગોચર પ્રભાવ વિશે આજે બીજા ભાગમાં ચાર રાશિના જાતકો અંગે ચર્ચા કરીશું. કયા જાતકોને પનોતી ચાલુ થશે, નોકરી-વ્યવસાય, વેપાર, ખેતીના ક્ષેત્રમાં જાતકોને આ શનિદેવનું રાશિ પરિવર્તન કઈ અસરો કરશે તે વિશે ચર્ચાને આગળ ચલાવીએ.

સિંહ : અષ્ટમ ભાવમાં શનિદેવનું આ ગોચર આ રાશિના જાતકોની કુંડળીમાં થશે. અહીંથી શનિદેવની દષ્ટિ કર્મભાવ પર, આર્થિક ભાવ પર અને પંચમ ભાવ પર રહેશે. આ

રાશિના જાતકોને નાની પનોતી (ઢૈયા)નો તબક્કો શરૂ થયો. આ સમય ચિંતનનો, આત્મ બદલાવનો અને ધીરજની કસોટીનો છે. માનસિક પરેશાની વધશે.

આર્થિક રીતે આ સમય કઠિન રહેશે. ખોટો ખર્ચ વધે. નવા પ્રોજેક્ટ હાથ પર ન લેવા. નવી લોન લેવી નહીં. નોકરિયાદ વર્ગની એવી જગ્યાએ ટ્રાન્સફર થાય, જ્યાં તમે ન ઈચ્છતા હો.

વિદ્યાર્થીનું ધ્યાન ભટકી જાય, મહેનત જ સફળતા અપાવશે. જૂની બીમારી ફરીવાર હેરાન કરે. વિદેશ યાત્રાનો મોકો મળે. નોકરી માટે વિદેશગમનની સંભાવના.

ઉપાય : પીપળાના વૃક્ષના મૂળને શનિવારે જળ અર્પણ કરવું. ૐ શં શનૈશ્ચરાય નમઃ મંત્રની માળા કરવી. કાળા તલ, કાળા અડદનું દાન કરવું. સુંદરકાંડનો પાઠ મંગળવારે કરવો.

કન્યા : સપ્તમ ભાવમાં થનારું આ ગોચર ચતુર્થ ભાવ, દેહભાવ અને ભાગ્ય ભાવ પર શનિદષ્ટિ રહેશે. આર્થિક સ્થિતિમાં ધીમો બદલાવ જોવા મળે. બિનજરૂરી ખર્ચ ઘટાડવો. નોકરીમાં અસ્થિરતા જોવા મળે. વ્યવસાયમાં ભાગીદારી હોય તો પરિવર્તન થાય. વિદ્યાર્થી મહેનત કરશે તો ફળ મળશે. વિદેશમાં અભ્યાસની તક છે. લગદ્ધ માટે પ્રયત્નશીલ જાતકોએ થોડીરાહ જોવી પડે. શરૂઆતનો સમય તકલીફવાળો રહે, કન્યા રાશિના જાતકો માટે મધ્યમ કક્ષાનું આ શનિ ગોચર રહેશે.



ઉપાય : ૐ પ્રાં પ્રી પ્રૌં શં શનૈશ્ચરાય નમઃ મંત્રાની શનિવારે માળા કરવી. જરૂરિયાતમંદ લોકોને મદદ કરવી. હનુમાનજીની ઉપાસના કરવી.

તુલા : આ રાશિના જાતકો માટે ષષ્ટમ ભાવમાં આ ગોચર થશે. ઉજ્જવળ ભવિષ્યના નિર્માણનો પાયો આ સમયમાં નખાશે. સફળતાના નવા રસ્તા ખૂલે, નવી તક મળે. પરંતુ આ સમય સમતોલન સાધવાનો છે. તમારી આવકમાં સ્થિરતા જોવા મળે. બચત કરવાની ટેવ પાડવી પડશે નહિ તો ખર્ચ થઈ જાય. નોકરિયાત અને વ્યવસાયી જાતકો માટે સારો સમય. આ રાશિના જાતકોએ બધાને સાથે લઈને ચાલશો તો સફળતાનો સ્વાદ ચાખી શકશો. આપની કુંડળીમાં ચંદ્ર પીડિત અવસ્થામાં ન હોય તો આ ગોચર લાભદાયી છે. નવું ઘર ખરીદીશકો, વર્તમાન ઘરમાં રિનોવેશન થાય.

ઉપાય : હનુમાનજીના શરણે જવું. ૐ શં શનૈશ્ચરાય નમઃ મંત્રની શનિવારે માળા કરવી.

વૃશ્ચિક : આ રાશિના જાતકો માટે પંચમ ભાવમાં શનિદેવનું ગોચર થશે. આ રાશિના જાતકોએ સાવધાન થઈને આગળ વધવું. માનસિક મજબૂતીની કસોટી થશે. ધૈર્ય ગુમાવશો તો ઘણું ગુમાવશો.

આર્થિક બાબતે ઘણી અસમતુલા જોવા મળે, ધન આગમન ઓછું અને ધન વ્યય વધારે થાય. નાણાંકીય વ્યવહાર ટાળવો. પૈસા ફસાઈ જવાની સંભાવના છે. નોકરિયાત, વ્યાવસાયકારો, વેપારીઓ માટે મધ્યમ કક્ષાનો આ સમય. સંબંધોમાં તણાવ ઊભો થાય. વિદ્યાર્થીઓ માટે કટોકટીનો સમય. અભ્યાસમાં મન ન લાગે. મેડિટેશન પ્રાણાયમ દ્વારા ફોકસ વધારવું. આવનાર મુશ્કેલીને સમજી આગળ વધવું હિતાવહ.

ઉપાય : શનિવારે પીપળાને જળ અર્પણ કરવું. કાળાં વસ્ત્રો, તલ-અડદનું દાન કરવું. શનિ ચાલીસા, હનુમાન ચાલીસા, બજરંગબાણનો પાઠ કરવો.

# લોકોને ગેરમાર્ગે દોરવાનું સામંથાને મંજૂર નથી ૧ વર્ષમાં ૧૫ બ્રાન્ડ એન્ડોર્સમેન્ટ ઓફર ફગાવી

## બ્રાન્ડ એન્ડોર્સમેન્ટની દરેક ઓફરનો જવાબ આપતાં પહેલા સામંથા ત્રણ ડોક્ટર્સ પાસે ચકાસણી કરાવે છે

સામંથા રૂથ પ્રભુની પરિપક્વતા અને સમજણમાં સમયની સાથે વધારો થઈ રહ્યો છે. નાગા ચૈતન્ય સાથે છૂટાછેડા અને માયોસિટીસની બીમારી બાદ સામંથાએ પોતાની કરિયરની નવેસરથી શરૂઆત કરી છે અને આ વખતે સામંથા વધારે સભાનતા સાથે નિર્ણય લઈ રહી છે. લોકોને ગેરમાર્ગે દોરે અથવા નુકસાન પહોંચાડી શકે તેવી બ્રાન્ડનું એન્ડોર્સમેન્ટ કરવાનું સામંથાને સહેજ પણ પસંદ નથી. સામંથાએ તાજેતરમાં જણાવ્યું હતું કે, છેલ્લા એક વર્ષમાં તેણે બ્રાન્ડ એન્ડોર્સમેન્ટની ૧૫ ઓફર રીજેક્ટ કરી છે અને કરોડો રૂપિયા કમાવાની તક જતી કરી છે.

સામંથાએ એક પોડકાસ્ટ દરમિયાન જણાવ્યું હતું કે, તેણે ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં પ્રવેશ કર્યો ત્યારે ઉંમરના બીજા દાયકામાં હતી. તે સમયે હાથ પરના પ્રોજેક્ટ્સ અને બ્રાન્ડ એન્ડોર્સમેન્ટની સંખ્યા જોઈને સફળતાને માપવામાં આવતી હતી. ઘણી મલ્ટિનેશનલ બ્રાન્ડ્સના એમ્બેસેડર તરીકે પસંદગી થતી હોવાથી સામંથા પણ ખૂબ ખુશ હતી. સામંથાના આ વિચારમાં બે દાયકા બાદ ધરમૂળથી પરિવર્તન આવ્યું છે. સામંથાનું માનવું છે કે, હવે વધારે ભૂલો કરવી જોઈએ નહીં. ઓફર પસંદ કરતા પહેલા આત્મનિરીક્ષણ કરવાનું મારા માટે જરૂરી હતું અને યોગ્ય લાગે તે જ કરવું હતું.



સામંથાએ પોતાના જ બે અલગ-અલગ સ્વરૂપ અંગે વાત કરતાં કહ્યું હતું કે, નોનસેન્સ પસંદગી બદલ નાની સામંથાએ મોટી-હાલની સામંથાની માફી માગવી જોઈએ તેવું લાગે છે.

ઉંમરમાં બીજો દાયકો વટાવી ચૂકેલા ચાહકોને સામંથાએ કહ્યું હતું કે, પોતે અપરાજિત રહેશે તેવું માનવાની ભૂલ ક્યારેય કરવી જોઈએ નહીં. ઘણી તકલીફો પછી આ હકીકત સમજાઈ છે. વર્ષો પહેલા આડેધડ એન્ડોર્સમેન્ટ કર્યા હતા, પરંતુ છેલ્લા એક વર્ષમાં જ ૧૫ બ્રાન્ડની એન્ડોર્સમેન્ટ ઓફર રીજેક્ટ કરી છે. આ નિર્ણયથી કરોડો રૂપિયાનું નુકસાન જરૂર થયું છે, પરંતુ હવે કોઈ પણ બ્રાન્ડનું એન્ડોર્સમેન્ટ કરતાં પહેલા હું ત્રણ ડોક્ટર પાસે ચકાસણી કરાવું છે.

૨૦૨૨ના વર્ષમાં સામંથાને માયોસિટીસનું નિદાન થયું હતું અને તેણે મહિનાઓનો બ્રેક લીધો હતો. સામંથાની કમબેક ફિલ્મ 'ખુશી' હતી. સામંથા છેલ્લે વરુણ ધવન સાથે 'સિટાડેલઃ હની બની'માં જોવા મળી હતી. સામંથાની આગામી સિરીઝ 'ફેમિલી મેન ૩' છે.

સામંથાએ બ્રાન્ડ એન્ડોર્સમેન્ટની જેમ ફિલ્મ અને વેબ સિરીઝની પસંદગીમાં પણ લોકોને ગેરમાર્ગે ન દોરે અથવા ભ્રામક માન્યતાઓ ન ફેલાવે તેવી સ્ક્રિપ્ટને પ્રાથમિકતા આપી છે.

### જયદીપ આહલાવતના ડાન્સે 'તૌબા તૌબા'ની યાદ અપાવી

## જયદીપ આહલાવત 'જ્વેલ થિફ'માં પહેલી વખત ડાન્સ કરતો દેખાયો



ટૂંક સમયમાં જયદીપ આહલાવત અને સૈફ અલી ખાનની 'જવેલ થીફ – ધ હાઈસ્ટ બિગિન્સ' ઓટીટી પર આવી રહી છે. તેમાં કુણાલ કપૂર અને નિકિતા દત્તા પણ છે. તેનું પહેલું ગીત 'જાદુ' રિલીઝ થયું છે, આ ગીત આવતાં જ ઈન્ટરનેટ પર છવાઈ ગયું છે, કારણ કે પહેલી વખત હાથીરામ જેવા ગંભીર રોલ માટે જાણીતો જયદીપ આહ્લાવત એક 'તૌબા તૌબા' પ્રકારના અલતારમાં જોવા મળે છે. લોકો જયદીપનો આ અવતાર પહેલી વખત જોઈને આશ્ચર્ય સાથે ખુશ ખુશ થઈ ગયાં છે. આ વીડિયો જોઈને તેનો એફટીઆઈઆઈ દિવસોનો મિત્ર વિજય વર્ણા પણ ખુશ થઈ ગયો અને તેણે કહ્યું કે તેને ઈન્સ્ટિટ્યુટના જૂના દિવસો યાદ આવી ગયા છે. વિજય વર્માએ પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં જયદીપનો વીડિયો શેર કર્યો હતો. તે જયદીપના આ ડાન્સથી ઘણો પ્રભાવિત થયો છે. તેણે આ વીડિયો સાથે જયદીપની કોલેજની ફ્રેશર્સ પાર્ટીની યાદો તાજી કરી હતી. પોતાના મિત્રના વખાણ કરતા વિજયે લખ્યું, "યાર આહલાવત એફટીઆઈઆઈની ફ્રેશર્સ પાર્ટી પછી હવે છેક તારો આ ડાન્સ જોવા મળ્યો," તેનાં પછી તેણે બે કેકના અને બે કિસના ઈમોજી પણ મુક્યાં હતાં. આ સાથે તેણે જયદીપને ટેગ પણ કર્યો હતો. જ્વેલ થીફ ફિલ્મનું પહેલું ગીત થોડાં દિવસો પહેલાં જ લોંચ થયું અને તેને રાઘવ ચૈતન્ય દ્વારા ગાવામાં આવ્યું છે તેમજ ઓએએફએફ તેમજ સવેરા દ્વારા કમ્પોઝ કરવામાં આવ્યું છે. તેના લિરિક્સ કુમારે લખ્યા છે. આ ગીતમાં સૈફ અલી ખાનને પણ ઈન્ટ્રોડ્યુસ કરવામાં આવ્યો છે, જે લૂંટનો માસ્ટરમાઈન્ડ છે. નિકિતા દત્તા આ ફિલ્મમાં "ડ્રીમર એટ હાર્ટ" છે, તો જયદીપ "કિંગ ઓફ ક્રાઈમ" છે, જ્યારે કુણાલ કપૂર "ધ રિલેન્ટલેસ કોપ" છે. કૂકી ગુલાટી અને રોબી ગ્રેવાલની આ ફિલ્મ જયદીપ અને સૈફ મળીને આફ્રિકન રેડ સન ડાયમંડ ચોરવાની યોજના ઘડે છે. આ ફિલ્મથી દ્વિાર્થ આનંદ ઓટીટી પર ડેબ્યુ કરશે. તે સૈફ સાથે લાંબા સમય પછી કામ કરી રહ્યા છે.

આ પહેલાં તેઓ બંને તા રા રમ પમ અને સલામ નમસ્તેમાં સાથે કામ કરી ચૂક્યા છે. જ્વાલ થીફ હવે ૨૫ એપ્રિલે નેટફ્લિક્સ પર રિલીઝ થશે.



### 'હું હજુ પણ મારી મમ્મી અને બહેનનાં કપડાં જ પહેરું છું'

## ખુશી કપૂરે બહેન જહાન્વીને ફેશન આઇકોન ગણાવી

શ્રીદેવીની બંને દિકરીઓ બોલિવૂડના રસ્તે આવી છે. જહાન્વીએ પોતાની એક અલગ જગ્યા બનાવી લીધી છે, પરંતુ ખુશી હજુ પણ પોતાનું સ્થાન બનાવવા કોશિશ કરી રહી છે. જોકે, જુનૈદ ખાન સાથેની 'લવયાપા'માં તેના અભિનયના વખાણ થયાં છે, ઈબ્રાહીમ અલી ખાન સાથેની 'નાદાનિયાં' પછી આ તેની બીજી ફિલ્મ હતી. જોકે, અત્યારથી જ ફેશનની દુનિયામાં રૅમ્પ વૉક દ્વારા ખુશી પોતાની એક અલગ ઈમેજ બનાવી ચૂકી છે. તાજેતરમાં જ બોમ્બે ફેશન વીકમાં તે ગુજરાતી ડિઝાઈનર્સ શ્યામલ અને ભૂમિકા માટે શો સ્ટોપર રહી હતી. તેણે સ્કારલેટ રેડ કલરના શીમરી ચોલી પહેર્યાં હતાં.શો પછી ખુશીએ પાપરાઝીને ઈન્ટરવ્યુ પણ આપ્યો હતો, જેમાં તેણે ફેશન અંગે પોતાના વિચારો કહ્યાં હતાં. તેણે કહ્યું, "મને લાગે છે, ફેશનને સમયના બંધનો નથી હોતાં. હું આજે પણ મારી મમ્મીના કપડાં પહેરું છું, મારી મોટી બહેનના કપડાં પહેરું છું. તો મને લાગે છે, તમે એ કપડાં કઈ રીતે પહેરો છો, તે મહત્વનું છે. કપડાં મહત્વનાં નથી." ખુશીને જ્યારે ખરા ફેશન આઈકોન અંગે પૂછવામાં આવ્યું ત્યારે તેણે કહ્યું, "મને લાગે છે કે મારા માટે મારી મોટી બહેન હંમેશાથી આઈકોન રહી છે."પરંતુ આ બાબતને કોઈએ તેનો પીઆર સ્ટંટ ગણવી હતી, આ વીડિયોની કમેન્ટમાં એક વ્યક્તિએ લખ્યું, "બધો પીઆર સ્ટંટ છે, પોતાને રિલેટેબલ પુરવાર કરવા માટેનો." જોકે, બાકી ઘણી કમેન્ટ્સમાં લોકોએ તેનાં વખાણ પણ કર્યાં હતાં. જો ખુશીની ફિલ્મોની વાત કરવામાં આવે તો તેની લવયાપા ઓટીટી પર રિલીઝ થઈ ચૂકી છે. બોક્સ ઓફિસ પર તો ફિલ્મ ખાસ ચાલી નહીં પણ ઓટીટી પર તેને સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

## સિદ્ધાર્થ મલ્હોત્રા પણ કોમેડીના રસ્તે, મહાવીર જૈન સાથે કોમેડી ફિલ્મ કરશે

સિદ્ધાર્થ મલ્હોત્રા અને જહાન્વી કપૂર હાલ તો તેમની ફિલ્મ 'પરમ સુંદરી'ના શૂટમાં વ્યસ્ત છે. બંનેની આ ફિલ્મ તો જુલાઈમાં રિલીઝ થવાની તૈયારીઓ છે, પરંતુ આ એક્શન અને લવસ્ટોરી ફિલ્મ પછી હવે આખરે સિદ્ધાર્થ મલ્હોત્રા પણ હવે કોમેડી તરફ વળ્યો છે. એવા અહેવાલો છે કે તે મહાવીર જૈને પ્રોડ્યુલ કરેલી કોમેડી ફિલ્મ કરવાનો છે. તેનું શૂટિંગ આ વર્ષે સપ્ટેમ્બરમાં રિલીઝ થશે.આ ફિલ્મ વિશેના અહેવાલો અનુસાર રાજ શાંડિલ્ય આ ફિલ્મ ડિરેક્ટ કરશે. સૂત્રોના જણાવ્યા અનુસાર હજુ સુધી આ ફિલ્મનું નામ જાહેર થયું નથી પરંતુ, "આ એક ખુબ મોટા બજેટની કોમેડી એન્ટરટેઈનર ફિલ્મ હશે. તેના માટે સિદ્ધાર્થ મલ્હોત્રા, રાજ શાંડિલ્ય અને મહાવીર જૈન સહીત સમગ્ર ટીમ ખુબ ઉત્સાહીત છે. તેઓ ૨૦૨૫ના બીજા ભાગમાં ફિલ્મનું કામ શરૂ કરી દેશે. આ ફિલ્મના પાત્રો અને દુનિયા એવી રીતે તૈયાર કરાશે કે આ એક અલગ ફ્રેન્ચાઈઝી બની શકે છે." સૂત્રએ આગળ જણાવ્યું, "આ ફિલ્મની સ્ક્રિપ્ટ અનોખી છે, આ એક ક્રીચર કોમેડી હશે. જેનું કામ ખુબ મોટા પાયા પર કરવામાં આવશે. આ ફિલ્મના પ્રોડ્યુસરનો હેતુ આ સિરીઝમાં એકથી વધુ ફિલ્મ બનાવવાનો છે, તેનું કામ પણ આગળ વધી રહ્યું છે."આ ઉપરાંત સિદ્ધાર્થ મેડોક ફિલ્મ્સની હોરર કોમેડી દુનિયામાં પણ ડેબ્યુ કરી રહ્યો છે, તે મેડોકની વી-વન-ફોર્સમાં પણ કામ કરી રહ્યો છે. આ એક



જંગલ આધારીત ફિલ્મ છે. સિદ્ધાર્થ મલ્હોત્રાએ ઈન્સ્ટાગ્રામ પર આ ફિલ્મનું એક પોસ્ટર પણ શેર કર્યું હતું. જેમાં એક માણસ ધોતી પહેરીને દોડી રહ્યો છે, તેના હાથમાં એક મશાલ છે. ઉપરથી જંગલને આંખો હોય અને તેની વચ્ચેથી એક શેરડો પસાર થતો હોય એવું પોસ્ટર છે. આ પોસ્ટર શેર કરીને સિદ્ધાર્થે લખ્યું હતું, "આ ફોક થ્રિલરનો ભાગ બનીને ઘણો ઉત્સુક છું." આ ફિલ્મ અરુનભકુમારે અને દીપક મિશ્રાએ ડિરેક્ટ કરી છે. આ ફિલ્મ ૨૦૨૫માં છઠના દિવસે રિલીઝ થવાની છે. અનુરભ ધ વાયરલ ફીવર પ્રોડક્શન્સ માટે પંચાયત સહીતની સિરીઝ ડિરેક્ટ કરી ચૂક્યા છે. આ ફિલ્મમાં તેની સાથે સારા અલી ખાન લીડ રોલમાં હશે, આ ફિલ્મનું કામ પણ ૨૦૨૫માં શરૂ થઈ જશે. સારા અને સિદ્ધાર્થ પહેલી વખત આ ફિલ્મમાં એકસાથે જોવા મળશે.

## અનુપમ ખેરની ફિલ્મ 'તન્વી ધ ગ્રેટ' કેન્સ માર્કેટમાં ડેબ્યુ કરશે

અનુપમ ખેર 'તન્વી ધ ગ્રેટ' નામની ફિલ્મ ડિરેક્ટ કરી રહ્યા છે, જેનું કેન્સ ફિલ્મ ફેસ્ટિવલમાં વર્લ્ડ પ્રિમીયર યોજાશે. આ પ્રસંગે ફિલ્મ ઈન્ડસ્ટ્રીના જાણીતા સેલેબ્રિટી હાજર રહેશે, એ વખતે અનુપમ ખેર ફિલ્મની કાસ્ટનો પણ પરિચય કરાવશે. કેન્સમાં દર્શાવવાથી આ ફિલ્મની ઈન્ટરનેશનલ સફરની શરૂઆત થશે. કેન્સ પછી પ્રોડક્શન હાઉસ દ્વારા આ ફિલ્મ લંડન, ન્યૂયોર્ક અને લોસ એન્જલસમાં પણ સ્ક્રીન થશે. આ રીતે સ્ક્રિનિંગ દ્વારા વર્લ્ડ વાઈડ ઓડિયન્સ સુધી પહોંચવાનું ટીમનું આયોજન છે. જોકે આ ફિલ્મ વિશે હજુ વધુ વિગતો જાહેર કરવામાં આવી નથી.અનુપમ ખેર સ્ટુડિયો દ્વારા આ ફિલ્મ નેશનલ ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશનના સહયોગથી બનાવવામાં આવી છે. આ ફિલ્મ 'કાગઝ'ના લેખક અંકુર સુમન તેમજ 'ઊંચાઈ'ના લેખક અભિષેક દિક્ષિત દ્વારા લખવામાં આવી છે. સાથે અનુપમ ખેરે પણ સહકાર આપ્યો છે. આ ફિલ્મની સિનેમેટોગ્રાફી 'ફર્રે'ના સિનેમેટોગ્રાફર કેઈકો નકાહારા દ્વારા કરવામાં આવી છે. જ્યારે ફિલ્મનું સંગીત 'આરઆરઆર'ના ઓસ્કાર વિજેતા મ્યુઝિક કમ્પોઝર એમ.એમ.કીરવાણી દ્વારા આપવામાં આવ્યું છે. અનુપમ ખેરે ૨૦૦૨માં 'ઓમ જય જગદીશ' ફિલ્મથી ડિરેક્ટર તરીકે ડેબ્યુ કર્યું છે. જેમાં અનિલ કપૂર, વહીદા રહેમાન, અભિષેક બચ્ચન, ફરદીન ખાન, મહિમા ચૌધરી અને ઉર્મિલા જેવા કલાકારો હતાં. જ્યારે એક અભિનેતા તરીકે તે હોલિવૂડ અને બોલિવૂડ સહીત વિવિધ ભાષાની ૫૦૦થી વધુ ફિલ્મોમાં કામ કરી ચૂક્યા છે.અનુપમ ખેરે તન્વી ધ ગ્રેટ વિશે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, "મારે હંમેશા યુનિવર્સલ વિષયવસ્તુ આધારીત ફિલ્મ બનાવવાની ઈચ્છા હતી, જે સરહદોથી આગળ વધીને દરેક વ્યક્તિના દિલને સ્પર્શી જાય. એક ઊંડી લાગણી અને કારણથી આ ફિલ્મ બની છે. આ ફિલ્મ એટલી દિલથી બની છે કે જેટલી અમદાવાદના દર્શકોને સ્પર્શી જશે એટલી જ અમેરિકાના દર્શકોને પણ સ્પર્શી જશે."

## જાન્હવી કપૂરને અનન્યા બિરલાએ ૫ કરોડની લેમ્બોર્ગિની ગિફ્ટ કરી

જાન્હવી કપૂરને તાજેતરમાં જ અતિશય મોંઘી ગિફ્ટ મળી છે. પરપલ રંગની રૂ.૫ કરોડની લક્ઝુરિયસ લેમ્બોર્ગિનીની ડિલીવરી મુંબઈ ખાતે જાન્હવીના ઘરે થઈ હતી. જાન્હવીને આ કાર તેની ક્લોઝ ફ્રેન્ડ અનન્યા બિરલાએ ગિફ્ટ કરી છે. અનન્યાએ કાર સાથે એક મોટું ગિફ્ટ બોક્સ પણ મોકલ્યું હતું, જેનો કલર કારના કલર જેવો જ હતો. આ સાથે તેના પર 'વિથ લવ ઈટીસી-અનન્યા બિરલા' લખેલું ટેગ પણ હતું.

અનન્યા દેશના જાણીતા ઉદ્યોગપતિ કુમાર મંગલમ બિરલા અને નિરજા બિરલાની દીકરી છે. અનન્યાએ મ્યૂઝિશિયન તરીકે પણ નોંધપાત્ર સફળતા મેળવી છે. હવે તેણે મ્યૂઝિક ઈન્ડસ્ટ્રી છોડીને આંત્રપ્રિન્યોર તરીકે કરિયર બનાવી છે. ૨૦૧૬માં અનન્યાનું પહેલું ઈંગ્લિશ મ્યૂઝિક સિંગલ લિવિન ધ લાઈફ રિલીઝ થયુ હતું, જેને જિમ બીન્ઝે પ્રોડ્યુસ કર્યું હતું. ત્યારબાદ મેન્ટ ટુ બી ગીતે અનન્યાને પહેલી ભારતીય આર્ટિસ્ટ બનાવી હતી, જેના અંગ્રેજી ગીતને ઈન્ટરનેશનલ ચાર્ટમાં સ્થાન મળ્યુ હતું.

અનન્યા અને જાન્હવી વર્ષોથી એકબીજાના સારા મિત્ર છે. અનન્યાએ આપેલી લેમ્બોર્ગિની ઉપરાંત જાન્હવી પાસે અન્ય લક્ઝુરિયસ કાર પણ છે. જાન્હવી પાસે ૨.૨.૫ કરોડની ટોયોટા લેક્સ, રૂ.૬૭.૧૫ લાખની મર્સિડીઝ જીએલઈ ૨૫૦ડી, રૂ.૯૬ લાખની બીએમડબ્યુ એક્સ-૫, રૂ.૧.૬૨ કરોડની મર્સિડિઝ એ-ક્લાસ છે. જાન્હવીના કાર કલેક્શનમાં સૌથી મોંઘી કાર હવે લેમ્બોર્ગિની છે.

જાન્હવી કપૂરની છેલ્લી બે ફિલ્મ 'દેવરા ૧' અને 'ઉલઝ' બોક્સઓફિસ પર ખાસ સફળ રહી ન હતો. હાલ તે 'સની સંસ્કારી કી તુલસી કુમારી' અને 'પરમ સુંદરી'નું શૂટિંગ કરી રહી છે. આ ઉપરાંત જાન્હવી 'હોમબાઉન્ડ'ના કારણે પણ ચર્ચામાં છે. આ ફિલ્મમાં તે સ્પેશિયલ રોલ કરી રહી છે અને તેને કાન્સ ફેસ્લિવમાં પસંદ કરવામાં આવી છે. આ ફિલ્મમાં જાન્હવીની સાથે ઈશાન ખટ્ટર અને વિશાલ જેઠવા પણ મહત્ત્વના રોલમાં છે.

## રોહિત શેટ્ટી અને જોહ્ન અબ્રાહમ પહેલી વખત એક બાયોગ્રાફીમાં કામ કરશે

### તેમની એક્શન બાયોગ્રાફીનું શૂટિંગ ૧૮ એપ્રિલે શરૂ થઈ જશે

રોહિત શેટ્ટીની સિંઘમ ફ્રેન્ચાઈઝીની છેલ્લી ફિલ્મ ભલે ધાર્યા મુજબ ન ચાલી, તે ફરી એક વખત એક્શન ડ્રામા સાથે આવી રહ્યો છે. તે એક નવી એક્શન ડ્રામા ફિલ્મ શરૂ કરી રહ્યો છે, જેમાં આ વખતે પહેલી વખત તે જોહ્ન અબ્રાહમ સાથે કામ કરશે, તેઓ મુંબઈના પૂર્વ પોલિસ કમિશ્નર રાકેશ મારિયાના બાયોગ્રાફી બનાવી રહ્યા છે. તેમની આત્મકથા 'લેટ મી સે ઈટ નાઉ' પર આ ફિલ્મ બનશે અને એપ્રિલના ૧૮ સુધીમાં તેનું શૂટિંગ શરૂ થશે. રોહિત શેટ્ટીની આ પહેલી બાયોગ્રાફીકલ ફિલ્મ છે.

કેટલાંક અહેવાલો અનુસાર ટ્રોમ્બેનાં એસેલ સ્ટુડિયોમાં તેનું શૂટિંગ શરૂ થશે, રોહિત શેટ્ટીએ આ ફિલ્મ માટે ચાર મહિનાનું શીડ્યુલ બનાવ્યું છે. જૂન મહિનાના અંત સુધી તેનું શૂટિંગ ચાલશે. રોહિત શેટ્ટી પહેલી વખત કોઈ વાસ્તવિક કથાનક પર આધારીત ફિલ્મ બનાવે છે અને આ ફિલ્મનું





બજેટ લગભગ ૧૦૦ કરોડનું નક્કિ કરવામાં આવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, "રોહિતને હંમેશા વાસ્તવિક કથા સાથે કોપ ફિલ્મ બનાવવાની ઈચ્છા હતી. રાકેશ મારિયાનું જીવન જ એક થ્રિલર ફિલ્મ જેવું છે. તે ઈન્ટેન્સ હોવા છતાં તેમાં ઘણી એવી તીવ્ર કે ઉગ્ર ઘટનાઓ પણ બની છે. તેમની ૧૯૯૩માં મુંબઈ બોમ્બ બ્લાસ્ટના કેસની તપાસથી લઈને ૨૬-૧૧ના હુમલાથી લઈને મુંબઈના અંડરવર્લ્ડ સાથેની તેમની સિદ્ધીઓ ઘણી રસપ્રદ રહી છે."

સૂત્રએ આગળ જણાવ્યું કે મારિયા અને શેટ્ટી વચ્ચે ઘણાં વખતથી ચર્ચાઓ અને મુલાકાતોનો દોર ચાલે છે. ઓટોબાયોગ્રાફીનો આધાર લેવામાં આવશે, સાથે ફિલ્મમાં એક બાન્દ્રાનો છોકરો કઈ રીતે સુપર કોપ બન્યો તેની વાત, મુંબઈ સાથે તેમનો સંબંધ અને શહેરની સુરક્ષામાં તેમની ભૂમિકા વિશે વાત કરવામાં આવશે.

# દિલ્હીએ રાજસ્થાનને સુપરઓવરમાં હરાવ્યું

દિલ્હી કેપિટલ્સે સુપર ઓવરમાં રાજસ્થાન રોયલ્સને હરાવ્યું છે. અરુણ જેટલી સ્ટેડિયમમાં રમાયેલી આ મેચમાં દિલ્હીએ પ્રથમ બેટિંગ કરતા ૧૮૮ રન બનાવ્યા હતા.

જવાબમાં, રાજસ્થાન ટીમ તરફથી યશસ્વી જયસ્વાલ અને નીતિશ રાણાએ અડધી સદી ફટકારી, પરંતુ તેમની આખી ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૧૮૮ રન જ બનાવી શકી. આ પરિસ્થિતિમાં, મેચનું પરિણામ સુપર ઓવરથી આવ્યું, જેમાં દિલ્હીએ રાજસ્થાનને હરાવ્યું.

૧૮૯ રનના લક્ષ્યાંકનો પીછો કરતી વખતે રાજસ્થાન રોયલ્સની ટીમે સારી શરૂઆત કરી. યશસ્વી જયસ્વાલ અને કેપ્ટન સંજુ સેમસન વચ્ચે મજબૂત ઓપનિંગ પાર્ટનરશિપ થઈ હતી, પરંતુ સેમસન ૩૧ રનના સ્કોર પર રિટાયર્ડ હર્ટ થઈ ગયો હતો. આ વખતે રિયાન પરાગ સંઘર્ષ કરી રહ્યો હતો અને ૮ રન બનાવીને અક્ષર પટેલના હાથે ક્લીન બોલ્ડ થયો હતો. યશસ્વી જયસ્વાલે સતત બીજી અડધી સદી ફટકારી. તે ૩૭ બોલમાં ૫૧ રન બનાવીને આઉટ થયો હતો. આ પહેલા જયસ્વાલે RCB સામેની મેચમાં ૭૫ રનની તોફાની ઈનિંગ રમીને ધૂમ મચાવી હતી.



રાજસ્થાને ૧૧૨ રનના સ્કોર પર પોતાની બીજી વિકેટ ગુમાવી દીધી, ત્યારબાદ નીતિશ રાણા અને ધ્રુવ જુરેલે બાજી સંભાળી. જ્યારે ઈઈની ટીમ સરળ જીત તરફ આગળ વધી રહી હતી, ત્યારે નીતિશ ૫૧ ના સ્કોર પર આઉટ થઈ ગયો અને મેચ ત્યાં જ અટકી ગઈ. મેચ એવી સ્થિતિમાં પહોંચી જ્યારે રાજસ્થાનને છેલ્લી ઓવરમાં જીતવા માટે ૯ રનની જરૂર હતી અને મિચેલ સ્ટાર્ક બોલિંગ કરી રહ્યો હતો.


રાજસ્થાનની ૭ વિકેટો હાથમાં બાકી હતી, સેટ બેટ્સમેન ધ્રુવ જુરેલ અને ડેશિંગ ખેલાડી શિમરોન હેટમાયર ક્રીઝ પર હાજર હતા. પરંતુ બંનેએ છેલ્લી ઓવરમાં સિંગલ-ડબલ રણનીતિ અપનાવીને RR માટે મુશ્કેલી ઊભી કરી. છેલ્લા બોલ પર ૨ રનની જરૂર હતી, પરંતુ રાજસ્થાન ફક્ત એક જ રન બનાવી શક્યું અને મેચ ટાઈ થઈ ગઈ.

રાજસ્થાન રોયલ્સ ઈનિંગ્સ - દિલ્હી કેપિટલ્સ તરફથી મિચેલ સ્ટાર્ક બોલિંગ કરવા આવે છે, શિમરોન હેટમાયર અને રિયાન પરાગ ક્રીઝ પર આવે છે. પહેલો બોલ ડોટ હતો અને હેટમાયરે બીજા બોલ પર ફોર ફટકારી. હેટમાયરે ત્રીજા બોલ પર એક સિંગલ લીધો. ચોથા બોલે રિયાન પરાગના બેટમાંથી ચોગ્ગો ફટકાર્યો પરંતુ તેને નો-બોલ જાહેર કરવામાં આવ્યો. જ્યારે સત્તાવાર ચોથો બોલ ફેંકવામાં આવ્યો ત્યારે રિયાન પરાગ રન આઉટ થયો. પાંચમા બોલ પર, હેટમાયર ૨ રન ચલાવવા માંગતો હતો, પરંતુ બીજો રન બનાવતી વખતે, જયસ્વાલ રન આઉટ થઈ ગયો. આ રીતે, સુપર ઓવરમાં દિલ્હીને ૧૨ રનનો લક્ષ્યાંક મળ્યો.દિલ્હી કેપિટલ્સ ઈનિંગ્સ - દિલ્હી કેપિટલ્સ તરફથી કેએલ રાહુલ અને ટ્રિસ્ટન સ્ટબ્સ બેટિંગ કરવા આવ્યા, સંદીપ શર્મા તેમનો સામનો કરી રહ્યા હતા. કેએલ રાહુલે પહેલા બોલ પર ૨ રન બનાવ્યા. રાહુલે બીજા બોલ પર ચોગ્ગો ફટકાર્યો. ત્રીજા બોલ પર એક જ રન આવ્યો. ચોથા બોલ પર, સંદીપ શર્માએ ફરી એકવાર શોર્ટ બોલ ફેંકવાની ભૂલ કરી, જેનો ફાયદો ઉઠાવીને ટ્રિસ્ટન સ્ટબ્સે સિક્સર ફટકારીને દિલ્હીની જીત સુનિશ્ચિત કરી.

## લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાં ક્રિકેટ મેચો સાઉથ કેલિફોર્નિયામાં રમાશે

૨૦૨૮ના લોસ એન્જલસ ઓલિમ્પિક્સમાં ટી૨૦ ક્રિકેટનો સમાવેશ કરવામાં આવ્યો છે ત્યારે તેની તમામ ક્રિકેટ મેચ સાઉથ કેલિફોર્નિયાના પોમોના સિટી ખાતે યોજાશે તેમ ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલે જાહેર કર્યું હતું. ૧૨૮ વર્ષ બાદ ઓલિમ્પિક્સમાં ક્રિકેટની રમતને સામેલ કરવામાં આવી છે. આ ગેમ્સમાં ટી૨૦ ક્રિકેટમાં મેન્સ અને વિમેન્સ વિભાગમાં છ ટીમ ભાગ લેશે. ઓલિમ્પિક ગેમ્સની ક્રિકેટની તમામ મેચો પોમોનાના ફેરગ્રાઉન્ડ્સ ખાતે યોજાશે. પોમોના સિટી લોસ એન્જલસથી ૪૮ કિલોમીટરના અંતરે આવેલું છે.

૨૦૨૮ની ઓલિમ્પિક્સનું મુખ્ય સ્થળ લોસ એન્જલસ રહેશે. ફેરગ્રાઉન્ડ્સ ખરેખર તો ફેરપ્લેક્સના નામથી લોકપ્રિય છે. જ્યાં કન્વેન્શન, કમર્શિયલ અને એજ્યુકેશનની સવલતો છે અને આખા વર્ષ દરમિયાન અહીં રમતગમતની ઈવેન્ટ યોજાતી રહે છે જેમાં મોટા ભાગે મોટર સ્પોર્ટ્સનો સમાવેશ થાય છે. અહી ખાસ ક્રિકેટને ધ્યાનમાં રાખીને કોઈ મેદાન કે સ્ટેડિયમ તૈયાર કરાયા નથી. આઈસીસીના ચેરમેન જય શાહે જણાવ્યું હતું કે લોસ એન્જલસ ૨૦૨૮ ગેમ્સ માટે ક્રિકેટ માટેના સ્થળની જાહેરાતને અમે આવકારીએ છીએ કેમ કે ઓલિમ્પિક્સની રમતોમાં ક્રિકેટ અંગેની તૈયારીનો આ પ્રારંભ છે.



ક્રિકેટની રમત ખૂબ જ લોકપ્રિય છે તેમ છતાં અમે આ રમતની પરંપરાગત સરહદોને પાર કરીને આગળ ધપી રહ્યા છીએ ત્યારે ઓલિમ્પિક્સમાં તેના સમાવેશથી ક્રિકેટનો વ્યાપ વધારવાની આ ઉત્તમ તક છે. ક્રિકેટમાં પ્રવર્તમાન ટી૨૦ માળખું નવા પ્રેક્ષકો માટે પણ આકર્ષક બની રહેશે અને તેમને આવકારવા અમે આતુર છીએ તેમ જય શાહે ઉમેર્યું હતું. છેલ્લે ૧૯૦૦માં પેરિસ ખાતે યોજાયેલી ઓલિમ્પિક ગેમ્સમાં ક્રિકેટનો સમાવેશ કરાયો હતો. ઓક્ટોબર ૨૦૨૩માં મુંબઈ ખાતે મળેલા ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટીના ૧૪૧મા સત્ર દરમિયાન ક્રિકેટની રમતને ફરીથી ઓલિમ્પિક્સમાં સામેલ કરવાનો નિર્ણય લેવાયો હતો.

## BCCIની મોટી કાર્યવાહી, ટીમ ઈન્ડિયાના સપોર્ટ સ્ટાફ પર કાતર ફેરવી, ગંભીરના ખાસ સહિત ચારની નોકરી ગઈ



ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે રમાયેલી બોર્ડર ગાવસ્કર ટ્રોફી ૨૦૨૫માં ભારતીય ટીમના નિરાશાજનક પર્ફોર્મન્સ બાદ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (BCCI)એ સર્પોટિંગ સ્ટાફમાં મોટો ફેરફાર કર્યો છે. ટીમ ઈન્ડિયાના સર્પોટિંગ સ્ટાફમાંથી ચાર કર્મચારીઓની હકાલપટ્ટી કરી છે. જેમાં ગંભીરના અત્યંત નજીકના ગણાતા આસિસ્ટન્ટ કોચ અભિષેક નાયરને પણ હાંકી કાઢવામાં આવ્યો છે. આ સિવાય ફિલ્ડિંગ કોચ, સ્ટ્રેન્થ અને કંડિશનિંગ કોચ તથા એક મસાજરને પણ બહારનો રસ્તો બતાવવામાં આવ્યો છે.

હેડ કોચ ગૌતમ ગંભીરના અત્યંત ખાસ અભિષેક નાયર કોલકાતા નાઈટ રાઈડર્સના દિવસોથી ગંભીર સાથે જોડાયેલો હતો. ગંભીર ટીમ ઈન્ડિયાનો હેડ કોચ બન્યો તો અભિષેક નાયરને આસિસ્ટન્ટ કોચની જવાબદારી સોંપવામાં આવી હતી. તે ૨૪ જુલાઈ, ૨૦૨૪થી ટીમ ઈન્ડિયાના આસિસ્ટન્ટ કોચ તરીકે કામ કરી રહ્યો હતો. અભિષેક અને ગંભીરની મિત્રતા ચર્ચામાં હતી.

અભિષેક નાયર ઉપરાંત ટીમ ઈન્ડિયાના સપોર્ટ સ્ટાફમાં ફિલ્ડિંગ કોચ ટી. દિલિપ સ્ટ્રેન્થ અને કંડિશનિંગ કોચ સોહમ દેસાઈની પણ દૂર કરવામાં આવ્યા છે. મસાજર (ફિઝિયો સપોર્ટ સ્ટાફ)ને પણ કાયમી રજા આપવામાં આવી છે. જો કે, તેના નામની જાહેરાત થઈ નથી.

ટીમ ઈન્ડિયાના હેડ કોચ તરીકે ૯ જુલાઈ, ૨૦૨૪માં કાર્યભાર સંભાળ્યા બાદથી ગૌતમ ગંભીરનો કોચિંગ સ્ટાફમાં દબદબો છે. ગંભીરે પોતાના કોચિંગ સ્ટાફમાં કોલકાતા નાઈટ રાઈડર્સ સાથે જોડાયેલા તેના અંગત લોકોને ટીમ ઈન્ડિયાના સર્પોટિંગ સ્ટાફમાં સામેલ કર્યા હતા. જેમાં અભિષેક નાયર, રેયાન ટેન ડોશેટ અને મોર્ને મોર્કેલ સામેલ હતા. જેમાં નાયરનો ટીમ ઈન્ડિયા સાથેનો કાર્યકાળ પૂર્ણ થવાના આરે છે.ન્યૂઝીલેન્ડ સામે સ્થાનિક ટેસ્ટ સીરિઝમાં શર્મજનક ૦-૩ની હાર બાદ ઓસ્ટ્રેલિયા બોર્ડર ગાવસ્કર ટ્રોફીમાં ટીમ ઈન્ડિયાનો સંઘર્ષ જોવા મળ્યો હતો. બીસીસીઆઈએ આ વર્ષની શરૂઆતમાં જ એનસીએના કોચ સિતાંશુ કોટકની વ્હાઈટ બોલ માટે બેટિંગ કોચ તરીકે નિમણૂક કરી હતી. કોટક ઈંગ્લેન્ડ વિરૂદ્ધ સીરિઝમાં ટીમ ઈન્ડિયા સાથે જોડાયો હતો. સર્પોટિંગ સ્ટાફમાં ગંભીર અને તેની કોચિંગ ટીમે આકર્ષક કમબેક કરી ભારતને ચેમ્પિયન્સ ટ્રોફીનો ખિતાબ અપાવ્યો હતો. નાયર, ટેન ડોશેટ, મોર્કેલ, દિલીપ અને કોટક તમામ સર્પોટિંગ સ્ટાફના ટોચના સભ્ય હતાં. જેમાં નાયરની ઘરવાપસી કરવામાં આવી છે.



આઈએસએસએફ વર્લ્ડ કપમાં ભારતની યુવા શૂટર સુરૂચી ઈન્દર સિંઘે બે ગોલ્ડ મેડલ જીતવાની સિદ્ધી નોંધાવી હતી. ૧૦ મીટર એર પિસ્તોલમાં સુરૂચીએ ગોલ્ડ જીત્યો હતો જ્યારે પેરિસ ઓલિમ્પિક મેડલ વિજેતા શૂટર મનુ ભાકરે સિલ્વર જીત્યો હતો. ત્યારબાદ સુરૂચી અને સૌરભ ચૌધરીએ ૧૦ મીટર એર પિસ્તોલ મિક્સ્ડ ટીમ સ્પર્ધામાં ગોલ્ડ જીત્યો હતો. સુરૂચી અને સૌરભે ગોલ્ડ મેડલ મેચમાં ચીનના શિયાનશુન યાઓ અને કાઈ હુના નવના સ્કોર સામે ૧૭ અંક પ્રાપ્ત કર્યા હતા. મિક્સ્ડ ટીમ બ્રોન્ઝ મેડલ મેચમાં મનુ ભાકર અને રવિન્દર સિંઘ (૬)નો ચીનના કિયાંકે મા અને યિફાન ઝહાંગ (૧૬) સામે પરાજય થયો હતો.

## ભારતીય ટીમ ઓગસ્ટમાં ટી૨૦, વન-ડે સિરીઝ માટે બાંગ્લાદેશનો પ્રવાસ ખેડશે



ભારતીય ક્રિકેટ ટીમ ચાલુ વર્ષે ઓગસ્ટમાં ત્રણ ટી૨૦ અને તેટલી જ વન-ડે ક્રિકેટ મેચની સિરીઝ માટે બાંગ્લાદેશનો પ્રવાસ ખેડશે. ભારતના બાંગ્લાદેશના સિમિત ઓવરની શ્રેણી માટે બે સ્થળની પસંદગી કરવામાં આવી હોવાનું બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે જણાવ્યું હતું. મીરપુરના શેર-એ-બાંગ્લા સ્ટેડિયમમાં ચાર મેચ રમાશે જ્યારે બાકીની બે મેચ ચટ્ટોગ્રામ ખાતે રમાશે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મીરપુર ખાતે ૧૭મી અને ૨૦મી ઓગસ્ટે પ્રથમ તેમજ બીજી વન-ડે રમાશે. ત્યારબાદ ૨૩ ઓગસ્ટે ચટ્ટોગ્રામ ખાતે ત્રીજી વન-ડે રમશે.

આ જ સ્થલે ૨૬ ઓગસ્ટે પ્રથમ ટી૨૦ મેચ યોજાશે અને ત્યારબાદ ટીમો ઢાકા પહોંચશે જ્યાં ૨૯ અને ૩૧ ઓગસ્ટના બાકીની બે ટી૨૦ મેચ રમશે. ભારતીય ટીમ ૧૩ ઓગસ્ટના ઢાકા પહોંચે તેવી સંભાવના છે. ૨૦૨૫ એશિયા કપ માટે આ શ્રેણી મહત્વપૂર્ણ રહેશે. ભારત એશિયા કપની યજમાની કરવાનું છે. સામાન્ય રીતે બાંગ્લાદેશમાં ઓગસ્ટ મહિનો ક્રિકેટનો રહેતો નથી.

અગાઉ બાંગ્લાદેશની ટીમ ૨૦૧૭માં ઓસ્ટ્રેલિયા સામે એક ટેસ્ટ તથા ૨૦૨૧માં ઓસ્ટ્રેલિયા સામે ઓગસ્ટમાં મહિનામાં પાંચ ટી૨૦ મેચ રમ્યું હતું. ભારત ૨૦૧૪ પછી પ્રથમ વખત બાંગ્લાદેશમાં વન-ડે સિરીઝ રમશે.

## કોમનવેલ્થ સ્પોર્ટ્સ ૨૦૩૦ની યજમાની માટે ભારતની કેનેડા, નાઈજીરીયા સાથે સ્પર્ધા

ભારત ૨૦૨૩૦માં કોમોનવેલ્થ સ્પોર્ટ્સની યજમાની કરવા માટેઆતુર છે પરંતુ તેને કેનેડા, નાઈજીરીયા તેમજ અન્ય બે દેશો સાથે સ્પર્ધામાં ઉતરવું પડી શકે છે. ૨૦૩૦માં કોમનવેલ્થ ગેમ્સને ૧૦૦ વર્ષ પૂર્ણ થઈ રહ્યા છે. રમત મંત્રાલયના ટોચના સૂત્રોએ આપેલી માહિતી મુજબ ભારત ૨૦૩૬માં ઓલિમ્પિક્સની યજમાની કરવાનું લક્ષ્ય ધરાવે છે અને તે પૂર્વે ૨૦૩૦માં કોમનવેલ્થ સ્પોર્ટ્સનું ગુજરાત ખાતે આયોજન કરવા તત્પર છે, જે માટે ભારતે બિડ પણ કર્યું છે. કોમનવેલ્થ સ્પોર્ટ્સે જણાવ્યા મુજબ તેમને ૨૦૩૦ માટે ભારત ઉપરાંત કેનેડા, નાઈજીરીયા તેમજ બે નામ જાહેર નહીં કરનાર દેશો તરફથી એક્સપ્રેશન ઓફ ઈન્ટરેસ્ટ (ઈઓઆઈ) મળ્યા છે. કુલ સાત દેશોએ સીડબલ્યુએસની શતાબ્દી ઈવેન્ટ યોજવા માટે રૂચી દર્શાવી છે અને પાંચ દેશો ધ્યાનમાં છે.એક અંદાજ મુજબ અગાઉ ૨૦૩૪માં કોમનવેલ્થ સ્પોર્ટ્સનું આયોજન કરવાની ઈચ્છા દર્શાવનાર ન્યૂઝીલેન્ડ પણ રેસમાં છે. આફ્રિકા, અમેરિકા, એશિયા અને ઓસેનિયા ક્ષેત્રો તરફથી ઈઓઆઈ દાખલ કરાયા છે. કેનેડા, ભારત અને નાઈજીરીયાએ જાહેરમાં બિડ કર્યું હોવાનું સ્વીકાર્યું છે. સીડબલ્યુએસના સીઈઓ કેટી સેડલિયરે જણાવ્યું કે, કોમનવેલ્થ સ્પોર્ટ્સના આયોજન માટે વ્યાપક રસ જોવા મળી રહ્યો છે જે રોમાંચીત કરનારું છે. તાજેતરના વર્ષોમાં કોમનવેલ્થ ગેમ્સનું ભાવિ ડામાડોળ થયું હતું. ૨૦૨૬ ગેમ્સના યજમાન એવા ઓસ્ટ્રેલિયાના વિક્ટોરિયાએ બજેટના મુદ્દે પીછેહઠ કરી હતી. ત્યારબાદ ગ્લાસગોએ કાર્યક્રમમાં અઢળક ફેરફાર સાથે યજમાની કરવાની તૈયારી દર્શાવી હતી. વિક્ટોરિયા ગેમ્સ માટે પ્રારંભિક બજેટનો અંદાજ રૂ.૧૪,૨૧૦ કરોડ (૨.૬ અબજ ઓસી. ડોલર) હતો.



## જેનકિન્સે કોમનવેલ્થ સ્પોર્ટના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું



સ જેન્કિન્સે મંગળવારે કોમનવેલ્થ સ્પોર્ટના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું હતું. જેન્કિન્સે ચાલુ ટર્મની વચ્ચે જ રાજીનામું આપ્યું હોવાથી બંધારણમાં વચગાળાના અધ્યક્ષની નિમણૂકની મંજૂરી છે. ડોનાલ્ડ રુકારેને આગામી વર્ષે નવેમ્બરમાં યોજાનાર સામાન્ય એસેમ્બલી સુધી આ પદ પર નિયુક્ત કરવામાં આવ્યા હોવાનું કોમનવેલ્થ સ્પોર્ટના સીઈઓ કેટી સેડલીયરે જણાવ્યું હતું. રમતના વિકાસ માટે મને સોંપવામાં આવેલી તક માટે હું ગૌરવ અનુભવું છું. ખાસ કરીને જીએપીએસ કાર્યક્રમ અંતર્ગત પેરા રમતોના સમાવેશ કરાયો તેનો આનંદ છે. હું મારા કોમનવેલ્થ ગેમ્સ એસોસિએશનના સભ્યો અને મિત્રોનો તેમના સહકાર બદલ આભાર વ્યક્ત કરું છું.

## દિલ્હી સામેની સફળતા આગળ ધપાવવા મુંબઈ આજે હૈદરાબાદ સામે ટકરાશે

ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) ૨૦૨૫માં અત્યાર સુધીમાં બે ટીમ એવી છે જેના પ્રદર્શનમાં સાતત્યનો અભાવ જોવા મળ્યો છે અને તે બે ટીમ એટલે મુંબઈ ઈન્ડિયન્સ અને સનરાઈઝર્સ હૈદરાબાદ ગુરુવારે અહીંના વાનખેડે સ્ટેડિયમ ખાતે ટકરાશે ત્યારે બંનેને આગેકૂચ કરવા માટે અસામાન્ય પ્રદર્શન કરવું જરૂરી રહેશે. સાંજે ૭.૩૦ કલાકથી મેચનો પ્રારંભ થશે.

મુંબઈ ઈન્ડિયન્સે રવિવારે શાનદાર પ્રદર્શન કરીને દિલ્હી કેપિટલ્સના હાથમાં આવેલો વિજય આંચકી લીધો હતો તો સનરાઈઝર્સ હૈદરાબાદે ૧૨મી એપ્રિલે પંજાબ કિંગ્સના ૨૪૫ રનના સ્કોરને પણ આસાનીથી વટાવીને તેની પાસે રહેલા ખતરનાક બેટિંગ આક્રમણનો પુરાવો આપી દીધો હતો. હવે બંને ટીમ ગુરુવારે સામસામે થશે ત્યારે આવા જ પ્રદર્શનની અપેક્ષા રખાય છે.

વર્તમાન ટી૨૦ ક્રિકેટ લીગમાં મુંબઈ અને હૈદરાબાદ લગભગ સમાન સ્થિતિમાં છે. બંનેએ છમાંથી બે મેચ જીતી છે અને ચાર મેચ ગુમાવી છે પરંતુ આ સામ્યતા એથી પણ આગળ વધારીએ તો બંને ટીમે તેમની અંતિમ મેચ શાનદાર ઢબે જીતી છે.

દિલ્હી સામેની મેચમાં મુંબઈ પરાજય તરફ ધકેલાઈ રહ્યું હતું ત્યાં બોલ ચેન્જ થયો હતો અને કર્ણ શર્માએ જોરદાર લડતનો પ્રારંભ કર્યો અને બાકીના બોલર્સ અને ફિલ્ડર્સ (ત્રણ રનઆઉટ) કમાલ કરી ગયા. અંતે મુંબઈએ એક ઓવર બાકી રાખીને મેચ જીતી લીધી. મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા આ વખતે તેના બે સુપર સ્ટાર ખેલાડી પાસેથી વધારે અપેક્ષા રાખશે. ઝડપી બોલર જસપ્રિત બુમરાહ હવે ઈજામાંથી પરત ફર્યો છે. તેણે દિલ્હી સામે સારી બોલિંગ કરી હતી પરંતુ હજી સુધી તે તેના ખતરનાક બનતા સ્પેલથી દૂર રહ્યો છે. આ મેચમાં તેની પાસેથી ઓરિજીનલ બુમરાહ જેવા પ્રદર્શનની અપેક્ષા રખાશે. બીજો સ્ટાર એટલે રોહિત શર્મા. આઈસીસી ટી૨૦ વર્લ્ડ કપ અને તાજેતરની આઈસીસી ચેમ્પિયન્સ ટ્રોફીની વિજેતા ભારતીય ટીમનો કેપ્ટન રોહિત આ સિઝનમાં હજી સુધી ખાસ નોંધપાત્ર દેખાવ કરી શક્યો નથી. તેનો સર્વોચ્ચ સ્કોર માંડ ૧૮ રનનો રહ્યો છે અને સૌથી મોટી ઈનિંગ્સ ૧૨ બોલની રહી છે. આમ રોહિત શર્મા પાસેથી હવે મોટી ઈનિંગ્સની અપેક્ષા રખાય તે સ્વાભાવિક છે.



આમ છતાં મુંબઈ ઈન્ડિયન્સ માટે બુમરાહનું પ્રદર્શન નિર્ણાયક બની શકે છે. લગભગ ત્રણ મહિના બાદ મેદાન પર પરત ફરેલા બુમરાહે હજી સુધી એવી બોલિંગ કરી નથી જેના માટે તે ખ્યાતનામ છે. રોયલ ચેલેન્જર્સ બેંગલોર સામે તે પોતાના ઘાતક યોર્કર ફેંકવામાં સંઘર્ષ કરી રહ્યો હતો તો દિલ્હી કેપિટલ્સ સામે અંતિમ ઓવર્સમાં તે થોડો અસરકારક બન્યો પરંતુ તે અગાઉ કરુણ નાયર સામે તે લાચાર બની ગયો હતો કેમ કે બુમરાહે ચાર ઓવરમાં ૪૪ રન આપી દીધા હતા અને તેના બદલામાં તેના ખાતામાં માત્ર એક જ વિકેટનો ઉમેરો થયો હતો. હવે સનરાઈઝર્સ હૈદરાબાદ સામે તેની કસોટી થશે કેમ કે હૈદરાબાદ પાસે ટ્રેવિસ હેડ, અભિષેક શર્મા, ઈશાન કિશન અને હેનરિક ક્લાસેન જેવા આક્રમક બેટ્સમેન છે જેની સામે ૩૧ વર્ષીય બુમરાહ કેટલી ઘાતક બોલિંગ કરી શકે છે તે જોવાનું રહેશે.



# શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ દ્વારા ઉત્તર વાહિની નર્મદા પરિક્રમા

## સુરતથી ૨૦૦થી વધુ બ્રાહ્મણોએ પરિવાર સાથે નર્મદા પરિક્રમા કરી

સુરત, તા.૧૭

ચૈત્ર માસમાં નર્મદાની ઉત્તરવાહિની પરિક્રમાનું ખૂબ જ ધાર્મિક મહત્વ જોડાયેલું છે. ત્યારે માં નર્મદાની પંચકોષીય ઉત્તર વાહીની પરિક્રમા કરવા શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ-સુરત દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજ સુરત દ્વારા સુરતથી ૨૦૦થી વધુ બ્રાહ્મણોને આ પરિક્રમા કરાવડાવી હતી.સુરત થી ચાર બસ કરી નર્મદા પરિક્રમાના સ્થળ સુધી લઈ જવામાં આવ્યા હતા. આ પરિક્રમાનો ૧૦ વર્ષના નાના બાળકથી લઇ ૭૦ વર્ષના વૃદ્ધો સહિત મહિલાઓએ ઉત્સાહ ભેર ભાગ લઈ ધન્યતા અનુભવી હતી.

શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત દ્વારા ચૈત્ર માસ નિમિત્તે શરૂ થયેલી માં નર્મદાની પંચકોષિય ઉત્તર વાહીની પરિક્રમા માટેનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. છેલ્લા ચાર વર્ષથી શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત દ્વારા સુરત થી બ્રાહ્મણોને લઈ નર્મદા પરિક્રમાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ વિશેષ આયોજન કરાયું હતું. જેમાં આ વર્ષે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત સાથે મા નર્મદાની પરિક્રમા કરવા સુરતના ૨૦૦ જેટલા બ્રાહ્મણો જોડાયા હતા. સુરતથી પંચકોષિય નર્મદા પરિક્રમાની આ યાત્રાનું પ્રસ્થાન કરાવવા માટે સુરતના બ્રહ્મ સમાજના આગેવાનોને ખાસ બોલાવવામાં આવ્યા હતા. સમાજના આગેવાનો દ્વારા શ્રીફળ વધેરી તમામ યાત્રાળુઓની બસને પ્રસ્થાન કરવામાં આવ્યું હતું. તમામ આગેવાનોએ યાત્રાળુઓને શુભ સંદેશો પાઠવી યાત્રાની શુભકામના પાઠવી હતી.

આ વર્ષે શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત સાથે ૧૦ વર્ષના નાના બાળકથી લઈ ૭૦ વર્ષના વૃદ્ધો અને મોટી સંખ્યામાં મહિલાઓ માં નર્મદાની પરિક્રમા કરવા ઉત્સાહ દાખવ્યો હતો. ૨૦૦થી વધુ બ્રહ્મ પરિક્રમા વાસીમાંથી ૧૦૦ થી વધુ માત્ર મહિલા પરિક્રમાર્થી હતા. આ તમામ પરિક્રમાવાસીઓ માટેનું સંપૂર્ણ જવાબદારી શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરત દ્વારા ઉઠાવવામાં આવી હતી. ખૂબ જ સુંદર અને નિયમબધ્ધ આયોજન કરી તમામ બ્રાહ્મણોને મા નર્મદાની પંચકોષીય ઉત્તરવાહીની પરિક્રમા કરાવી હતી. માં નર્મદાની પંચકોષીય ઉતરવાહિની પરિક્રમાના આયોજનની વાત કરવામાં આવે તો શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મ સમાજ સુરતના પ્રમુખ શ્રી જયદીપભાઇ ત્રિવેદીએ જણાવ્યું હતું કે હાલ ચૈત્ર માસ અને ચૈત્ર નવરાત્રી ચાલી રહી છે. આ એક મહિના પૂરતી જ માં નર્મદાની ૨૧ કિલોમીટર લાંબી ઉત્તર વાહિની પરિક્રમા દર વર્ષે શરૂ થાય છે. અને માં નર્મદાની આ પરિક્રમા કરવા લોકો દૂર દૂરથી આવતા હોય છે. ત્યારે સુરતથી પણ બ્રાહ્મણો આ પરિક્રમાનો લાભ લઈ શકે તે માટે ચોથી વખતનું આ અમારું આયોજન છે.અમારી યાત્રા સુરતના ગુજરાત ગેસ સર્કલથી ચાર બસો મારફતે ૨૦૦ જેટલા પરિક્રમાવાસીઓને લઈ જવામાં આવ્યા હતા.

# શું તમે પોતાનું નવું ફુડ પ્રોસેસિંગ યુનિટ શરૂ કરવાનું વિચારી રહ્યા છો?

## વિના મુલ્યે માર્ગદર્શન અને સબસીડી સાથે નવી શરૂઆત કરી શકાય છે

સુરત, તા.૧૭

શું તમે નાના ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગ સાથે સંલગ્ન છો? અથવા, શું તમે પોતાનું નવું ફુડ પ્રોસેસિંગ યુનિટ શરૂ કરવાનું વિચારી રહ્યા છો? તો તમારા માટે ખુશખબરી છે.. ભારત સરકારની ફુડ મિનીસ્ટ્રી દ્વારા ગુજરાત સહિત સમગ્ર દેશમાં ''પ્રધાનમંત્રી ફોર્મલાઈઝેશન ઓફ માઈક્રો ફૂડ પ્રોસેસિંગ એન્ટરપ્રાઈઝ સ્કીમ (સ્હ્મસ્ઈ)'' અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત બેંકમાંથી કોઇ પણ કોલેટરલ(ગેરંટી) વગર રૂ.૧ કરોડ સુધીની લોન મળી શકે છે અને મંજૂર થયેલ પ્રોજેક્ટ કિમતની ૩૫% સબસિડી જે મહત્તમ રૂ. ૧૦ લાખની મર્યાદામાં મળી શકે છે. પ્રોજેક્ટ તૈયાર કરી જિલ્લા કક્ષાએ નિમણુંક કરેલ ડી.આર.પી.નો સંપર્ક કરી રજૂ કરી શકો છો. પ્રોજેક્ટ તૈયાર કરવાથી લઇ ઓનલાઇન અરજી સુધી ડી.આર.પી. દ્વારા સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવશે. યોજના થકી હાલ કાર્યરત મુલ્યવર્ધનના ઉદ્યોગને વધારી પણ શકો અને નવા ઉદ્યોગ સાહસિકો પોતાનો નવો ઉદ્યોગ ચાલુ પણ કરી શકે છે. નાના ફુડ પ્રોસેસિંગ ઉદ્યોગો જેવા કે, અથાણું, પાપડ, ખાખરા, ફળના જ્યુસ, ચિપ્સ, કેન્ડી વગેરે ઉભા થવાથી શાકભાજી અને ફળોના બગાડને અટકાવી શકાય છે અને ખેડૂતોને વધુ ભાવ મળી શકે છે.સુરત જિલ્લાની માહિતી માટે નાયબ બાગાયત નિયામકની કચેરી, બાગાયત ભવન, લાલ બંગલા સામે, ઓલપાડી મહોલ્લો, અઠવાલાઈન્સ ખાતે ટેલીફોનિક અથવા રૂબરૂ મળી માહિતી મેળવી શકાશે. વધુ માહિતી માટે બાગાયત અધિકારી પરિક્ષિત પી.ચૌધરી (મો. ૭૬૫૪૮ ૪૮૫૭૬)નો સંપર્ક કરી શકાશે એમ નાયબ બાગાયત નિયામક-સુરતની યાદીમાં જણાવવાયું છે.

### ટેરિફની
#### પહેલા પાનાનું ચાલુ

આ લોકોએ હોંશિયારીપૂર્વક ઈનકમ ટેક્સ સિસ્ટમ લાગુ કરી દીધી. પછી ૧૯૩૧-૩૨માં ફરી ટેરિફ પાછો લાવવા પ્રયાસ કર્યો પણ ત્યાં સુધી મોડું થઇ ગયું હતું. લોકો ગ્રેટ ડિપ્રેશન માટે ટેરિફને દોષ આપે છે. જોકે ડિપ્રેશન તો પહેલા જ આવી ગયું હતું.

આવક વિશે સવાલ કરવામાં આવતા ટ્રમ્પે કહ્યું કે, અમેરિકાએ મારા કાર્યકાળ દરમિયાન દરરોજ બે થી ત્રણ અબજ ડોલરની કમાણી કરી હતી. અગાઉ ક્યારેય આટલી આવક થઇ નહોતી. આ સેંકડો અબજ ડોલર વાર્ષિકની વાત છે. હાલમાં મેં આ આવકને અટકાવી દીધી છે કેમ કે આ એક ટ્રાન્ઝિશન છે. થોડીક તો ફ્લેક્સિબિલિટી બતાવવી પડશે.

### રાજસ્થાન
#### પહેલા પાનાનું ચાલુ

આ ઉપરાંત, શહેરમાં મોબાઈલ ટાવર, વૃક્ષો અને વીજળીના થાંભલા પડવાના અહેવાલો છે. તેમજ, રામબન જિલ્લામાં કરા પડવાથી કેટલાક પશુઓના મોત થયા. કરા અને વરસાદ અને ભૂસ્ખલન પછી રાજૌરી જિલ્લા નજીક જમ્મુ-પુંછ નેશનલ હાઈવે બંધ કરવામાં આવ્યો હતો.

હિમાચલ પ્રદેશના કેટલાક ભાગોમાં કરા, હિમવર્ષા અને વરસાદની સંભાવના છે. હવામાન વિભાગે ૧૮ થી ૨૨ એપ્રિલ સુધી રાજ્યમાં વરસાદ માટે ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. આ દરમિયાન, ૪૦ થી ૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન પણ ફૂંકાઈ શકે છે.

આના કારણે રાજ્યના તાપમાનમાં લગભગ ૫ થી ૭ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે. જો કે, ૨૨ એપ્રિલ પછી તાપમાન ફરી વધી શકે છે. વિભાગે જણાવ્યું હતું કે ૧૫ એપ્રિલ સુધી ફક્ત ૧૦ મીમી વરસાદ પડ્યો છે, જ્યારે આ દરમિયાન વરસાદ લગભગ ૩૫ મીમી હોવો જોઈએ. આ લગભગ ૭૦ ટકાનો ઘટાડો છે.

### ભાજપના
#### પહેલા પાનાનું ચાલુ

ઉતરપ્રદેશ જેવા મહત્વના રાજયોના નવા પ્રદેશ પ્રમુખ વગર જ જો રાષ્ટ્રીય પ્રમુખ પસંદ થાય તો ખોટો સંદેશ જશે.

યુપી અગાઉ જ ૨૦૨૪ની ચુંટણીમાં ભાજપને આંચકો આપી રહ્યુ છે તો ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ અને રાહુલ ગાંધી હવે ગંભીર બન્યા હોય તેવા સંકેત છે. કેટલાક અદાલતી ચુકાદા પણ ભાજપને હવે આંચકા આપે છે અને જો વકફ ચુકાદામાં સરકારને પીછેહઠ સહન કરવી પડે તો તે સૌથી મોટો રાજકીય પરાજય બની શકે છે અને તેની અસર દેશભરમાં થશે.

મુસ્લીમો હાલમાં પણ આ અંગે હવે આખરી વલણ લીધુ છે. વકફમાં એક પણ સુધારો સમગ્ર ખરડાને અસર વિહીન કરી શકે છે. સરકાર હવે કોલેજીયમના બદલે નેશનલ જ્યુડીશીયલ એપોઈન્ટમેન્ટ કમીશન જેવી રચના કરવા માંગે છે. આમ અનેક એજન્ડા પર હાલ જબરુ મંથન ચાલી રહ્યુ છે.

### આંતરાષ્ટ્રીય
#### પહેલા પાનાનું ચાલુ

લેવિટ હવે નક્કી કરશે કે, કયો પત્રકાર અથવા મીડિયા સંગઠન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને પ્રશ્નો પૂછી શકે છે. આ નીતિ વ્હાઈટ હાઉસના ઓવલ ઓફિસ, પ્રેસ બ્રીફિંગ રૂમ અને રાષ્ટ્રપતિના ખાસ વિમાન 'એરફોર્સ વન'માં પણ લાગુ પડશે.

### કિસાન લાભાર્થી
#### પહેલા પાનાનું ચાલુ

લાદવામાં આવી હતી. ચૂંટણી પહેલા, સરકારે આ શરતોને અવગણી હતી અને અરજી કરનાર મોટાભાગની મહિલાઓને પૈસા વહેંચ્યા. જો કે, ફરીથી સરકાર બન્યા પછી, આ શરતોના આધારે તમામ અરજીઓની ચકાસણી શરૂ થઈ અને અયોગ્ય લાભાર્થીઓના નામ યાદીમાંથી દૂર થવા લાગ્ય છે.

કોંગ્રેસના નેતા વિજય વડેટ્ટીવારે કહ્યું- સરકારે મત માટે મહિલાઓને લાભ આપ્યા અને મત લીધા. આ યોજના બંધ કરવા અને સરકારી તિજોરી પરનું દબાણ ઘટાડવા માટે, આ આવી ચાલ ચાલવી નિંદનીય છે.નાણા રાજયમંત્રી આશિષ જયસ્વાલે કહ્યું - પરિસ્થિતિઓ બદલાઈ નથી. વિપક્ષ ખોટી માહિતી ફેલાવી રહ્યો છે. સરકારના નિર્ણયમાં કોઈ ફેરફાર થયો નથી, કોઈ પરિસ્થિતિ બદલાઈ નથી. જેઓ ગેરકાયદેસર છે જેઓ પોતાને નોંધણી કરાવે છે તેમને હવે કોઈ લાભ મળશે નહી.

### ટાઈમની
#### પહેલા પાનાનું ચાલુ

છે.કક્કરી હતી.'ટાઈમ'૧૦૦ યાદી દુનિયાભરમાં પ્રભાવશાળી હસ્તીઓને તેમનાં પ્રભાવ અને નેતૃત્વ માટે સન્માનિત કરે છે. આ વર્ષની યાદીમાં રાજનીતિ, વિજ્ઞાન, મનોરંજન, અને વ્યાપાર જગતની અનેક વૈશ્વિક હસ્તીઓને સામેલ કરવામાં આવી છે.જેમાંથી દરેકને ગત વર્ષ દરમ્યાન તેમના મહત્વપૂર્ણ પ્રભાવ અને યોગદાનને લઈને સન્માનિત કરવામાં આવ્યા છે. જોકે આ યાદીમાં એકપણ ભારતીયનું નામ સામેલ નથી.

# વેપારીના હાથમાંથી મોબાઈલ ઝૂંટવી લેનાર બેને ઝડપી પડાયા

## સાદીક ઉર્ફે કાલુ અને લતીફ દિવાનની ધરપકડ

(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા. ૧૭

સરથાણા શ્યામધામ ચોક ખાતે વોકિંગ કરવા નીકળેલા વેપારીના હાથમાંથી samsung કંપનીનો મોબાઈલની લૂંટ ચલાવનારા બે મોબાઈલ સ્નેચરોની સ્થાનિકોની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી હતી.

મૂળ ભાવનગરના માનગઢ ગામના વતની અને હાલ સરથાણા શ્યામધામ ચોક મહાવીર સોસાયટીમાં રહેતા લાલુ ભાભુભાઈ ગોયાણી વ્યવસાય વેપારી છે. ગચ્છ ફેબ્રુઆરી વહેલી સવારે લાલુ ગોયાણી શ્યામધામ ચોક પાસે વંદના સોસાયટી સામેથી ચાલીને જઈ રહ્યા હતા ત્યારે બે અજાણ્યા મોબાઈલ સ્નેચરો લાલુભાઈ પાસે ધસી આવ્યા હતા અને તેમના હાથમાંથી સેમસંગ ગેલેક્સી ૬ ફોલ્ડ મોબાઈલ જેની કિંમત રૂ.૪૦ હજારની લૂંટ કરી ફરાર થઈ ગયા હતા. પોલીસે મોબાઈલ સ્નેચરો સાદીક ઉર્ફે કાલુ સલીમ શેખ અને લતીફ ઉસ્માન દિવાનની ધરપકડ કરી હતી.



# આરએમપીએસ ઈન્ટરનેશનલ સ્કૂલમાં સ્થાપક દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

## વિદ્યાર્થીઓ દ્વારા ભાવનાત્મક સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ કરાયા

અંકલેશ્વર, તા.૧૭

૧૬ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ, RMPS એ શાળાના વિકાસ અને શ્રેષ્ઠતાની સફળ યાત્રાને યાદ કરીને તેનો ૮મો સ્થાપક દિવસ આનંદપૂર્વક ઉજવવામાં આવ્યો. આ કાર્યક્રમની શરૂઆત પરંપરાગત દીપપ્રાગટ્ય સમારોહથી થઈ, જે શાણપણ અને જ્ઞાનનું પ્રતીક છે. ટ્રસ્ટીઓ, સ્થાપકો અને ખાસ મહેમાનોનું કૃતજ્ઞતાના પ્રતીક તરીકે ફૂલોના ગુલદસ્તા સાથે તિલક કરીને સ્મૃતિચિહ્નોથી ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું. ડિરેક્ટર અને પ્રિન્સિપાલ શ્રીમેલરોય મેકડોનાલ્ડ અને ફ્લાઈંગ કિડ્સ ના પ્રિન્સિપલ શ્રીમતી અર્ચના નેગી પટેલ દ્વારા હૃદયસ્પર્શી સંસ્મરણોમાં શાળાની પ્રગતિ અને ભવિષ્યના વિકાસની દ્રષ્ટિ પર પ્રકાશ પાડવામાં આવ્યો. વિદ્યાર્થીઓએ ભાવનાત્મક ગીતો, સાંસ્કૃતિક નૃત્યો અને શાળાના ઉત્ક્રાંતિને નાટકીય રીતે રજૂ કરતી વિચારશીલ નાટક દ્વારા તેમની પ્રતિભા દર્શાવી સર્વેને મંત્રમુગ્ધ કરી દીધા. સ્થાપક વિદ્યાર્થીઓએ સંસ્થાના સકારાત્મક પ્રભાવ પર પ્રતિબિંબ પાડતા તેમના અનુભવો પણ રજૂ કર્યા. મહેમાન શ્રી હરીશભાઈને શાળામાં તેમના યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા. શાળાના ટ્રસ્ટીશ્રીઓ શ્રીરાકેશ જૈન, શ્રીમહાવીર જૈન, શ્રી સચિનજૈન દ્વારા શાળાની સફળ વિકાસયાત્રાના સંસ્મરણો રજૂ કરવામાં આવ્યા હતા. સ્થાનિક શાળામાં શિક્ષકો અને સ્ટાફની મહેનત અને પ્રતિબદ્ધતાને માન આપવા માટે એક ખાસ પ્રશંસા સમારોહનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં હૃદયસ્પર્શી વાર્તાલાપ અને ટ્રસ્ટીઓ, ડિરેક્ટર અને આચાર્ય સાહેબ દ્વારા વિવિધ સભ્યોને કૃતજ્ઞતાનું પ્રતીક રજૂ કરવામાં આવ્યું હતું. જેમાં પાંચ વર્ષ પૂર્ણ કરનારા લાંબા સમયથી સેવા આપતા સ્ટાફને તેમના મૂલ્યવાન યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સમારોહમાં શાળા નેતૃત્વ અને તેની ટીમ વચ્ચેના મજબૂત બંધનને ઉજાગર કરવામાં આવ્યું હતું. આ ઉજવણી ગૌરવ અને એકતા ના સંકેત સાથે પૂર્ણ થઈ જે પ્રશંસા અને પ્રેરણાની કાયમ છાપ છોડી ગઈ. સમારોહનો અંત આભાર સાથે માનવીય મૂલ્યોને ઉત્સાહપૂર્વક ઉજાગર કરી શાળાના ગીત સાથે સમાપન કરવામાં આવ્યું હતું.

### પીપલોદમાં રૂ.૫૨
#### પેજ-૨ પાનાનું ચાલુ

હતું.આ અવસરે ધારાસભ્યશ્રીએ 'સૌનો સાથ અને સૌના વિકાસ'ના મંત્ર સાથે રાજ્ય સરકાર દ્વારા શહેરી વિસ્તારોમાં જે પણ પાયાની જરૂરિયાતના કામો બાકી હોય તેવા વિકાસ કામોને અગ્રતા આપીને પૂર્ણ કરવાની કટિબધ્ધતા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમોમાં નગરસેવક સર્વશ્રી ચિરાગ સોલંકી, શ્રી હસમુખ નાયકા, શ્રીમતી પિયુષાબેન પટેલ, શ્રીમતી રીનાબેન રાજપૂત, હિમાંશુભાઈ રાઉલજી, શ્રી દિપેશભાઈ પટેલ, શ્રીમતી કૈલાસબેન સોલંકી, પદાધિકારીઓ, નગર પ્રા.શિક્ષણ સમિતિના સભ્યો, સોસાયટીના રહીશો ઉપસ્થિત રહ્યા હતાં.

### પૂર્વ નગરસેવક
#### પેજ-૨ પાનાનું ચાલુ

જરૂરિયાતમંદ દર્દીઓની સેવા માટે તેમનો ફોન હંમેશા રણકતો રહે છે. રાત્રે પણ મદદ માટે કોઈનો કોલ આવે તો અણગમો વ્યક્ત કર્યા વિના તેઓ ૧૦૮ ની જેમ મદદે પહોંચી જાય છે. સિવિલમાં સ્વાસ્થ્ય સુધારણાના કામો, વિવિધ બ્લડબેંકો માટે રક્તદાન કેમ્પો માટે પણ હંમેશા અગ્રેસર રહ્યા છે. ખાનગી હોસ્પિટલમાં દાખલ ગરીબ પરિવારના દર્દીઓ નાણાના અભાવે રઝળી ન પડે એ માટે તેઓ એવા દર્દીઓને નવી સિવિલમાં દાખલ કરાવીને સઘન સારવાર અપાવે છે એમ શ્રી કડીવાલાએ ઉમેર્યું હતું. શહેર સંગઠન પ્રમુખ પરેશભાઈ પટેલે જણાવ્યું કે, છોટુભાઈ પાટિલ સમાજ સેવાનો પર્યાય છે. કોરોનાકાળમાં જીવના જોખમે લોકોની સેવા માટે સતત દોડતા રહ્યા હતા. કેન્સરના દર્દીઓ, દિવ્યાંગજનો, સિવિલના દર્દીઓ, લોહીની જરૂરિયાતવાળા દર્દીઓ કામ થયાના સંતોષ સાથે આશીર્વાદ આપી ઘરે પરત ફરે છે. શહેરની વિવિધ બ્લડ બેંકોમાં લોહીનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ રહે અને સેવાનો હેતુ સિદ્ધ થઈ શકે તે માટે વિવિધ સ્થળોએ રક્તદાન કેમ્પો, મેડિકલ કેમ્પ અને આંખના નિદાન-સારવાર કેમ્પ યોજી લોકોને મદદ કરે છે. આ પ્રસંગે શહેર સંગઠન પ્રમુખ પરેશભાઈ પટેલ, નગરસેવકો સર્વશ્રી દીનાનાથ પાટિલ, ગીતાબેન રબારી, ઉર્મિલાબેન ત્રિપાઠી, ડો.બળવંત પટેલ, છોટુભાઈના ધર્મપત્ની રોહિણીબેન, ડો.કેતન નાયક, ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, વિભોર ચુગ, બિપીન મેકવાન, નિલેશ લાઠીયા સહિત મેડિકલ અને નર્સિંગ સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

### કર્મચારીઓના
#### પેજ-૨ પાનાનું ચાલુ

એક હપ્તામાં એપ્રિલ-૨૦૨૫ના પગાર સાથે ચૂકવવામાં આવશે. આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૭૮ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૮૧ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે. એટલું જ નહિ, રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને રૂ.૨૩૫ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે તથા વધારાના વાર્ષિક રૂ.૯૪૬ કરોડની ચુકવણી પગારભથ્થા-પેન્શન પેટે થશે તેમ પણ પ્રવક્તામંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં રાજ્ય મંત્રીમંડળની બેઠકે કરેલા આ કર્મચારી હિતકારી નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે તેમ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યુ હતુ.

### અંકલેશ્વર બી
#### પેજ-૨ પાનાનું ચાલુ

ગેરકાયદેસર પ્રવૃત્તિ ન કરવા સૂચના આપવામાં આવી હતી.આ સાથે જ આવી જો કોઈ પ્રવૃત્તિ જણાય તો પોલીસને તરત જ જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. અંકલેશ્વર નજીક સ્ક્રેપ માર્કેટમાં વારંવાર આગના બનાવો બને છે ત્યારે પોલીસ પણ હવે કડક કાર્યવાહીના મૂડમાં દેખાઈ રહી છે.

# જગત ગુરુ શંકરાચાર્યના 'એકાંતે સુખમાસ્યતામ' સૂત્રમાં એકાંત એ સુખની ચાવી છે!

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. આપણે ભગવાન આદિદેવ જગતગુરુ શંકરાચાર્યના સાધન પંચકર્મ વિશે વાત કરી રહ્યાં છીએ, અને ચાર સૂત્ર વિશે બને એટલી સરળતાથી સદગુરૂએ પ્રકાશ પાડ્યો. જગતગુરુ એ તો પાંચે પાંચ સૂત્ર અનુસાર જીવન જીવવાનું કહ્યું, અને અનન્ય એવા પરમાત્માનાં દર્શન કે ઈશ્વર સાક્ષાત્કાર સુધી આ રીતે પહોંચી શકાય છે, એમ કહ્યું છે. પરંતુ દેશકાળ પ્રમાણે કેટલા બધા પરિવર્તનો આવી ગયા છે, માટે કોઈપણ એક સાધન સૂત્રને પકડી એ તો પણ એ જીવનને સત્યમ શિવમ સુન્દરમ તરફ લઈ જનાર છે, જે આપણી મૂળ સંસ્કૃતિ છે. જીવનમાં સત્ય એટલે નીતિ, વિચારમાં શિવમ્ એટલે કે કલ્યાણની ભાવના આવે, તો જ જીવન સુંદર થાય, એવી એક આપણી મૂળ ભારતીય સંસ્કૃતિ રહી છે. આજે આપણે પાંચમાં અને અંતિમ સૂત્ર "એકાંતે સુખમાસ્યતામ" પર ચિંતનમાં વાત કરીશું.

ભગવાન જગતગુરુ શંકરાચાર્યનાં કહેવા અનુસાર એકાંત એ એક માત્ર સુખ આપવાની ચાવી છે, એવો આ સૂત્રનો સીધોસાદો અર્થ થાય, અથવા તો એકાંતમાં જ સુખ સમાયું છે, કે પછી એકાંત સુખ તરફની ગતિ કરાવનારું છે. તો પહેલા તો એકાંત શબ્દનો આપણે શું અર્થ કરીશું, અને બીજું એકાંતમાં આપણે એવું શું શીખવાનું છે, કે જે આપણને પરમ વિશ્રામ તરફ લઈ જાય. શરૂ શરૂમાં એકાંતમાં મન ખૂબ જ ઉપદ્રવ શરૂ કરશે, અને ત્યારે જ આપણી માનવીય મનની ગુણવત્તા નક્કી થશે. જ્યાં સતત પોતાની માટે જ જીવાયુ હોય ત્યારે, હવે કયો ભોગ બાકી છે,? અન્ય પર કેમ પ્રભાવ પાડવો? શું નવું ખરીદવું? કે પછી ફલાણી વ્યક્તિને મારા કરતાં વધુ કેમ મળે છે? મનને શાંત કેમ કરવું? આવા બધા વિચારો માંથી બહાર કેમ લાવવું? એની માટેના સૌથી ઉત્તમ પ્રયોગ તરીકે ઈષ્ટદેવનું બોલીને સ્મરણ કરવું, કે પછી અન્ય કોઈ મંત્રમાં શ્રદ્ધા હોય એનો જાપ કરવો.શરુઆત બોલીને કરવી, પછી જેમ મન શાંત થાય એમ વાણી શાંત કરવી.

એકલતા અને એકાંતમાં બહુ ફેર છે, એટલે એને સમજવું બહુ જરૂરી છે. ઘણાં એવો પણ તર્ક કરે, શું કામ એકાંતમાં રહેવું? અથવા એકાંતમાં એવું શું પ્રાપ્ત થાય છે? જે આપણને સુખ તરફ દોરી જાય. એકાંતમાં માનવી પોતાના આત્માની એકદમ નજીક આવે છે, અને તેની વાણી તે સાંભળી શકે છે. મન બુદ્ધિ ચિત્ત અહંકારના અંતઃકોણ ચતુષ્કોણના સંતુલિત છે, કે નહી એ વિશે પણ તે અહીં જ વિચારી શકે છે. જીવનના સત્યોને સ્વીકારતા શીખવે છે. આપણાં વૈદિક ગ્રંથોનું અધ્યયન કરીએ, અને એનાં ભાવાર્થને સમજીએ. શાસ્ત્રાર્થ તો આપણે કલાક-કલાક કરી શકીએ, કે ઈશ્વર એક જ છે, જન્મ છે તેનું મૃત્યુ એ સનાતન સત્ય છે, કર્તા બની કરવું નહીં, મારું મારું કરીને મેળવેલું અહીંથી કંઈ જ લઈ જઈ શકાતું નથી, તેમજ પરમ ચૈતન્ય પ્રકૃતિનાં કણકણમાં સમાહિત છે. હવે આપણે સૌ જાણીએ છીએ, કે આ બધું જ જ્ઞાન આપણી પાસે છે, છતાં આપણે આ મમત છોડી શકતા નથી. મૃત્યુને સાહજિક રીતે સ્વીકારી શકાતું નથી, એનું એકમાત્ર કારણ ભોગ પ્રત્યેની વધુ પડતી રુચિ, સંબંધોના માયાજાળમાં વધુ પડતો મોહ, અને રૂપિયા પૈસા જે ભેગા કર્યા છે, એ અહીં જ મૂકીને જવું પડશે, આ બધું જાણવા છતાં આપણે આને સ્વીકારી શકતાં નથી. એ સત્યને એકાંત સ્વીકારતા શીખવે છે, અને મનને સ્વના દાયરામાંથી બહાર કાઢી સર્વ સુધી લઇ જાય છે. સગુણ ઈશ્વર તરીકે એક ઈષ્ટને પસંદ કર્યા હોવા છતાં, ભારતીય સંસ્કૃતિનાં બધા જ દેવોને આદર અને વંદન કરવો, છતાં ઘણીવાર કંઈ ચૂક થઈ જાય તો માનસિક ડર રહે છે કે, આ દેવતા આપણું અહિત કરશે, એટલે કે ક્યાંક ને ક્યાંક ઈશ્વરને ભજવા પાછળ કોઈને કોઈ ભય રહેલો છે, આ ભયમાંથી એકાંત આપણને બહાર કાઢે છે, અને અભય પદ સુધી દોરી જઇ શકે છે. આપણા સનાતન સત્યને જીવ સહજતાથી સ્વીકારી શકે એવી કોઈ પાઠશાળાનું નામ હોય તો એ એકાંત છે, અને આ વાક્ય બહુ મોટાં બુદ્ધપુરુષ એવા સ્વામી શ્રી શરણાનંદજી મહારાજનું છે. એકાંતમાં જ આત્મચિંતન થઈ શકે, અને એકાંતમાં જ એમાં સુધારો લાવવા વિષે વિચારી શકાય, સુધાર લાવ્યા પછીના જીવનમાં જો થોડો આનંદ કે વિશ્રામનો ભાવ ભળે, તો આ ક્રિયા વારંવાર કરવાનું મન થાય, અને લોકમંગલ માટેનું કાર્ય કરવાથી પરમ વિશ્રામનો અનુભવ થાય. પોતાની માટે હવે જીવન જ રહ્યું નથી, માટે ત્યાં તેને ભોગની ઈચ્છા નથી,અહીં કોઈ કંઈ કરી શકતું નથી, બધું એ જ કરે છે એ સત્ય સ્વીકારાય, એટલે પદ-પ્રતિષ્ઠા કે અહમ પૃષ્ટિની ઈચ્છા નથી, મારું મારું એટલે નીજી સંબંધોના તાણાવાણા તૂટી ગયા છે, ને બધા જ મારા એવો ભાવ સ્થાપિત થઈ ગયો છે. તેમજ મૃત્યુ ગમે ત્યારે આવે, હવે મેં મારા જીવનમાં કંઈક વિશેશ કરી લીધું છે, એનો સંતોષ છે, એટલે એ રીતે પણ અભયતાનું પદ પ્રાપ્ત કરી શકાય, અથવા તો ઈશ્વરને નિરાકાર પરબ્રહ્મ તરીખે પ્રકૃતિના કણકણમાં તેમજ જગતમાં અનુભવાય, સ્થૂળ પૂજા બંધ થાય તો પણ એ આપણું અહિત કરશે એવો ભાવ મટી જાય છે, અને પરમ પ્રેમ તરફ જીવન ગતિ કરે છે જ્યાં માત્ર ને માત્ર પરમ વિશ્રામ છે.

અહી કોઈ એટલે કોઈ સર્વ ગુણ સંપન્ન નથી, અને થવાની જરૂર પણ નથી, જેમ વેપાર કરતી વખતે થોડાક નાણાં વેપારમાં રોકીએ, અને પછી ખૂબ કમાણી કરીએ છીએ, એમ એકાદ ગુણ પકડીને પણ આ પાંચ સૂત્ર માનું જે કોઈ સૂત્ર આપણને અનુકૂળ આવે, એ સૂત્રને પકડીને આપણે આપણા ગુણોનું સંવર્ધન કરવાનું છે. ખૂબી અને ખામી એ બંને સમાંતરે ચાલે છે માનવ જીવનની એક લાક્ષણિકતા છે કે, એ ખામી અન્યની શોધે છે, અને લોકો પોતાની ખૂબીના વખાણ કરે, એ માટે તે કઈ કેટલાય પ્રપંચ કરે છે. સત્યની બાબતે પણ માનવી હંમેશા દલીલો કરતો દેખાય છે, કોઈ વાણીના સત્યને મહત્વ આપે છે, કોઈ વિચારનાં સત્યમાં પ્રવૃત્ત રહે છે,પણ બહુ ઓછા વર્તનનાં સત્ય સુધી પહોંચે છે. વર્તનનું સત્ય એટલે કે અન્યોન્ય સંબંધમાં પ્રેમનું પ્રસ્થાપન કરવું. પણ આપણે સૌ જાણીએ છીએ કે અહીં દંભ, દેખાડો, ઈર્ષા, નિંદા, આગ્રહ, અપેક્ષા, એવા આટલા બધા દુષણો પ્રવેશી ગયા છે કે, ખરેખર સાચા સંબંધો હવે જોવા મળતા નથી. સંબંધમાં દંભ, ઈર્ષા, નિંદા, લોભ, લાલસા, તૃષ્ણા, આગ્રહ નીગ્રહ, અપેક્ષા, ઉપેક્ષા, આ બધાને બાદ કરીએ તો જ! બાકી તો ફલાણાને આટલાં લાઈક મળ્યા મને એક પણ નહી, એવી ઈર્ષા થવાની પણ સંભાવના વધી જાય છે. આતો એક નાનકડું ઉદાહરણ આપ્યું, બાકી આપણી અંદર આ સમયે ઉદ્ભવતા ભાવનું એકાંતમાં દરેકે દરેક જણ વિશ્લેષણ કરશે તો ખરેખર સાચું શું છે? એ તરત સમજાઈ જશે. કોઈપણ ભોગે ચોવીસ કલાકમાંથી ૨૪ મિનિટનું એકાંત તો કાઢવું જ પડે, તો જ આ બધી વૃત્તિ પ્રવૃત્તિઓમાંથી મનને બહાર લાવી શકાય, અને એક વાર બહાર નીકળે પછી જ તે આપણા સનાતન સત્યોને સ્વીકારી શકે, સ્વીકાર્યા પછી પોતાની જાતને ભૂલી, અન્યોમાં પ્રવૃત્ત થાય, તો જ તેને પરમ વિશ્રામને પરમાનંદ કે પરમ પ્રેમની પ્રાપ્તિ થાય. તો આપણે સૌ આ એકાંતને મનચાહ્યું બનાવી, અને તેના અનન્ય લાભને મેળવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**લી ફાલ્ગુની વસાવડા (ભાવનગર)**

# પરવત પાટીયામાં બેસણામાં જતી યુવતીને ટ્રકે ઉડાવી દેતા કરૂણ મોત

## યુવતી સાથે બેસણામાં જવા નીકળેલા પાડોશી દંપતિને અકસ્માતમાં સામાન્ય ઈજા

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૫

ગોડાદરામાં રહેતા પડોશી દંપતિ સાથે બાઈક ઉપર સવાર થઈ પુણા ખાતે સંબંધીના ઘરે બેસણામાં જવા નીકળેલી યુવતીને પર્વત પાટિયા પાસે ટ્રક ચાલકે હડફેટે લઈ તેની ઉપરથી ટાયર ચઢાવી દેતા તેનું ઘટના સ્થળે મોત નિપજ્યું હતુ. મૂળ તેલંગાણાના મહેબૂબાબાદ ચેટલામુપ્પારામ અને હાલ ગોડાદરા હેલ્થ સેન્ટર પાસે કૃષ્ણકુંજ સોસાયટી -વનમાં રહેતા ચંદ્રશેખર વેંકટરામનસૈયા ગોને પરિવાર સાથે રહે છે. ચંદ્રશેખરના સમાજમાં કોઈનું અવસાન થયું હતું. જેથી ચંદ્રશેખરની બહેનએ પડોશમાં રહેતા પોતાના સમાજના દંપતી સાથે મૈયતમાં બેસવા માટે જવાનું આયોજન કર્યું હતું. દરમિયાન પડોશમાં રહેતા દંપતી સાથે ચંદ્રશેખર ની બહેન બાઈક ઉપર પાછળ બેસીને અમેજિયા વોટરપાર્ક નજીક સુમન સંગીની રો હાઉસમાં અવસાન પામનાર સંબંધીના ઘરે હાજરી આપવા માટે નીકળ્યા હતા ત્યારે પર્વત પાટિયા ગોપાલ કોમ્પ્લેક્સ સામે પુરઝડપે અશોક લેલન ટ્રક હંકારી લાવેલા ટ્રક ચાલકે બાઈકને હડફેટે લીધી હતી જેમાં દંપતી અને ચંદ્રશેખર ની બહેન રોડ ઉપર પટકાઈ હતી. આ અકસ્માતમાં ચંદ્રશેખરની બહેનના શરીર ઉપરથી ટ્રકનું કંડકટર તરફનું ટાયર ચડી જતા તેણીનું ગંભીર ઈજાના કારણે ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યું હતું. પોલીસે ટ્રક ચાલકની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે.

# વલસાડ જિલ્લાના મોતીવાળા વિસ્તારમાં આકાર ઈનોવેશન કંપનીમાં આગ લાગી

(પ્રતાપ પ્રતિનિધિ) સુરત, તા.૧૭

વલસાડ જિલ્લા ના મોતીવાળા વિસ્તાર માં આવેલ આકાર ઈનોવેશન કંપની મા ભીષણ આગ.

વલસાડ જિલ્લા ના મોતી વાળા વિસ્તાર માં આવેલ આકાર ઈનોવેશન પ્રાઈવેટ લિમિટેડ કંપની અચાનક આગ લાગતા અફરાતફરી નો મહોલ સર્જાયો. આગ લાગવાનું કારણ જાણી શકાયું નથી. પરંતુ આજ રોજે લાગેલ કંપની મા આગ બુઝાવવા ફાયર વિભાગ દ્વારા ભારે જહેમત કરી આગ ઉપર કાબુ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. કંપની સંચાલકો ની પૂછતા આગ કયા કારણ સર લાગી તે બાબતે કશું કહેવા તૈયાર ના હતા. સદનશીબે કોઈ જાનમાલ નુ થયું ના હતું. પરંતુ કંપની સંચાલકો દ્વારા આગ લાગતા આગ ઉપર કાબુ કરવા પ્રાથમિક તૈયારી ની અભાવ જોવા મળ્યો. આસપાસ ના લોકો પણ હવામાન ને લઈ પ્રભાવિત થયા. કારણ આગ સાથે ધુમાડા ના ગોટેગોટા આકાશ માં જોવા મળ્યા. પ્રદુષણ અધિકારી સાથે ફેક્ટરી ઈન્સ્પેક્ટર આ બાબત ને ગંભીરતા થી લઈ કંપની સંચાલકો ને સલામતી અને સુરક્ષા વ્યવસ્થા ને લઈ તાકીદ કરવાની જરૂર જણાઈ હતી.

### છેલ્લા પાનાનું ચાલુ
#### પઠાણી ઉઘરાણી

ગુજરાતનો બાપ છું તમારે રૂપિયા તો આપવાજ પડશેનહી તોતમને અને તમારા પરિવારને જીવતા નહિ રહેવા દઉં. આ અંગે ગુનો નોંધાયા બાદ પોલીસે આરોપીઓની ધરપકડ કરી હતી.

જ્યુડિશિયલ કસ્ટડીમાં રહેલા ભરત દેસાઈઅને અશોક ખટાણાએ જેલમુક્ત થવા માટે એડવોકેટ જીજ્ઞેશ એન. હિંગુ મારફત કોર્ટ સમક્ષ અરજી કરી હતી. બન્ને પક્ષની દલીલો બાદ એડવોકેટ હિંગુની દલીલો ગ્રાહ્ય રાખી કોર્ટે બન્ને આરોપીઓના શરતી પાસેથી ૫ અને ૧૦ ટકાએ કુલ જામીન મંજુર કરતો હકમ કર્યો હતો.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel "Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
# પ્રતાપ દર્પણ
ગુરૂવાર, તા.૧૭ એપ્રિલ ૨૦૨૫ | E-mail : pratap_darpan@yahoo.co.in | મોબાઈલ : ૯૮૨૫૫ ૩૨૫૦૫


## માજી કોર્પોરેટર પ્રકાશ દેસાઈએ હસમુખ કથીરિયાને ધમકાવી એક લાખ પડાવ્યા હતા

### ચોથા માળના ગેરકાયદે બાંધકામ અંગે હેરાન કરી રૂા.૧ લાખ બળજબરીથી પડાવી લીધા હોવાની વધુ એક ફરિયાદ

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૭**

ઉધના ગામના દેસાઈ ફળીયામાં રહેતા પુર્વ અપક્ષ કોર્પોરેટર પ્રકાશ દેસાઈ ટ્યુશન સંચાલક પાસેથી ખંડણી માંગવાના પ્રકરણમાં જ્યુડીશીયલ કસ્ટડીમાં છે ત્યારે તેણે કરેલી બીજી વખતની જામીન અરજી ગઈકાલે કોર્ટે નામંજુર કરી હતી. દરમિયાન ગઈકાલે સાંજે તેની વિરૂધ્ધ લીઓ ક્લાસીસના સંચાલક જયસુખ કથિરીયા દ્વારા વધુ એક ફરીયાદ ઉધના પોલીસ સ્ટેશનમાં કરવામાં આવી છે. જેમાં પ્રકાશ દેસાઈ સહિત ત્રણ જણા વિરૂધ્ધ ફરીયાદ નોંધાઈ છે.

લીઓ ટ્યુશન ક્લાસના સંચાલક જયસુખ કથીરીયાએ ઉધના પોલીસ મથકે પુર્વ અપક્ષ કોર્પોરેટર પ્રકાશ જસવંતભાઈ દેસાઈ તેના મળતીયા અવધેશ દાઢી તેમજ લાલુ નામના વ્યક્તિએ ઉધના લીઓ ક્લાસીસની ઓફીસમાં જયસુખ કથીરીયાને ક્લાસીસના ચોથા માળના બાંધકામ સંબંધે પાલિકામાં અરજી કરી બાંધકામ તોડાવી નાંખવાની ધમકી આપી હતી. તેમજ બાંધકામ અટકાવી દઈ પ્રકાશ દેસાઈએ ઉશ્કેરાઈને જયસુખ કથીરીયાને ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી બળજબરી પુર્વક રૂ.૧ લાખ કઢાવી લીધા હતા. રૂપીયા પડાવી લીધા બાદ પણ વારંવાર આરટીઆઈ કરીને જયસુખ કથીરીયાને કનડગત કરવામાં આવતા હોય આ મામલે ગઈકાલે પ્રકાશ દેસાઈ આણી મંડળી વિરૂધ્ધ વધુ એક ગુનો ઉધના પોલીસ સ્ટેશનમાં નોંધાયો છે.



સચિન-મગદલ્લા હાઈવે પર ગભેણી અને બુડિયામાં બે ફ્લાય ઓવર બ્રિજનું નિર્માણ કાર્ય સંપન્ન થઈ ગયું છે. હજીરા-ધુલિયા નેશનલ હાઈવે પર ટ્રાફિકજામની સમસ્યાનો હવે અંત આવી જશે. ધારાસભ્ય સંદીપભાઈ દેસાઈની રજુઆતને પગલે સાકાર થયેલા બંને ફ્લાય ઓવર બ્રિજનું આવતીકાલે ૧૮મીએ કેન્દ્રીય જળશક્તિ મંત્રી તથા ગુજરાત ભાજપના પ્રમુખ સી.આર.પાટીલના હસ્તે લોકાર્પણ કરવામાં આવશે. (તસવીર : ફેનિલ ઠક્કર)

**સુરત ડીસ્ટ્રીક્ટ ક્રિકેક એસો.ની ચૂંટણી**

## ફેર મતગણના ત્રણ અરજદારોને ચૂંટણી કમિશનરે સાંભળ્યાં

### રીકાઉન્ટીંગની માંગણી અંગે શુક્રવારે સાંજ સુધીમાં નિર્ણય લેવાશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૭**

સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશન ની ભલે ચૂંટણી અને તેના પરિણામો આવી ગયા હોય પરંતુ હજુ પણ તેનો વિવાદ નું પૂછડું યથાવત રહેવા પામ્યું છે . ફેર મત ગણતરીની માંગ કરનારા સાત અરજદાર તથા ઉમેદવારો , સ્ટેડિયમ પેનલના ૧૮ અને હેમંત કોન્ટ્રાક્ટર પેનલના ત્રણ ને આજે સવારે સામૂહિક રીતે સાંભળવામાં આવ્યા હતા. સ્ટેડિયમ પેંનલના ૧૮ વિજેતા ઉમેદવારોએ રિકાઉન્ટિંગ નહીં કરવા પર અડગ રહ્યા હતા. જ્યારે હેમંત કોન્ટ્રાક્ટરની પેનલના ત્રણ અને અરજદારો એ રીકાઉન્ટિંગ ની માંગણી પર ભારપૂર્વક નીરજૂઆત કરી હતી. એવું વિજેતા ઉમેદવાર યેશા કોન્ટ્રાક્ટરે જણાવ્યું હતું. બંને પક્ષોની રજૂઆતો સાંભળ્યા બાદ શુક્રવારે સાંજ સુધીમાં ઓર્ડર કરવામાં આવશે એવું સુરત ડિસ્ટ્રિક્ટ ક્રિકેટ એસોસિએશનના ચૂંટણી અધિકારી અને એડવોકેટ રમેશચંદ્ર .જી .શાહે જણાવ્યું હતું.

સુત્રો દ્વારા એવું પણ જાણવા મળ્યુ હતું કે ,સ્ટેડિયમ પેનલના ૧૮ અને હેમંત કોન્ટ્રાક્ટર પેનલના ત્રણ ઉમેદવારો જીત્યા હતા. બાકીના ઉમેદવારો માત્ર નજીવા મતોની સરસાઈથી હારી ગયા હતા. નજીવા મતો ની સરસાઈથી હારી ગયેલા ઉમેદવારો એ ચૂંટણી કમિશનરને મળી "રી-કાઉન્ટિંગ" ની માંગણી કરી હતી. રીકાઉન્ટિંગ ની માંગણી કરનાર ના નામ આ પ્રમાણે છે. (૧) યેશા શાહ ઉર્ફે યેસા કોન્ટ્રાક્ટર ( ૨) મયુર ગોળવાલા (૩) જીગ્નેશ કોન્ટ્રાક્ટર (૪) ઋષિત મહેતા (૫) પારસ શાહ (જીવરાજ ચા વાળા) (૬) યશેસ સ્વામી

## વિદેશમાં અભ્યાસ અંગે જય અંબે એબ્રોડ સામે વધુ એક ગુનો દાખલ

### પ્રવિણ ગજેરા, ઔષિત લુખી અને શિતલ લુખીએ રૂા.૧.૨૫ લાખ પડાવી લીધા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૭**

સરથાણા પોલીસ સ્ટેશનમાં રત્નકલાકારની પુત્રીને વિદેશમાં એમબીબીએસનો અભ્યાસ કરવા માટે મોકલવાના બહાને જય અંબે એબ્રોડ પ્રા.લી.એજન્સીના વહીવટ કરતા પ્રવિણ ગજેરા અને મેનેજર ઔષીતકુમાર લુખી અને શિતલ લુખીએ રૂ.૧.૨૫ લાખની છેતરપિંડી કરી હોવાની ફરીયાદ નોંધાઈ છે. અગાઉ પણ આ કંપની દ્વારા એક વિદ્યાર્થી સાથે આ પ્રકારે છેતરપિંડી કરી હોવાનું જાણવા મળે છે.

સરથાણા પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ સાવરકુંડલા અમરેલીના વતની ભરત ખીમજીભાઈ પરમાર ઉ.વ.૪૯ રત્નકલાકારનું કામ કરી પરીવારનું ગુજરાન ચલાવે છે. ગત વર્ષે તેમની પુત્રી ટીમોર દેશના કેટોલીકા ટિમોરેન્સ યુનિવર્સિટીમાં એમબીબીએસના અભ્યાસ માટે જવું હોય જય અંબે એબ્રોડ એજન્સીના વહીવટ કર્તા અને મેનેજર સહિત ત્રણ જણાએ મળી ભરત પરમાર પાસેથી રૂ.૧.૨૫ લાખ મેળવી લીધા હતા. ત્યારબાદ ટીમોરેન્સના કેટોલીકા યુનિવર્સિટીના ખોટા ઓફર લેટર બનાવી ડોક્યુમેન્ટ તૈયાર કરી ભરત પરમારને આપ્યા હતા. છેતરપિંડી થઈ હોવાનો ખ્યાલ આવતા આ મામલે ગત સાંજે સરથાણા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી.

## લારી-ગલ્લા બંધ કરાવતી પોલીસ પર આક્ષેપ સંદર્ભે તપાસ શરૂ

### આઉટર રિંગરોડની ઘટનાનો વીડિયો વાયરલ થતા સારોલી પીઆઈએ તપાસ આદરી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૭**

પુણા-સારોલી આઉટર રિંગરોડ પાસે એક દિવસ પહેલા મોડી રાત્રે પીસીઆર વાન જાહેરનામાં અને રૂટીન મુજબ લારી ગલ્લા બંધ કરાવવા નિકળી હતી તે સમયે લારીવાળાએ ઉશ્કેરાઈને એક વિડીયો રેકોર્ડ કરી પોલીસ ઉપર આક્ષેપ કર્યા હતા. પોલીસ નશામાં હોય અને મફત ખાવાનું માંગતી હોવાનો આક્ષેપ પાયા વિહોણા હોવાનું અને વિડીયો રેકોર્ડ કરનાર લારીચલાવનાર મહિલા હોય આ બાબતે પોલીસ દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવી રહી હોવાનું સારોલી પીઆઈ સંદીપ વકરીયાએ જણાવ્યું હતું.

સારોલી સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર એક દિવસ પહેલા પુણા કેનાલ રોડ પુણા સારોલી જંકશન બીઆરટીએસ રોડથી સારોલી તરફ ઈંડાની લારીઓ મોડી રાત્રે બંધ કરાવવા ગયેલી પોલીસની પીસીઆર વાનના કર્મચારીઓનો વિડીયો ઉતારી વાયરલ કરાયો હતો. આ વિડીયોમાં કરાયેલા આક્ષેપ ખોટા હોવાનું સારોલી પોલીસે જણાવ્યું છે. અગાઉ આજ જગ્યા ઉપર ઈંડાની લારી ચલાવતી એક મહિલા અને અન્ય એક લારી ચલાવનારે પોલીસ સાથે માથાકુટ કરી હતી જે-તે સમયે ગુનો પણ નોંધાયો હોવાનું જાણવા મળ્યું છે.




ખ્રિસ્તી સમુદાય દ્વારા આવતીકાલે ગુડ ફ્રાયડેની ઉજવણી કરવામાં આવશે. ગુડ ફ્રાયડે નિમિતે નાનપુરા સ્થિત ગિરજા ઘરમાં સમૂહ પ્રાર્થના સહિતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાશે. ગુડ ફ્રાયડેની ઉજવણી સંદર્ભે ચર્ચમાં સાફ-સફાઈ હાથ ધરવામાં આવી હતી. (તસવીર : હનીફ મલેક)

## પઠાણી ઉઘરાણીના કેસમાં બે આરોપીઓના જામીન મંજૂર

### વ્યાજની ઉઘરાણી માટે પરિવારને આરોપીઓએ ધમકી આપી હતી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા. ૧૭**

મોટાવરાછામાં સાડીના જોબવર્કનું કામ કરતા આધેડે વ્યાજે લીધેલારૂ. ૨૧.૫૦લાખસામે ૨૩ લાખ ચૂક્ચવ્યા હોવાછતાં વધુ ૧.૫૦ કરોડની પઠાણી ઉઘરાણી કરી પરિવારને જાનથી મારવાની ધમકી આપવાના ગુનામાં સંડોવાયેલા બે આરોપીઓની જામીન અરજી સુરત કોર્ટે મંજુર કરી હતી.

મોટાવરાછા ખાતે રહેતા અને સાડીના જોબવર્કનું કામ કરતા કિશોરભાઈ ગોટીએ આરોપી ભરત માધાભાઈ દેસાઈ (રહે. વ્હાઈટ કરીહતી. હાઉસ રેસિડેન્સી, ઉત્રાણ) અને અશોક તેજાભાઈ ખટાણા (રહે. સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, કાપોદ્રા) વિરુદ્ધ ઉત્રાણ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ કિશોરે વર્ષ ૨૦૨૧માં હિરાના ધંધામાં નુકશાન થતા ભરત અને અશોક પાસેથી ૫ અને ૧૦ ટકાએ કુલ ૨૧.૫૦ લાખ રૂપિયા વ્યાજે લીધા હતા. જેની સિક્યુરિટી પેટે મિલકત લખી આપવા સાથે ચાર કોરા ચેકો આપ્યા હતા. બાદ કિશોરે ટુકડે ટુકડે ૨૩ લાખ જેટલી રકમ ચૂકવી દીધી હતી. તેમછતાં આરોપીઓ કિશોરને ફોન કરી ધમકાવતા હતા કે, તારેહજુ દોઢ કરોડ આપવાના છે. હૈં

અનુસંધાન પાના ૭ પર

## ગોવિંદનગરના કારખાનામાં શોર્ટ સર્કિટથી આગ લાગી

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૭**

લિંબાયત ગોવિંદ નગર ખાતે આવેલ એક ઈન્ડસ્ટ્રીઝ ના પ્લોટ નંબર ૪૫ માં શોર્ટ સર્કિટ થઈ હોવાનો બનાવ ફાયર બ્રિગેડના ચોપડે નોંધાયો હતો.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર આજે સવારે ૯:૧૫ વાગ્યાના અરસામાં ગોવિંદ નગર ઈન્ડસ્ટ્રીઝ માં ૪૫ નંબરનો પ્લોટ આવેલો છે. જેમાં કોઈક કારણોસર શોર્ટ સર્કિટ થતા આગ લાગી હતી. આગ ના બનાવવાની જાણ ફાયર બ્રિગેડ કંટ્રોલ રૂમને કરવામાં આવતા ડુંભાલ ફાયર સ્ટેશનના ફાયર ઓફિસર અને ફાયર જવાનોને ઘટના સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા જ્યાં તેઓએ પાણીનો મારો ચલાવીને મીટર પેટીમાં લાગેલી આગને બુજાવી નાખી હતી. આગમાં મીટર પેટી અને વાયરીંગ બળીને રાખ થઈ ગયું હતું.

## વાલક તાપી નદી તટ પરથી અજાણ્યાનો મૃતદેહ મળ્યો

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૭**

વાલક પાટીયા પાસે થી આજે સવારે અજાણ્યાનો મૃતદેહ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી.

ફાયર બ્રિગેડ સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે સવારે ૯:૦૦ વાગ્યાના અરસામાં વાલક પાટીયા , તાપી નદીના કિનારા પાસેથી અજાણ્યા યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. બનાવની જાણ ફાયર બ્રિગેડ કન્ટ્રોલ રૂમને કરવામાં આવતા મોટા વરાછા ફાયર બ્રિગેડ ના ફાયર ઓફિસર ધીરુભાઈ ને ઘટના સ્થળે મોકલી આપવામાં આવ્યા હતા. જ્યાં તેઓએ અજાણ્યા ઈસમ ના મૃતદેહ નો કબજો લસકાણા પોલીસ ને સુપ્રત કરવામાં આવ્યો હતો. અજાણા ઈસમની ઓળખ માટે પોલીસે આસપાસના લોકોના નિવેદનો નોંધવાના ચક્રો ગતિમાન કર્યા હોવાનું પણ ફાયર બ્રિગેડ એ જણાવ્યું હતું.


AC GERMAN HANGER HALLS | 250+ EXHIBITORS | 15000+ Visitors

Industrial EXPO Ankleshwar - 2025

15TH ANKLESHWAR INDUSTRIAL EXPO

17-19 APRIL | GIDC ANKLESHWAR

SUPPORTED BY: iNDEXTb, MSME, GIDC, FIA, SGCCI, VAPI INDUSTRIES ASSOCIATION, PANOLI INDUSTRIES ASSOCIATION

CERTIFIED BY: IEIA Indian Exhibition Industry Association

WE SUPPORT

JOINTLY ORGANISED BY: AD'S PAGES PVT. LTD., ANKLESHWAR INDUSTRIES ASSOCIATION

17, 18, 19 APRIL 2025 10:00 AM - 06:00 PM

NEAR YOGI ESTATE GIDC, ANKLESHWAR GUJARAT

www.industrialexpo.info | +91 9313516025 | sales1@industrialexpo.info


## ચેક રિટર્ન કેસમાં મુંબઈની મહિલાને એક વર્ષની સજા

### ધ્રુતી ગીનીવાલાએ વરાછાના રજની પટેલ પાસેથી ૭ લાખ ઉછીના લીધા હતા

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૭**

આ કેસની વિગત અનુસાર રજનીભાઈ પરષોત્તમભાઈ પટેલ વરાછા લંબે હનુમાન રોડ આંબાવાડી ખાતે સરગમ પેલેસમાં રહે છે અને કેકર્સના વ્યવસાય સાથે સંકળાયેલા છે. દરમિયાન સને ૨૦૧૯માં મુંબઈ માટુંગા વેસ્ટ ખાતે એસ.બી.રોડ ખાતે રહેતા અને બંગડીનો સ્ટોર ચલાવતા ધ્રુતી ધનંજય ગિનીવાલાના સંપર્કમાં આવ્યા હતા. મિત્રતાના નાતે ધ્રુતી ગિનીવાલાને રૂપીયાની જરૂરીયાત ઉભી થતા રજનીભાઈ પાસેથી ૭ લાખ રૂપીયા હાથ ઉછીના લીધા હતા. ત્યારબાદ પેમેન્ટ પરત આપવા માટે આપેલા ચેક રિટર્ન થતા આ મામલે રજનીભાઈ પટેલે એડવોકે યોગેશ કે.જોગાણી મારફતે કોર્ટમાં ચેક રિટર્નનો કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા એડવોકેટ યોગેશ કે.જોગાણીએ ફરીયાદી તરફે હાજર રહી ચેક રિટર્નના પુરાવા રજુ કરી દલીલો કરી હતી. કોર્ટે ધ્રુતી ગિનીવાલાને ૧ વર્ષની સજા અને ૧૪ લાખ રૂપીયા ફરીયાદીને ચુકવી દેવા હુકમ કર્યો હતો.

## આવતી કાલથી તાપમાનમાં બે-ત્રણ ડિગ્રીનો ઘટાડો થશે

### ત્રણ દિવસ બળબળતા ઉનાળામાં થોડી રાહત મળશે

**(પ્રતાપ પ્રતિનિધિ), સુરત,તા.૧૭**

હવામાન ખાતા દ્વારા આવતીકાલ તા.૧૮ એપ્રિલથી ત્રણ દિવસ સુધી શહેરનું મહત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી ઘટશે તેવી આગાહી કરવામાં આવી છે. જોકે ૧૭ એપ્રિલ સુધી હવામાન વિભાગે હીટવેવ કન્ડીશનની અસર રહેશે તેવી પણ આગાહી કરી હતી જોકે તાપમાનનો પારો ૩૮ ડિગ્રી સુધી જ રહ્યો હતો. તાપમાન મધ્યમ રહેતા શહેરીજનોએ રાહતનો શ્વાસ લીધો હતો. બપોરે ૨ થી ૪ વાગ્યા દરમિયાન ચામડી દઝાડતી ગરમી પડી રહી છે.

હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં ૧૭મી એપ્રિલ સુધી હીટ વેવની આગાહી કરવામાં આવી હતી. તો બીજી તરફ ૧૮ એપ્રિલથી ૨૦ એપ્રિલ સુધીમાં સુરત સહિત ગુજરાતમાં મહત્તમ તાપમાન ૨ થી ૩ ડિગ્રી ઘટવાની પણ શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. બે દિવસથી શહેરનું મહત્તમ તાપમાન ૩૭-૩૮ સેલ્સિયસ ડિગ્રી નોંધાઈ રહ્યું છે.સવારના સમયે નોંધાતા ન્યુનત્તમ તાપમાનમાં પણ બે ડિગ્રીનો વધારો થયો છે જોકે ગરમથી કોઈ રાહત રહી નથી. હવામાં ભેજનું પ્રમાણ આજે સવારે ૮૧ ટકા નોંધાયું હતું. પરિણામે બફારાનો સામનો કરવો પડ્યો હતો. સવારનું ન્યુનત્તમ તાપમાન ૨૬.૮ સેલ્સિયસ ડિગ્રી નોંધાયું હતું.

ઉલ્લેખનીય છે કે, વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે અમુક રાજ્યોમાં ગરમીની સિઝનમાં પણ વરસાદી માહોલ છે. તો ઉત્તર પૂર્વિય રાજ્યોમાં બરફવર્ષા પણ અમુક જગ્યાએ થઈ રહી છે.